Chap-6.

પ્રકરણ – ૬ :

## ત ત્ત્વ જ્ઞ વા ડી લા લ

"તત્ત્વજ્ઞાન એ કોઇ ખાલી વરાળ નથી, કલ્પિત ચીજ નથી, જીવનનું – પ્રેકટીકલ લાઇફનું વાંચન (reading of Life) એ જ "તત્વજ્ઞાન" છે. મનુષ્યપ્રાણીનો ઇતિહાસ અને મનુષ્ય હ્દયની કેમિસ્ટ્રી અને મીકેનીકસ એ જ "તત્ત્વજ્ઞાન" છે". ......" તત્ત્વજ્ઞાન એ જીવનનું "શાસ્ત્ર" છે ! અને "જીવન"નો પ્રેમી તો "વહેમ" માંથી ય શકિત મેળવે અને શકિતમાં ય અજ્ઞાન જોઇ શકે ! એ "કશા" થી "અભડાય" જ નહિ તમામ વાતોને એના "દાંત" ફકત દાળ રોટલો ચાવવાને જ બનેલા છે એમ કાંઇ નથી !"[1]

તત્ત્વજ્ઞાનને "જીવનનું શાસ્ત્ર" માનનારા વા.મો.શાહે એમના સઘળાં તાત્ત્વિક લખાણોમાં માનવજીવનને કેન્દ્રસ્થાને રાખીને જ તત્ત્વજ્ઞાનનું રહસ્ય સ્ફુટ કરવાનો પ્રયત્ન કર્યો છે. "તત્ત્વજ્ઞાન"ને કોઇ બંધન કે મર્યાદા નથી." એ કશાથી અભડાય નહિ" એમ કહી "તત્ત્વજ્ઞાન" ના અતિગહન અને સહેલાઇથી ન સમજાય એવા વિષયને કોઇ ધર્મ, સંપ્રદાય કે વાડાવાડીમાં જકડાઇ રહેવાની જરૂર નથી એવો નિર્દેશ કર્યો છે. એમના મત અનુસાર સાચું તત્ત્વજ્ઞાન એ જ છે કે જેને માટે કોઇપણ ધર્મ, વિષય કે વ્યકિત અછૂત કે અસ્પૃશ્ય નથી.

---

૧. "મૂંઝાઇ પડેલી દુનિયા": "મુંબઇ સમાચાર" માટે ખાસ લખાયેલો લેખ : તા.૩-૮-૧૯૨૫.

"તત્ત્વજ્ઞાન" શબ્દ સાંભળતાં સૌથી પ્રથમ આપણી નજર સમક્ષ વેદાંત અને ઉપનિષદ્‌નાં તત્ત્વજ્ઞાનનો જ વિચાર સ્વાભાવિક રીતે ખડો થાય છે. વાડીલાલનું તત્ત્વજ્ઞાન વેદાંત, જૈનધર્મશાસ્ત્રો, હિંદુ ધર્મશાસ્ત્રો અને પાશ્ચાત્ય ફિલસૂફોના રંગે રંગાયેલું હોવા છતાં તત્ત્વજ્ઞ તરીકેની વાડીલાલની એક આગવી વિશિષ્ટ પ્રતિભા ઊભી કરે છે, એ પ્રતિભા કયા પ્રકારની છે તે અવલોકતાં પહેલાં વા.મો.શાહે આપેલી તત્ત્વજ્ઞની વ્યાખ્યા નોંધવી ઉચિત ગણાશે. તેઓ કહે છે કે –

"A philosopher is a man who constantly tries, sees, suspects, hopes, dreams of extraordinary things; who is struck by his own thoughts as if they came from without.They are the highest philosophers who are capable of Golden laughter."[2]

વાડીલાલે તારવેલા તત્ત્વજ્ઞનાં આ લક્ષણો એમનામાં કેટલે અંશે સમાયાં છે તે એમનાં તત્ત્વજ્ઞાનમય લખાણો અને તત્ત્વગ્રંથો તપાસતાં પ્રતીત થાય છે.

જૈન ધર્મગુરુઓ, શાસ્ત્રો, વાંચવાની મનાઇ કરતા હોવા છતાં વાડીલાલે જૈનશાસ્ત્રોનો અભ્યાસ તો બાળપણથી જ કરવા માંડયો હતો. પિતા મોતીલાલના સંસ્કાર અને બુધ્ધિશકિત એમને વારસામાં મળ્યાં હતાં. સમય જતાં વેદાંત અને હિન્દુધર્મશાસ્ત્રો પણ એમણે વાંચ્યાં હતાં. ઉપરાંત સને ૧૯૧૫ પછી તો જર્મન ફિલસૂફ નિત્શે, શોપનહોર અને મેક્ષ-સ્ટર્નરનાં લખાણોથી એમની વિચારસૃષ્ટિનું ઘડતર થયું હતું.

---

૨ : 'જૈનપ્રકાશ' : ૧૯૨૭ : તા.૨૧ ઓગસ્ટ : પૃ.૩૫૧

નિત્શે તો એમનો આરાધ્યલેખક બની ગયો હતો અને તેથી જ નિત્શેના ખુમારીભર્યા વ્યક્તિત્વનો પાસ વા.મો.શાહના વ્યક્તિત્વને પણ લાગ્યો હતો.

ગુજરાતી સાહિત્યમાં નિત્શેની "સુપરમેન (superman)' ની ફિલસૂફી ઊંડાણથી વ્યવસ્થિત રીતે સમજાવનાર તરીકે ઐતિહાસિક દૃષ્ટિએ શ્રી કનૈયાલાલ મુનશી પહેલાં વા.મો.શાહને પ્રથમ સ્થાન અપાવું જોઇએ એમ કહેવામાં કશું અનુચિત ગણાશે નહિ. નિત્શેના "સુપરમેન"ની કલ્પના એમણે "નરરાક્ષસ" તરીકે નહિ પણ "મહા-વીર", "શ્રેષ્ઠ પુરુષ" તરીકે કરી છે જે એમના "મહાવીર કહેતા હવા" અને "મહાવીર – સુપરમેન" ના વાચન અને મનનથી સમજાય છે. એ પાશ્ચાત્ય ફિલસૂફોના લખાણોના વાચન બાદ જીવન તરફની એમની દૃષ્ટિનો વ્યાપ વધ્યો હતો અને જીવનનાં રહસ્યોનું નવીન અર્થઘટન કરવાની પ્રેરણા મળી હતી.

વાર્તા, નિબંધ, વિવેચન વગેરેનો વાડીલાલે આપેલો વિપુલ સાહિત્યવારસો અમૂલ્ય છે તેમ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે એમણે કરેલું ખેડાણ અને પ્રાપ્ત કરેલી સિધ્ધિ, સાહિત્યચિંતકોની ગણનામાં એમને મહત્ત્વનું સ્થાન અપાવે છે. ધર્મસુધારણા, સમાજસુધારણા, કેળવણી, રાજકારણ અને સાહિત્ય દ્વારા માનવજીવન સમગ્રને આવરી લેતું અને આદર્શવિચારોને મૂર્ત રૂપ આપતું એમનું તત્ત્વજ્ઞાન એમની ઉત્તરાવસ્થામાં લખાયેલાં પુસ્તકો-માં દૃષ્ટિએ પડે છે. એ ગ્રંથોમાં એમના જિંદગીપર્યંતના અનુભવોનો નિચોડ સભર ભર્યો છે. વિશાળ વાંચન, મનન, અવલોકન, પરિશીલન, પૃથક્કરણ અને બહોળા અનુભવથી રસેલાં એમનાં તાત્ત્વિક લખાણો વાચકને

જીવનનું પાથેય બંધાવે છે. Art for Art's sake ના નહિ પણ Art for Life's sake ના જ તેઓ ઉપાસક અને પુરસ્કર્તા રહ્યા છે. કોઇપણ વિષયને સ્પર્શતા એમના લખાણના વાંચન બાદ એક તારણ પર જરૂર આવી શકાય કે વાડીલાલ સૌથી પહેલા સુધારક છે અને બાકીનાં એમનાં સઘળાં કાર્યો સુધારકવૃત્તિની આજુબાજુ ગૂંથાયાં છે. તત્કાલીન ધર્મ અને સમાજમાં પ્રવર્તી રહેલાં અનેકવિધ દૂષણોથી સમાજને વાકેફ બનાવી અવળે માર્ગે ચઢેલી જનતાને સાચો રાહ ચીંધવાના ધ્યેયથી જ એમણે પત્રકારજીવન અંગીકાર કર્યું હતું અને "જીવન ખાતર કલા" ને અપનાવી હતી. એ ચર્ચા "પત્રકાર વાડીલાલ" અને "સુધારક વાડીલાલ" ના પ્રકરણમાં યથોચિત સ્થળે આવેલી હોવાથી અહીં પુનરુક્તિ ટાળી છે. શરૂઆતમાં જૈનસમાજમાં અને ત્યારબાદ સમગ્ર માનવસમાજમાં ચેતના પ્રસરાવી, અભ્યુદય જગાડવાની એમની અદમ્ય મહેચ્છાએ જ એમને અનેક કષ્ટ સહન કરવાની શક્તિ અને સામર્થ્ય બક્ષ્યાં હતાં.

તત્ત્વજ્ઞાનના ગહન વિષયોને સમાજજીવનમાં ઓતપ્રોત બનાવી વાડીલાલે એટલી સાહજિકતાથી રજૂ કર્યા છે કે એ તાત્ત્વિક સિધ્ધાંતોની શુષ્કતા આપોઆપ એમાં ઓગળી ગઇ છે. એમના "મસ્તવિલાસ", "જૈનદીક્ષા" અને "મહાવીર કહેતા હવા" એ ત્રણે ગ્રંથો સદરહુ ઉક્તિને સમર્થન આપે છે. "મસ્તવિલાસ"માં જીવનનાં સનાતનમૂલ્યોને રૂપકગ્રંથિ (allegory) અને બોધાત્મક લઘુદૃષ્ટાંતકથાઓ (Parable) થી સજાવી વાર્તાઓ સાથે સાંકળી લીધાં છે તેથી વાર્તા અને તત્ત્વજ્ઞાન બંનેને પૃથક્ રીતે આલેખવાનું કાર્ય દુષ્કર છે. બોધકથાઓ સાથે તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોને ગૂંથવાની કળામાં સમગ્રતયા જોતાં એક સિધ્ધહસ્ત ચિંતક તરીકેની એમની લાક્ષણિકતા નજરે પડે છે.

વાડીલાલની તત્ત્વચર્ચા એટલે અંતઃકરણની પર્યેષણા. "મસ્ત--વિલાસ"માં એમણે આત્મતત્ત્વ વિચાર, જીવ-શિવ વિચાર, પાપ-પુણ્ય વિચાર, જગત્ અને સંસાર તત્ત્વનો વિચાર, મન વિચાર, સુખદુઃખ વિચાર, મુક્તિ-મોક્ષ વિચાર, "હું"નું સ્વરૂપ, પ્રમણાતીતનો સ્વરૂપ વિચાર, "યોગ" નો વિચાર, રામની કથાનું અર્થઘટન, "ॐ" ની વિચારણા વગેરે અનેક વિષયોને આવરી લઇ બોધકથાઓના વાઘા પહેરાવી સરળતાથી અને હળવાશથી રજૂ કર્યા છે. વા.મો.શાહના તત્ત્વચિંતનનું કેન્દ્ર "સત્ત્વ સંશુધ્ધિ" છે એમ "મસ્તવિલાસ"ની કથાઓમાં-થી પ્રતીત થાય છે એમાં રજૂઆત પામેલા સાગરસમા ઊંડા તત્ત્વજ્ઞાનની ગહનતાનો ભાર વાચકને મોટાભાગની વાર્તાઓમાં વર્તાતો નથી. એ કથાઓના પાત્રોમાં આદર્શ અને નીતિને માટે ફના થવાની, સ્વેચ્છાએ બલિદાન આપવાની તૈયારી સ્પષ્ટ જણાઇ આવે છે. વાડીલાલના નિર્ભય સત્ય, નિષ્કલંક ચારિત્ર્ય, અમર્યાદિત પ્રેમ અને શુધ્ધ જીવનની ઝાંખી આપણને એમની પાત્રસૃષ્ટિમાં થાય છે. એમનો જ નિર્ભય, સ્વમાની, હઠીલો અને સત્યાગ્રહી સ્વભાવ સદરહુ ગ્રંથના દરેક પાત્રોમાં પ્રતિ-બિંબિત થયો છે. કેટલીક કથાઓમાં તત્ત્વજ્ઞાન અને વ્યવહારનો સુંદર સુભગ સમન્વય અસરકારકરીતે અનોખી વા.મો.શાહ શૈલીમાં થયેલો જણાય છે તો કેટલીક કથાઓમાં વાર્તાતત્ત્વ પ્રાધાન્ય પામતું જણાય છે અને વળી કેટલીક કથાઓમાં માત્ર તત્ત્વજ્ઞાન મહત્ત્વ પામ્યું છે. દરેક કથાનું અન્વીક્ષણ કરતાં વાચકને આ વાતની પ્રતીતિ થાય છે.

"જૈનદીક્ષા" માં "જનતા" માંથી "જૈન" બનવાની સંપ્રદાય નિરપેક્ષ સાધનપ્રક્રિયાનો વા.મો.શાહે સંદેશો પાઠવ્યો છે. "પ્રેરિત-ગતિ" વાળા માનવજીવનનું "ગતિ" અને "પ્રગતિ" ના જીવનમાં રૂપાંતર

કરવાનો માર્ગ ચીંધી એક પંથપ્રવર્તક તત્ત્વજ્ઞ તરીકેનું કાર્ય વાડીલાલે સદરહુ ગ્રંથમા સ્વીકાર્યું છે. "સ્વ સ્વરૂપપ્રાપ્તિ"ની સાધનપ્રક્રિયાનું સચોટ અને હૃદયસ્પર્શી છતાં કયારેક ચાબખા ચોપડાવતું તો કયારેક ઉષ્મા અર્પતું,"જૈનદીક્ષા" નું તત્ત્વજ્ઞાન નોંધપાત્ર છે. જૈનધર્મના પારિભાષિક શબ્દોના નવીન અર્થ દર્શાવી પરંપરિત જૈનધર્મને "નવાચક્ષુ"થી જોવાનો અપૂર્વ પુરુષાર્થ વાડીલાલે સેવ્યો છે. આ ગ્રંથમાં વાડીલાલ "દ્રષ્ટા" તરીકેનો પાઠ ભજવે છે. મિ.શા અને મિ.પાતક વચ્ચેની જૈનધર્મને કેન્દ્રસ્થાને રાખી થયેલી તાત્ત્વિકચર્ચાના તેઓ માત્ર મૂક-સાક્ષી છે. "જૈન" શબ્દના વાડીલાલે ઘટાવેલા સૂક્ષ્મ તાત્ત્વિકઅર્થ એમની બહુમુખી પ્રતિભાનાં દર્શન કરાવે છે. એમના ચિંતનમાં અનુભૂતિનો રણકો છે. એમની અભિવ્યક્તિમાં ઊઠતા કટાક્ષના ઉગ્રતાના અને અજંપાના સૂરો એમની વિચારણાને હૃદયસ્પર્શી બનાવે છે. વ્યક્તિ, ધર્મ કે સમાજજીવનની નિષ્પ્રાણતા વિશેની એમની સચિંતતા આ ગ્રંથમાં શબ્દે શબ્દે પ્રતીત થયા વિના રહેતી નથી. સદરહુ પુસ્તકના મુખપૃષ્ઠ પર રજૂ થયેલા સૂત્રને અવલોકતાં સમગ્ર ગ્રંથનો તત્ત્વાર્થ ધ્વનિત થતો લાગે છે. તે સૂત્ર નીચે પ્રમાણે છે.-

"Science knows no mercy when she has to investigate into affairs of men or nature."

વિજ્ઞાન નિષ્ઠુર છે. સત્ય પણ એના જેટલું જ નિષ્ઠુર છે. વિજ્ઞાન અને સત્યમાં દયા નથી એમ કહેવા કરતાં એમને દયા રાખવાની જરૂર નથી એમ કહેવામાં વધુ ઔચિત્ય સમાયેલું છે. વાડીલાલ સત્ય જેટલા જ નિષ્ઠુર અને ન્યાય જેટલા મક્કમ હતા. આ કથન પાછળ રખે કોઇને અતિશયોક્તિ લાગે, કારણકે એમણે પોતાના સિધ્ધાંતોમાં કદીયે

રજમાત્ર છૂટછાટ મૂકી નથી, કોઇની ક્ષમા યાચી નથી અને એક તસુ જેટલી પણ પીછેહઠ કરી નથી. એમના એ મક્કમ સિદ્ધાંતોનું પ્રતિપાદન "જૈનદીક્ષા"માં કરવામાં આવ્યું છે, અને એટલે જ આ ગ્રંથને એમણે 'Science of Glorious Life' તરીકે ઓળખાવ્યો છે.

આપણા દેશને કૃષ્ણ જેવી કોઇ મહાશક્તિની ખાસ જરૂર હતી એમ વાડીલાલને હંમેશ લાગતું. એવી મહાશક્તિના નેતૃત્વ વગર દેશની ઉન્નતિ શક્ય નહોતી માટે એ વ્યક્તિ કેવી હોવી જોઇએ અને એને જન્માવવા સમાજમાં કેવી યોગ્યતા હોવી જોઇએ, એ દર્શાવવાનું કાર્ય "મહાવીર કહેતા હવા" ગ્રંથમાં એમણે બજાવ્યું છે. મહાશક્તિના ગુણોનો નિર્દેશ કરતાં એમણે નોંધ્યું છે કે -

"કોઇ એક અસાધારણ યોગી સિવાય હિંદને આજે કોઇ તારી કે દોરવી શકે નહિ. વાદો અને સિદ્ધાંતોથી પર પહોંચેલો, શાન્ત પણ વજ્રમય ઇચ્છાશક્તિવાળો, જડના તેમજ ચેતનના ભેદ અને ઇતિહાસમાં પારંગત, સો વર્ષનું કામ એક દિવસમાં કરી શકે એવો, જનસમૂહને કાન પકડીને દોરવી શકે અને છતાં જનસમૂહથી પૂજાય એવો અસાધારણ યોગી આજનું હિંદ માગે છે."[3] આવા એક જ યોગીને સમાજમાં જન્મેલો જોવાની વાડીલાલને ઉત્કટ અભિલાષા હતી. એવા શક્તિશાળી વ્યક્તિત્વ [સુપરમેન] નું વિચારઘડતર કરવાનું વાડીલાલના જીવન અને સાહિત્યનું લક્ષ્ય હતું. લેખન એ એમનો મુખ્ય વ્યવસાય હતો પણ અર્થોપાર્જન માટે એમણે કદી લેખનકાર્ય સ્વીકાર્યું નહોતું. એમનાં દરેક તાત્ત્વિક લખાણો અને ગ્રંથોમાં, એમના વિશુધ્ધ ઉદ્દેશને કારણે આજે પણ જીવંતસ્પર્શ અનુભવાય છે.

---

3. "જૈ. હિ": ૧૯૨૦- જૂન: પૃ. ૨૩૯.

"મસ્તવિલાસ", "જૈનદીક્ષા", અને "મહાવીર કહેતા હવા" ના તાત્ત્વિક ગ્રંથોમાં તત્ત્વજ્ઞાનનો ભાર વર્તાતો નથી અને તત્ત્વજ્ઞાન ગૂંગળાઇ જતું હોય એમ પણ લાગતું નથી એ વા. મો. શાહશૈલીની વિશેષ લાક્ષણિકતા છે. કથિત ત્રણે ગ્રંથોમાં વાડીલાલની નિરુપણરીતિ સાતત્યપૂર્ણ રીતે વિલસી રહેલી જણાય છે.

"પૉલિટિકલ ગીતા" એ વા. મો. શાહનો રાજકીય-તત્ત્વજ્ઞાન સ્ફુટ કરતો અમૂલ્ય ગ્રંથ છે. તત્કાલીન રાજકીય પરિસ્થિતિને કેન્દ્રસ્થાને રાખી રાજકારણના તત્ત્વજ્ઞાનને પોતાના વાંચન અને અનુભવની ખાણમાંથી એમણે ઉપસાવ્યું છે. તે સમયના રાજકીય વિચારકો અને તત્ત્વજ્ઞોનાં દૃષ્ટિબિંદુઓ રજૂ કરી પોતાના આગવા અર્થઘટનને બહેલાવવાનો પ્રયત્ન એમાં એમણે કર્યો છે.

"The history of all hitherto existing society is the history of class struggles."[4]

એ કાર્લ માર્ક્સના સુપ્રસિદ્ધ સિદ્ધાંતની ચર્ચા વાડીલાલે આ ગ્રંથની પ્રસ્તાવનામાં કરી છે. માનવજાતના અત્યારસુધીના અસ્તિત્વનો ઇતિહાસ એ સત્તા અને સર્વોપરિતા મેળવવા માટે થતા જુદા જુદા દેશો વચ્ચેના સતત સંઘર્ષનો ઇતિહાસ છે એ સમજાવતાં "પૉલિટિકલ ગીતા" ગ્રંથનો આરંભ કર્યો છે. હવે પછી અનુક્રમે રજૂ કરવામાં આવતા વા. મો. શાહના ગ્રંથોના અભ્યાસમાં "પૉલિટિકલ ગીતા"ને મૂલવવાનું યોગ્ય ધાર્યું છે.

---

૪. Karl Marx and F. Engels : "Menifesto of the Communist Party": Page,46.

"નગ્નસત્ય" ના તત્ત્વજ્ઞાનમય મણકાઓમાં સંગ્રહાયેલું શૉપનહૉર અને નિત્શેનું અનુક્રમે Being અને Becoming નું તત્ત્વજ્ઞાન સવિગત તપાસતાં આસ્વાદ્ય બને છે. આ સઘળા ગ્રંથો "મસ્તવિલાસ", "જૈન-દીક્ષા", "મહાવીર કહેતા હવા", "નગ્નસત્ય", "પૉલિટિકલ ગીતા" ને કાલાનુક્રમ પ્રમાણે ન મૂલવતાં એમની મહત્તા અને મૂલ્યવત્તાની દૃષ્ટિએ ઉપર્યુક્ત ક્રમમાં મૂલવવાનું ઉચિત માન્યું છે. "એક", "આર્યધર્મ" અને "પ્રગતિના પાદચિહ્નો અથવા અનુભવના ઓડકાર" વગેરે ગ્રંથો વિશે "ગદ્યકારવાડીલાલ"ના પ્રકરણમાં યથાર્થોચ્ચરીતે સમજાવ્યું હોવાથી અહીં પુનરુક્તિ ટાળી છે.

## "મસ્ત વિલાસ"

સદરહુ ગ્રંથની કથાઓનું અન્વેષણ રજૂ કરતાં પહેલાં "મસ્ત" શબ્દની વ્યુત્પત્તિ વા.મો.શાહના શબ્દોમાં જ જોઈએ –

"મસ્ત શબ્દ મસ્ ધાતુ પરથી નીકળ્યો છે. મસ્ એટલે ૧. માપવું અથવા જોખવું; ૨. આકાર અથવા રૂપ બદલવું. કોષ "મસ્ત" શબ્દને નાન્યતર જાતિનો અને "મસ્તક" એવા અર્થવાળો બતાવે છે." "મસ્ત" શબ્દનો વિશેષાર્થ તારવતાં તેઓ કહે છે કે –

"સ્થૂલ અને સૂક્ષ્મ ચીજમાત્ર જેના વડે જોખાય છે કે મપાય છે તે "મસ્ત", "આત્મા", "બ્રહ્મ". જે તમામ ચીજોને "કિંમત" આપે છે તે valuator ". આ જ શબ્દનો ફલિતાર્થ સૂચવતાં વાડીલાલે નોંધ્યું છે કે –

"ઝૂંપડું અને મહેલ, સજ્જન અને દુર્જન, નીતિપ્રેરિતકાર્ય અને અનીતિપ્રેરિતકાર્ય, શક્તિપ્રેરિત કાર્ય અને દૌર્બલ્યપ્રેરિત કાર્ય, તર્ક અને કુતર્ક, ઊંચી ભાવના અને હલકી ભાવના, રુચિ અને અરુચિ,

ક્રોધ અને સહિષ્ણુતા, ઔદાર્ય અને સંકુચિતતા, ક્રિયાતત્પરતા અને અક્રિયતા, સ્નેહ અને તિરસ્કાર, યોગ અને અયોગ, Synthesis અને analysis, ગ્રહણ અને ત્યાગ, સુખ અને દુઃખ, એ સર્વનું માપ કાઢી સર્વપર "કિંમત"નો આંક મૂકનાર, એ સર્વની સમીપમાં રહી કિંમત આંકતો દેખાવા છતાં જે એ સર્વ કે જેની કિંમત આંકી શકાય તે સર્વથી દૂર ને દૂર જ રહે છે અને પોતે કિંમત આંકનાર છે એવો ખ્યાલ પણ જેને નથી હોતો – એવો ખ્યાલ પણ પોતાને ક્રિયામાં મૂકે છે તેટલાજ સમયને માટે હોય છે – તેવો आत्मा , કે જે દ્રવ્યના, ક્ષેત્રના, કાળના, ભાવના રાજ્યની "ઉપર" વસે છે અને તે છતાં એ સર્વ રાજ્યોમાં સ્ફુરાયમાન થાય છે – વિલસે છે."

"વિલાસ" શબ્દની વ્યુત્પત્તિ પણ વાડીલાલના જ શબ્દોમાં જોવી વધુ યોગ્ય ગણાશે.

"વિલાસ" શબ્દ, [વિ = [વિશેષે કરીને] અને लस् = [દેખાવું, પ્રગટવું, પ્રકાશમાં આવવું, પ્રકાશવું, પ્રકાશિત કરવું કે શોભાવવું, ભેટવું, ખેલવું, રમવું, નાચવું, નચાવવું, કલા કરવી] એ ઉપરથી થયો છે. સંસ્કૃત કોષમાં "વિલાસ" શબ્દ પુલ્લિંગ છે અને તેના અર્થો આ પ્રમાણે આપ્યા છે. "રમત, ખેલ, આનંદ, પ્રેમની હેલિ, સૌંદર્ય, પ્રકાશ,........ "મસ્ત"નું "જીવવું" – "વ્યવહરવું" – સ્થૂલ તથા સૂક્ષ્મ ભૂમિ પર ક્રિયા – પ્રતિક્રિયામાં વહન કરવું એ જ વિલાસ.[5] તત્ત્વદૃષ્ટિને વાડીલાલ જીવન અને સમાજની મુખ્ય ચાવી તરીકે ઓળખાવતા હોય એમ લાગે છે.

વા. મો. શાહની દૃષ્ટિએ "મસ્ત"નું જીવન, વ્યવહાર કે કાર્યો

---

૫. એક અપ્રગટ લેખમાંથી.

સ્વયંસ્ફુરિત હોય છે; એના શરીર અને મન શક્તિથી ઊભરાઇ જવાને કારણે ક્રિયાશીલ બને છે તેથી એની કોઇપણ પ્રકારની ક્રિયામાં થાક કે કંટાળો હોતો નથી. ઉપરાંત એની કોઇપણ ક્રિયા કે પ્રવૃત્તિ "જરૂરિયાત"ની પ્રેરણા વગર જ થઇ હોય છે. સઘળી ક્રિયાઓ કરતો હોવા છતાં "મસ્ત" તેનાથી અલિપ્ત રહે છે. એવા "મસ્ત" નું જીવનમાં, વ્યવહારમાં, વિહરવું એ જ એનો "વિલાસ". "મસ્તવિલાસ" ગ્રંથમાં એવા મસ્તોની મસ્તીનું ભિન્ન ભિન્ન કથાઓ દ્વારા એમણે આલેખન કર્યું છે. તત્ત્વજ્ઞાનની વાતોને સામાન્યજન સમજી શકે એવી રીતે રજૂ કરવાના ધ્યેયથી જ વાડીલાલે આ વાર્તાઓની રચના કરી છે. દરેક વાર્તામાં વાર્તાતત્ત્વ અને તત્ત્વજ્ઞાન બંનેને એક સરખું પ્રાધાન્ય મળ્યું છે એમ આપણે કહી શકીએ તેમ નથી. વાર્તારસ જાળવવા જતાં તત્ત્વજ્ઞાનને કેટલેક સ્થળે ઓછું મહત્ત્વ અપાયું હોય એમ લાગે છે એટલેકે ફક્ત વાર્તાની દૃષ્ટિએ એ વાંચવામાં આવે અને તત્ત્વજ્ઞાન ન સમજીએ તો પણ ઊણપ વર્તાતી નથી. ---- એવી વાર્તાઓમાં તત્ત્વજ્ઞાન ગર્ભિત રહેલું છે. દા.ત. "પક્ષી શું બોલ્યું ?" "જન્મથી કોઇની યાચના કરી નથી." "શાહી ફકીર" "આખરે દત્ત સાંપડયો" "આ ખરું કે તે" । "ચોવીસ કલાક-ની મહેતલ", "કષ્ટ સિવાય જ્ઞાન નહિ", "મૃગચર્મ" વગેરે. કેટલીક વાર્તા-ઓમાં તત્ત્વજ્ઞાન અને વાર્તા સમાંતરપણે વિકાસ સાધતાં જણાય છે દા.ત. "ભક્ત કન્યા", "વાતોના ગ્રાહક હજારો છે, શક્તિનો ગ્રાહક વિરલો !" આ ગ્રંથની વાર્તાઓનો ક્રમ એ પ્રકારનો રખાયો છે કે એક પછી એક વાર્તાઓમાં તત્ત્વજ્ઞાન ધીમે ધીમે ગહન, ગંભીર રૂપ ધારણ કરે છે, એટલેકે તત્ત્વજ્ઞાનનાં સોપાન વાડીલાલ ધીરે ધીરે વાચકને

ચઢાવે છે. સદરહુ પુસ્તકની ઉત્તરાર્ધની વાર્તા – "ઇચ્છાશંકર પંડયા અને ઇચ્છાદેવી પંડિતા", "યોગી અને ચોર", "કાળ શું છે : વ્યાલ કે બોલ !" "રામાયણ તો મારી જીવનકથા છે", "ભ્રમણાતીતનું અનુભવશાસ્ત્ર", "ભ્રમણાતીતની પિછાન", "રામદાસ સ્વામીનું પ્રાયશ્ચિત", "પ્રચંડ મસ્તોની અનોખી મસ્તી" – વગેરેમાં તત્ત્વજ્ઞાન જ પ્રાધાન્ય પામ્યું છે એ વાર્તા તત્ત્વજ્ઞાનના ભારથી કંઇક અંશે લદાયેલી માલૂમ પડે તો નવાઇ નહિ. એ વાર્તાનું વાચન, વાચક પાસે અમુક માનસિક પૂર્વ ભૂમિકાની અપેક્ષા રાખે છે, એ ભૂમિકા બાંધવાનો પુરુષાર્થ વાડીલાલે જ શરૂઆતની કથાઓમાં કર્યો હોય એમ લાગે છે; "સશક્તની સ્વતંત્રતા" શીર્ષકવાળી વાર્તામાં, વાર્તા અને તત્ત્વજ્ઞાન બંને વાડીલાલે અલગરીતે રજૂ કર્યાં છે. શરૂઆતનાં પાંચ પૃષ્ઠમાં સ્વાતંત્ર્ય અંગેની તાત્ત્વિક ચર્ચા કર્યા બાદ, ધનપાલ નામના વણઝારાની વાત સુંદરરીતે આલેખી છે. આ કથાગ્રંથના તત્ત્વજ્ઞાનના ક્રમિક વિકાસનાં પગથિયાં દર્શાવતી વાર્તાઓની ચર્ચા પુસ્તકમાં આપેલા ક્રમમાં જ કરવાનું ઉચિત લેખ્યું છે.

"હું" ની સ્વપ્નાવસ્થાનો પરિચય વાડીલાલે "મારુંસ્વપ્ન" શીર્ષકવાળી કથામાં કરાવ્યો છે. જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને ગાઢનિદ્રા નો તફાવત સમજાવતાં એમણે કહ્યું છે કે –

" <u>જાગ્રૃત</u> સ્થિતિમાં મનુષ્યને જે અનુભવ થાય છે તે અનુભવ માત્ર તે જ સ્થિતિ દરમ્યાન "સાચો" છે અને સ્વપ્નસ્થિતિમાં પ્રવેશ કરતાં જ "જૂઠો" <u>થાય છે.</u> તેવી જ રીતે <u>સ્વપ્નાવસ્થામાં</u> તેને જે અનુભવ

થાય છે તે અનુભવ તે જ સ્થિતિ દરમ્યાન "સાચો" છે અને જાગ્રતાવસ્થામાં પ્રવેશ કરતાં જ "જૂઠો" થાય છે તેમજ વળી, સુષુપ્તિ અથવા વિકલ્પરહિત ગાઢ નિદ્રાની સ્થિતિમાં તો ઉપલી બન્ને સ્થિતિઓ અને તે દરમ્યાન થયેલા અનુભવો અદૃશ્ય થાય છે.

પહેલી બે સ્થિતિઓ એકબીજાને વિરોધી છે, એકબીજાના અનુભવોને જૂઠા પાડનારી છે; અને ત્રીજી સ્થિતિ પહેલી બન્નેની ઘાતક છે."[૬]

વાડીલાલે પોતાના સ્વપ્નની વાત લખી છે અને તેમાં રાજાને પણ સ્વપ્ન આવતું બતાવ્યું છે. અભિમાનમાં ચકચૂર બનેલા સાર્વભૌમ-સત્તાધારી "હું" ની સ્વપ્નાવસ્થામાં એક મહાશક્તિ એનું અભિમાન ઉતારે છે. "હું" તે આપણામાં રહેલો "અહમ્". આ "હું" પોતાનામાં જન્મેલા અભિમાનની ઓળખ કરાવનાર દૈવી મહાશક્તિની આરાધના માટે તપ આદરે છે. એને ત્રણ પુત્રો છે – ચિત્તરંજન, બુધ્ધસિંહ અને મનોદેવ – ચિત્ત, બુધ્ધિ અને મનની મદદથી તપ આરંભનાર રાજા અભિમન્યું શિકારે નીકળે છે. શિકારનો ભોગ બનનાર પશુપતિ ત્રાડ નાખીને પૂછે છે "મને મારનાર કોણ છે ? પ્રત્યુત્તર વાળતાં મનોદેવ કહે છે બુધ્ધસિંહ અને બુધ્ધસિંહ કહે છે ચિત્તરંજન. અભિમાનમાં ગરકાવ થયેલા મન, બુધ્ધિ અને ચિત્તનો જવાબ સાંભળી રાજા અભિમન્યુએ કહ્યું "તને મારનાર જ્યાંથી તારું અવતરણ થયું તે જ છે !" આમ રાજામાં રહેલું અભિમાન જ્યારે ઓગળે છે ત્યારે પેલી દૈવી શક્તિની

---

૬. "મસ્તવિલાસ" : પૃ. ૩૦-૩૧.

શ્રેષ્ઠતાનો સ્વીકાર કરે છે અને મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર ચારેય એ મહાશક્તિમાં સમાઇ જાય છે, એ ચારેયનો વિલય થાય ત્યારે જ પરમાત્માની પિછાન થઇ શકે છે.

એકબીજાથી સંબંધ ન ધરાવતા અપ્રસ્તુત, હજારો તર્કવિતર્કોમાં ભટકતા મનને કોઇ એક ચોક્કસ કાર્યમાં બાંધી રાખવાનું સત્ય "ખેડૂતનું ભૂત" વાર્તામાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. એક ખેડૂતને આખો દિવસ મજૂરી કરતાં એવો વિચાર આવે છે કે કોઇ સાધુસંત પાસેથી એક ભૂતની માગણી કરવી, જે એનું સઘળું કાર્ય ઝડપથી કરી આપે. નવ મહિનાના નિયમિત, ભૂતના ધ્યાનને અંતે એને તે પ્રાપ્ત થાય છે. એ ભૂત ખેડૂતના આદેશ અનુસાર ત્વરાથી કામ આટોપવા માંડે છે. જ્યારે ખેડૂત ભૂતને કામ ચીંધીને થાકી જાય છે ત્યારે ભૂત પોતાના સર્જનહારનો જ ભક્ષ કરવા તૈયાર થાય છે. સાધુના નિર્દેશથી ખેડૂત ભૂતને એક આકાશ જેટલો ઊંચો થાંભલો બનાવી તેના પર ચઢઉતર કરવાનું કાર્ય સોંપે છે. આખરે ભૂત થાકે છે અને ખેડૂતને મિત્ર તરીકે અપનાવે છે. ચારે દિશામાં ભટકતા આપણા મનને કોઇ ચોક્કસ હિતકારી કાર્યમાં સ્થિર કરવામાં આવે તો જ નિશ્ચિત ધ્યેય હાસલ કરી શકાય છે, નહિ તો "નવરો બેઠો નખ્ખોદ વાળે" એ ઉક્તિ પ્રમાણે નવરું મન હજાર પ્રકારના નિરર્થક વિચારો કરે છે, માનવીમાં સુષુપ્ત રહેલી ખરાબ વૃત્તિઓને ઉત્તેજે છે અને માનવને રાક્ષસની કક્ષામાં મૂકી શકે છે. માણસે પોતાના મનને કયા ધ્યેય પર સ્થિર કર્યું છે તે જાણવાથી માનવ દૈવી ગુણો ધરાવે છે કે રાક્ષસી, તે સમજાય છે. "બાબરાભૂત" ની પ્રચલિત વાતનો આશરો વાડીલાલે આ તત્ત્વજ્ઞાન રજૂ કરવા લીધો છે.

"ચોવીસ કલાકની મહેતલ" વાર્તામા, જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે, એ સનાતન- સત્યને એમણે મૂર્ત રૂપ આપ્યું છે. રાજાને એક સંતના સમાગમ દ્વારા ખબર પડે છે કે પોતાના મૃત્યુને ફકત ચોવીસ કલાક જ બાકી છે. મૃત્યુનો નિશ્ચિત સમય જાણ્યા પછી કયો માનવી મોજશોખ કે ભોગવિલાસ માણી શકે ? રાજાને તો ઘડિયાળ અને કાળ બે જ નજર સમક્ષ દેખાય છે, એનું મન વિહ્વળ અને ગાંડા જેવું બની જાય છે, અને મૃત્યુસમય વીતી ગયા પછી પોતાને જ્યારે એ જીવતો ભાળે છે ત્યારે એને ગુરુની કૃપા સમજે છે.

'परिवर्तिनी संसारे मृत: को वा न जायते।'

એ શાસ્ત્રોકત કથનનો માયનો સમજીએ તો જન્મ્યું છે તે મરવાનું છે અને મૃત્યુ બાદ જન્મ નિશ્ચિત છે, આ સનાતન/સત્યથી દરેક માનવ જ્ઞાત હોવા છતાં કાવાદાવા, દંભ, ક્રોધ, મોહ, અહંકાર, ઈર્ષા, તિરસ્કાર વગેરે દુર્ગુણોને કોણ ત્યજી શકે છે ? મૃત્યુ તો નિશ્ચિત છે જ, તો પછી સુખ કેમ ન ભોગવી લેવાં ? એવું માનનારા પણ દુનિયામાં ઘણા છે. પરંતુ એક વાત જરૂર કહેવી ઘટે કે મૃત્યુનો ભય રાખી, સતત સજાગ રહી કામ કરતો માનવ દુષ્કૃત્યો કરતાં અટકે છે અને વાર્તામાંના દૃષ્ટાંતના રાજાની માફક સેવા, દયા અને પરોપકારમાં જીવન વ્યતીત કરે છે.

સમાજની નજરે જે ગુનેગાર છે તેના ઉપર કહેવાતા ન્યાયના ઓથા હેઠળ કેવા સિતમ ગુજારવામાં આવે છે તે "આ ખરું કે તે ?" વાર્તામા રાજાના સ્વપ્ન દ્વારા વાડીલાલે બતાવ્યું છે. એમને "રાજા"

નાં દૃષ્ટાંતો વારંવાર રજૂ કરવાની ટેવ હોય એમ જણાય છે. સાચો ગુનેગાર કોણ છે તે કદી પકડાતું નથી અને અસહાય, નિર્દોષ, ગરીબ માનવી પીડાય છે, રીબાય છે અને અંતે એનું અંતર બળવો કરવા પ્રેરાય છે, એને મોતની પરવા નથી હોતી એટલે મરણિયો થઇને પોતાને અનુરુપ નિર્ણય લે છે. ન્યાયાધીશો એમનાં "ચોપડાં"ને "થોથાં" ને આધારે એમને ન્યાય આપવામાં નિષ્ફળ નીવડે છે. જે માનવતાનું, લાગણીનું મોટું પુસ્તક પાછળ મૂકીને ન્યાય તોળવા બેસે તેનો ન્યાય કદી તટસ્થ હોય ખરો ? ચોર કેમ ચોરી કરવા પ્રેરાયો એનું મૂળ કારણ જો શોધવાનો પ્રયત્ન કરવામાં આવે તો કદાચ દેખીતા શાહુકારો, જેમણે એને ચોરી કરવાની ફરજ પાડી, એમને સજા થાય તો કહેવાય નહિ. બધા ડાકુઓની વાતો સાંભળીએ તો, એમને ડાકુ બનાવનાર સમાજ જ શિક્ષાને પાત્ર જણાય છે. શ્રી રવિશંકર મહારાજે મહીનદીના કોતરોના ડાકુઓને વશ કર્યા તે વાતો ઝવેરચંદ મેઘાણીએ "માણસાઇના દીવા"માં સંગ્રહી છે. વાડીલાલની "આ ખરું કે તે" વાર્તા એની યાદ આપે છે.

પોતે એક ગરીબ મિસ્ત્રી હોવાનું રાજાને સ્વપ્ન આવે છે. મિસ્ત્રીના રૂપમાં પોતાનું બીલ પસાર કરાવવા "દરબારી ગીધો"ને લાંચના ટુકડા નાખવાના પૈસા ન હોવાથી તેને અતિશય દુ:ખ સહન કરવું પડે છે. જેલમાં ભોગવવી પડતી યાતનાઓનું અહીં વાડીલાલે દયાજનક વર્ણન કર્યું છે. સ્વપ્નમાંથી જાગૃત થયા બાદ રાજાને પ્રશ્ન થાય છે કે સાચું શું ? " આ ખરું કે તે ?" એટલેકે "સ્વપ્નાવસ્થા કે જાગૃતાવસ્થા ?" એ પ્રશ્નનો જવાબ દીવાન, વિદ્વાનો, કારભારીઓ

કે દરબારીઓ આપી શકતા નથી. છેવટે એક દીવાના જેવો લાગતો માણસ "જેવું તે તેવું જ આ" એવો પ્રત્યુત્તર વાળે છે. એના જવાબનો ભાવાર્થ એ જ કે જેમ સ્વપ્નાવસ્થા મિથ્યા છે તેમ જાગ્રતાવસ્થા પણ મિથ્યા છે. આ સત્ય સમજાવવાનો વાડીલાલનો ઉદ્દેશ અહીં સ્પષ્ટ થાય છે.

મૃગની સરળતા, નિર્દોષતા, વિશ્વાસ અને પ્રેમની વાત લેખકે "મૃગચર્મ"માં વર્ણવી છે. શિકારમાં જ આખો દિવસ વ્યતીત કરતા શિકારીની પત્ની, સારંગીના તાર છેડી તેમાં મસ્ત બની દિવસો વિતાવે છે. નિર્દોષ મૃગ દરરોજ દેહભાન ભૂલી એકરૂપ બની સારંગી સાંભળવા બેસે છે. એક દિવસ શિકારી વહેલો ઘર તરફ પાછો વળતાં પોતાની પત્નીના ખોળામાં બેઠેલો મૃગને દૂરથી માનવી સમજી શંકિત બની તીર મારે છે. તીરથી વિંધાયેલો મૃગ આશીર્વાદ આપે છે કે " આજ પછી જે મનુષ્યો મૃગચર્મ પર આસન કરી "લક્ષ્ય" "વીંધવા"નો પ્રયોગ કરશે તેમને એ મૃગચર્મના પરમાણુઓ લક્ષ્યપ્રાપ્તિનું બલ ધીરનાર થઇ પડશે !"[૭] અસલી અને નકલી ચીજો વચ્ચેનો સૂક્ષ્મ તફાવત વાડીલાલે આ વાર્તામાં તારવી બતાવતાં નોંધ્યું છે કે –

"મૃગ અને મૃગની નકલ કરનારી મૃગાક્ષી : એ બેમાં માત્ર આસમાનજમીન જેટલો જ તફાવત છે ! મૃગાક્ષી આખા જગતના પુરુષો-નો શિકાર કરે છે કે કરાવે છે, જ્યારે મૃગ પોતાનો શિકાર થવા દેવા મારફત પોતાની મુક્તિ મેળવી શકે છે ! નિરંતર ભોગ માગતું

---

૭. "અંજન" : પૃ. ૧૭૦

મૃગાક્ષી અથવા માયાનું ખપ્પર કદાપિ ભરાતું જ નથી; નિરંતર ભોગ આપતા "મૃગ" ના "દેશ" માં કદાપિ "કાળ" પડતો જ નથી ! અને મૃગ મરીને જ અમર જીવે છે ! "[૮]

"મૃગચર્મ" પછીની વાર્તા છે "શાહીફકીર". આ શાહીફકીર કોને કહેવાય ? તે દર્શાવતાં વા.મો.શાહે કહ્યું છે કે –

" શાહી ફકીર નો સંકલ્પ વજ્ર જેવો હોય છે, તેની દુઃખનો સામનો કરવાની શક્તિ બલકટ હોય છે અને તેની "લાપરવાઇ"ની માત્રાના પ્રમાણમાં જ કુદરત તેની આવશ્યકતાઓ અગમ્યરીતે પૂરવાની કાળજી રાખે છે, – જો કે તે પોતે તો "આવશ્યકતા"ઓ માટે પણ આશા કરતો નથી." સાથે સાથે મામૂલી ફકીર કેવો હોય તે આલેખતાં લખ્યું છે કે –

" "મામૂલી ફકીર" અથવા સાધારણ ત્યાગીઓ, ત્યાગ પહેલાંની એમની સાધારણ સ્થિતિ અને સાધારણ સુખ–દુઃખના જ અનુભવને લીધે, વજ્ર કે હીરા જેવી ઇચ્છાશક્તિ બાંધી શકયા નથી હોતા; તેથી એમનો "સંકલ્પ" પણ ઢચુપચુ કે નબળો હોય છે અને તેમની પ્રાપ્તિઓ પણ "સાધારણ" જ હોય છે."
"ઇશ્કે હકીકી"નો કેફ "ઇશ્કે મિજાજી"ના કેફના પ્રમાણમાં જ હોય છે.[૯] આ બંને ફકીરી વચ્ચેનો તફાવત અહીં લેખકે રજૂ કર્યો છે. એમાં નોંધાયેલો પ્રસંગ ગૌતમબુધ્ધના ગૃહત્યાગના પ્રસંગને મળતો છે.

---

૮. એજન : પૃ.૭૧.
૯. એજન : પૃ.૭૨.

સોળ વર્ષની કન્યાનો જનાજો લઇ જતું ટોળું જોઇ,બલ્ખ બુખારાના બાદશાહે,જનાજો ખુલ્લો કરાવી નિર્દોષ નાનકડી કન્યાને જોઇ પ્રશ્ન કર્યો કે શું એને દાટી દેવામાં આવશે ? જવાબ મળ્યો, એમાંથી "રૂહ" નીકળી ગયું છે. હવે તો તે માત્ર મુડદું કે માટી છે અને તેથી જ માટી સાથે એને મીલાવી દેવામાં આવશે. એ રૂહ કેવું હશે અને ક્યાં ગયું ? એની શોધ કરવા બાદશાહ પોતાનું રાજ્ય છોડી ચાલ્યો જાય છે. એના મનમાં પાયાનો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે " "શાહ" અને "ગુલામ" વચ્ચે તફાવત શો ? જે પોતાના રૂહને જાણી શકતો નથી તે બીજા-ઓનો બાદશાહ થઇ તેમનું શું ભલું કરી શકવાનો હતો ? અને એવી નિર્માલ્ય બાદશાહીની કિંમત શું ? મોજ શું ? "[૧૦]

જંગલમાં જઇ એક વૃક્ષ નીચે બેઠક લઇ એ શાહી ફકીર ધ્યાનસ્થ થતાં પહેલાં બીજા ઝાડ નીચે બેઠેલાં મામૂલી ફકીરને પૂછે છે કે" એ શરીર ક્યાંથી આવ્યું ? એમાંથી તું રૂહ ક્યારે છૂટશે ? અને છૂટીને ક્યાં જશે ?" જવાબ મળ્યો કે " રૂહ છૂટીને ખુદા સમક્ષ હાજર થશે." આવા હજૂરિયાના જવાબમાં શાહી ફકીરના મનનું સમાધાન થયું નહિ. એ તો "બાદશાહીને મેળવવાની નહિ,પણ મળી ચૂકેલી ચીજ માને છે" તેથી મામૂલી ફકીરના વર્તનનું અનુકરણ કરવાનું એને પાલવે તેમ નથી. ખુદાના રૂહમાં ભળી જવાની પોતાને જરાય દરકાર નથી, ખુદાને પોતાના રૂહમાં ભળવાની દરકાર હોય તો આવે એની પાસે, એવી હઠ પકડી એ તો બેઠો. એનામાં વ્યક્તિભાન અદૃશ્ય થયું અને સમષ્ટિભાન જાગૃત થયું. વીસ વર્ષથી તપ કરતા મામૂલી ફકીરને

---

૧૦. "એજન" : પૃ. ૧૫.

દરરોજ ભોજનમાં છાશ ને રોટલા જ મળતા ત્યારે શાહી ફકીરને એક વણઝારા તરફથી પકવાનનો થાળ મળ્યો. ભગવાનનો આવો અન્યાય જોઇ મામૂલી ફકીરના મનમાં સંઘર્ષ થયો. વાડીલાલે કહ્યુ છે કે – " ત્યાંથી આગ શરૂ થઇ, આગના પ્રાથમિક ચિન્હરૂપ "ધુમાડો" નીકળ્યો, મનનના પવનથી આગ વિસ્તરી, – એટલે સુધી વિસ્તરી કે જે સ્થાને પોતે બેઠો હતો તે સ્થાનથી જ્યાં તેનો ખુદા તેને દેખાતો હતો ત્યાં સુધીનો તમામ પ્રદેશ એક આખા ભડકા રૂપ બની ગયો, જેમાં "આ" અને "તે", "ખુદી" અને "ખુદાઇ", સર્વ દ્વંદ્વો વગર પ્રયત્ને બળી ભસ્મ થયા !"[११]

આ વાર્તાના શાહી ફકીરની વાણી અને વર્તનમાં આપણને વાડીલાલનો સ્વભાવ પ્રતિબિંબિત થતો લાગે છે. જેમ ફકીરને કોઇની ગુલામી પસંદ નથી તેમ વાડીલાલને પણ કોઇની ગુલામી ગમતી નહિ. પોતાના સ્વતંત્ર વિચારને અનુલક્ષીને સત્ય, ન્યાય અને નીતિને કેન્દ્રમાં રાખીને તેઓ વર્તન કરતા. બીજી એક વાત અહીં નોંધનીય છે કે વાર્તાને અંતે ત્રણચાર સૂત્રાત્મક તાત્ત્વિક વાક્યો દ્વારા સમગ્ર વાર્તાનો તત્ત્વાર્થ સમજાવવાનો લેખો પ્રયત્ન કરે છે. દા.ત.

" મુક્તિસુંદરી શાહી ખમીર માગે છે !"

" લાવે શૂરા તે ત્યાગે શૂરા;"

" કીડીને કણ ને હાથીને મણ જ આવી મળે છે; પણ એ "વિશ્વાસ" નો હક્ક સશક્તને જ છે."

આ ત્રણ વાક્યો દ્વારા "શાહીફકીર" શીર્ષકવાળી વાર્તાનો ધ્વનિ સ્ફુટ થાય છે.

---

૧૧. એજન : પૃ. ૧૯

"ખુદાથી હઠ કરનારો ફકીર" ની વાર્તામાં મિજાજી, સ્વમાની ફકીરને હઠ કરતો બતાવ્યો છે. શાહી ફકીરની વાતમાં અને આ વાતમાં ફકીરના સ્વભાવમાં ઘણું સામ્ય વર્તાય છે. આ ફકીર આઠ કોટડીઓવાળા મકાનની સામે એક વૃક્ષ નીચે આવીને પડી રહેતો હતો. તે ક્યાંય જતો નહિ અને એ આઠ કોટડીઓમાં રહેતાં કુટુંબોનાં બાળકો એની પાસે આવી ખેલતાં, એને બોલાવતાં અને ખાવાનું આપતાં. આ આઠ કોટડીઓવાળા મકાનનો તત્ત્વાર્થ સ્પષ્ટ કરતાં વાડીલાલે અષ્ટધા પ્રકૃતિનો ઉલ્લેખ કર્યો છે. પાંચ તત્ત્વોમાં પૃથ્વી,પાણી,તેજ, વાયુ અને આકાશનો સમાવેશ થાય છે અને ત્રણ ગુણો તે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ આઠે તત્ત્વો ફકીરને પોતાના તરફ આકર્ષતાં અને દુન્યવી ચીજોમાં રસ લેતો કરવાનો પ્રયત્ન કરતાં. દરરોજ ફકીર એક એકને ઘેર જઇ ખપ્પર ધરી ઊભો રહેતો અને બધાં એને ભોજન આપતાં.

એક વખત એને વિચાર આવ્યો કે ભવિષ્યમાં જન્મનાર બાળકને માટે ઇશ્વર જો દૂધની તૈયારી અગાઉથી કરી રાખતો હોય તો "હું શું એનું બાળક નથી ?" એમ કહી ખપ્પર નીચે પટકી એણે નક્કી કર્યું કે " હવે તો એને સત્તરવાર ગરજ હોય તો પોતે ખવરાવે, નહિ તો મારે આખીર તક ખાવું જ નથી. જ્યારે એ આઠેય કોટડીઓનો સંગ છોડી ફક્ત સ્થૂળ શરીર સાથે જંગલમાં ચાલી નીકળ્યો ત્યારે ખુદાને એને ખવડાવવાની દરકાર થઇ. ખુદા ખુદ ખાવાનું આપવા આવ્યો પણ નિરાકાર ખુદાને સાકાર સ્વરૂપે જોવાની ફકીરે ના પાડી છેવટે આકારવાળા સ્થૂળ શરીરને એણે જમીન પર પટક્યું ત્યારે એ ખુદામાં લીન થઇ ગયો.

"ચૌદ ભુવનની બાદશાહી માટે તપ" શીર્ષકવાળી વાર્તામાં નાનો ફરીદ નામનો ભરવાડનો બાળક ચૌદ ભુવન પર આધિપત્ય મેળવવા તપ આદરે છે. એ ચૌદ ભુવનનું રહસ્ય સમજાવતાં વાડીલાલે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને ચાર અંતઃકરણ એટલે મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારનો સમાવેશ કર્યો છે. ચૌદ ભુવન પર આધિપત્ય મેળવવું એટલે ખુદાને ઓળખવો. ખુદાને જોવા આતુર એવા ફરીદનાં નયનો સૂર્યની જેમ પ્રકાશે છે. એના આખા શરીરને ફોલી ખાવા કેટલાય કાગડાઓ અટકચાળાં કરે છે પણ એની તેજસ્વી આંખોને સ્પર્શી શકતા નથી. પગને ઝાડ સાથે બાંધી ઊંધે માથે કૂવામાં લટકેલા ફરીદનું વ્યક્તિભાન અદૃશ્ય થાય છે ત્યારે એની પરા કાવ્યરૂપે જે બોલે છે તેનો સાર નીચે પ્રમાણે છે.-

"આત્માનો પ્રકાશ જ સાચો છે કારણ એને કાંકરા, પત્થર, ચૂનો, માટી કશાની જરૂર નથી. ત્રણસોને સાઠ આડાં અવળાં હાડકાં-ની બનેલી આ દીવાલ ઊભી છે જેમાં અનેક નાડીઓ અને વૃત્તિઓનો રંગ ભરાયેલો છે, એમાં ચૌદ મશાલોનો પ્રકાશ છે. હૃદયરૂપી ગાદી ઉપર ખુદા બિરાજમાન થયા છે."[૧૨] આ સમગ્રવાર્તા દ્વારા વાડીલાલ એ કહેવા માગે છે કે સામાન્ય માણસોને જ્ઞાની ઊંધે માથે ચાલતો જ લાગે છે કારણ જ્ઞાની બધાની દૃષ્ટિએ ઊંધી રીતે જ વર્તે, એને કોઇની દરકાર ન હોય, સત્યશોધકને પોતાનું સ્વતંત્ર દૃષ્ટિબિંદુ હોય છે. એને ફોલી ખાનારાઓનો પણ દુનિયામાં તોટો નથી.

---

૧૨. અંજન : પૃ.૯૦

"બાલ-ખેડૂત અને બાલ-યોગી"માં વાર્તાતત્ત્વ પ્રધાન છે. મત્સ્યેન્દ્રનાથની આજ્ઞાથી ગોરખનાથ બાર વર્ષના પ્રવાસે નીકળે છે. ગુરુએ સૂચવેલા કડક નિયમોનું પાલન કરતા કરતા તે એક ખેતરમાં જાય છે. એક બાલ - ખેડૂત પાસે એના દિલની ત્રણવાર માગણી કરી દિલ જીતી લે છે. બાલ-ખેડૂત ગોરખનાથના વિયોગ પછી જડવત્ થઈ ખેતરમાં બેસી રહે છે જ્યારે બાર વર્ષે ગોરખનાથ પાછા ફરે છે ત્યારે એ બાલ-ખેડૂત મહા-જ્ઞાની બની ગયો હોય છે. વાડીલાલે એ બંને વચ્ચેના સંવાદ દ્વારા વાર્તાપ્રવાહ આગળ ધપાવ્યો છે. આ વાર્તા પાછળનો એમનો એક ઉદ્દેશ સ્પષ્ટ થાય છે કે - " પોતાની મક્કમતા જાળવી શકનારના અંતઃકરણમાં એ જ મક્કમતા ઈશ્વરને - ઐશ્વર્યને - ખેંચી લાવે છે."[13] વાડીલાલની તંદુરસ્ત વિચારણા કોઈપણ વાતને ચિંતનની ભૂમિકાએ, અધ્યાત્મ કોટિએ મૂકી દે છે એ વાત "મસ્ત-વિલાસ"ની એકેએક કથા વાંચતાં સ્પષ્ટ થાય છે.

"પક્ષી શું બોલ્યું ?" શીર્ષકવાળી વાર્તામાં ફકીર, મસાલા-વાળો વટેમાર્ગુ, પહેલવાન, સાધુ, ડોશી અને પીંજારો એ છ વ્યક્તિ-ઓ પક્ષીની ભાષાનું પોતાની રીતે અલગ અલગ અર્થઘટન કરે છે. વાડીલાલ કહે છેકે

" એ છ એને પોતપોતાનો હિસાબ પોતપોતામાં ચૂકવી લેવા દો ! એમને ન્યાય આપવા બેસે તેણે પોતે અરજદારની સ્થિતિમાં મૂકાવું પડે !"[14]

---

૧૩. "એજન" : પૃ. ૧૦૬.
૧૪. એજન : પૃ. ૧૦૯.

આ કથામાં વાડીલાલે ષડ્દર્શનોને સમાવ્યા છે. એ પક્ષીનું સ્વરૂપ તે ઇશ્વર અને છ વ્યક્તિઓ તે ષડ્દર્શનો. હજારો વર્ષ થયાં ષડ્દર્શનો પક્ષી રૂપ ઇશ્વરનું સ્વરૂપ જાણવાનો ઇજારો રાખી પરસ્પર વાદવિવાદ કર્યા કરે છે. પરંતુ પક્ષી એના જ ગાનમાં મસ્તાન છે. એને કોઇ પિછાની શક્યું નથી. આ વાર્તાનો ધ્વનિ ફક્ત એક જ વાક્યમાં સમજાવતાં વાર્તાને અંતે લેખકે નોંધ્યું છે કે –

" ભાવમય સૃષ્ટિ, ભાવાતીત સત્ય"

"કષ્ટ સિવાય જ્ઞાન નહિ" વાર્તા, "પક્ષી શું બોલ્યું ?" વાર્તાને અનુસરે છે. "ઇચ્છા કરવી એક વાત છે, અને પ્રાપ્તિ કરવી બીજી વાત છે. એમ તો માણસો દિવસમાં હજાર ઇચ્છાઓ કરે છે ! મક્કમ ઇચ્છા વગર સફલતા હોય જ નહિ"[૧૫] એમ કહી ઇચ્છાશક્તિ નો પ્રભાવ વર્ણવવાનું વાડીલાલનુ ધ્યેય છે. એક નાનકડા દૃષ્ટાંત દ્વારા આ વિચાર એમણે અહીં સમજાવ્યો છે.

ધીરુ અને ધાંધલપ્રસાદ નામના બે મિત્રો ગુરુ પાસે ઉપદેશ લેવા જાય છે. વાડીલાલે એમનાં પાત્રોને ગુણ પ્રમાણે નામ આપ્યાં છે. હજાર દિવસ વીતવા છતાં ગુરુ ઉપદેશની વાત કરતા નથી ત્યારે ધીરુની ધીરજની પણ અવધિ આવી જાય છે. ધાંધલપ્રસાદ તો ક્યારનો ય આશ્રમ છોડી જતો રહયો હોય છે. ધીરુની ધીરજ ટકાવી રાખવા વાડીલાલે "મટકા" તે સજીવ કલ્પી, પોતાનું આત્મવૃત્તાંત કહેતું બતાવીને વાર્તાને નવો વળાંક આપ્યો છે. મટકાનું વચન સાંભળી ધીરુ ફરીથી ગુરુજી જે કષ્ટ આપે તે સહન કરવા કૃતનિશ્ચયી બને છે

---

૧૫. એજન પૃ. ૧૧૧.

અને ત્યારે જ એની કસોટીનો અંત આવે છે. "કોઇપણ બાબતની અવધિ થાય છે ત્યારે જ નવી જિંદગી શરૂ થાય છે." જીવનનું આ રહસ્ય વાડીલાલે અહીં સ્ફુટ કર્યું છે.

" ઉત્કૃષ્ટ સત્સંગ મૌનથી થાય છે. મધ્યમ સત્સંગ અનુભવોની આપ-લે દ્વારા થાય છે. બાકી જે કંઇ થાય છે તે કનિષ્ટ".[૧૬] આ વિચારો મૂર્ત કરવા વાડીલાલે સ્વામી રામદાસ અને તુકારામનું દૃષ્ટાંત "વાતોના ગ્રાહક હજારો છે, શક્તિનો ગ્રાહક વીરલો !" વાર્તામાં આપ્યું છે. તો "પતિની આજ્ઞાનું પાલન કરવામાં તત્પરતા એ જ પત્નીનો વિચાર !.......બીજો વિચાર કરવાનો "હક્ક" તેમજ "ઉપાધિ" તેને ન હોય ! વિચાર કર્યા વગર જ આજ્ઞા થઇ હશે એવી કલ્પના પણ ભક્તિને ન પાલવે, તેમજ વિચાર કરવાની "જોખમ-દારી" અને "યોગ્યતા" ધરાવતા સૈન્યજનના ક્ષેત્રમાં ઘૂસવાની ઉદ્ધતાઇ પણ "સેવક" ની પ્રકૃતિમાં ન હોય."[૧૭] આ વિચારોને કેન્દ્રસ્થાને રાખી "જન્મથી કોઇની યાચના કરી નથી" શીર્ષકવાળી વાર્તાની રચના કરી છે.

" ભક્ત કન્યા"ની વાર્તામાં વાડીલાલે તત્ત્વજ્ઞાન અને વાર્તારસ બંનેને એકરૂપ કરીને વિકસાવ્યાં છે. ભક્તકન્યા પરમેશ્વરના સાચા ભક્તની દીકરી છે એટલે દયા, પ્રેમ, પરોપકાર, સદાચાર, સદ્વર્તન વગેરે સદ્ગુણો તે જન્મથી જ ધરાવે છે. સાધુસંતોના સમાગમમાં ઉછરેલી હોવાથી એના વિચારો ઉદાર અને વિકસિત છે. કરોડપતિ નગરશેઠ-ના દીકરા ગોવિંદ સાથે લગ્નગ્રંથિથી જોડાયેલી આ કન્યા પતિમાં

---

૧૬. એજન : પૃ. ૧૨૩.
૧૭. એજન : પૃ. ૧૨૫.

જ ઇશ્વરને ભાળે છે કારણ તે જાણે છે કે "લાખો દૃશ્યો પરથી જેનું ચિત્ત હટી એક પતિ પર જ આવી અટકે છે – વિરમે છે, તે "યોગ" કરે છે." પંડિતો હજારો ગ્રંથો અને સૂત્રોના સિધ્ધાંતોને છોડી "ब्रह्म सत्य" કહી વિરમે છે એનો ભેદ ખોલતાં વાડીલાલ સ્પષ્ટ કરે છે કે –

"પંડિતોનું ધ્યાન પ્રથમ શાસ્ત્રમાં અને પછી શાસ્ત્રના આત્મારૂપ બ્રહ્મમાં રમતાં શીખે છે, યોગીઓનું ધ્યાન પહેલાં યોગીશ્વરના ગુણોમાં અને પછી નિર્ગુણ સ્વરૂપમાં જ જઇ ભળી જાય છે, તેમ સ્ત્રીનું ધ્યાન પહેલાં પતિ સિવાયનાં લાખો દૃશ્યો પરથી હટી એકમાત્ર પતિના શરીર અને પતિના ગુણોમાં અને તે પછી પતિના આત્મામાં જ ભળી જઇ વિરમે છે. જિંદગીના બધા વ્યવહારોમાં એક જ કાયદો રાજ કરી રહ્યો છે :

'पहले इश्क मिजाजी, पिछे इश्क हकीकी' १८

આ સત્યથી ભક્તકન્યા સંપૂર્ણપણે વાકેફ છે અને તે માત્ર પતિને જ પરમેશ્વર માને છે. એકવાર એક સાધુ સાથે વાત કરતી ભક્તકન્યાને જોઇ શેઠાણીને એના ચારિત્ર્ય વિશે શંકા જન્મે છે અને તે વાત શેઠને કાને પણ પહોંચી જાય છે. શેઠ-શેઠાણી બંને પોતાના દીકરા ગોવિંદને આ વાતથી વાકેફ કરી વહુને પોતાના માલિકીના એક જંગલના હવડ કૂવામાં ફેંકી દેવા સૂચવે છે. ગોવિંદ માતાપિતાની વાત સત્ય માની એ દુષ્કૃત્ય કરવા તૈયાર થાય છે. ફરવા જવાના બહાને એ નિર્જન જંગલના એકાંતમાં જઇ ભક્તકન્યાને સાચી વાત પૂછવી કે નહિ, એવી દ્વિધા અનુભવે છે, અંતે પૂછે છે અને એ બંનેના સંવાદથી વાડીલાલે સદરહુ વાર્તાને રસિક બનાવી છે. સાધુ સાથે થયેલી વાતચીતનો તાત્ત્વિક મર્મ સમજાવી જ્યારે ભક્તકન્યા પોતાની

---

૧૮. એજન, પૃ. ૧૪૨.

જાતને કૂવામાં ફેંકવા પતિને વિનંતી કરે છે ત્યારે ગોવિંદ નિર્દોષ પત્નીને મારતાં અચકાય છે. ભક્તકન્યાનો જીવ બચે છે. આ વાર્તાના અંતમાં શેઠાણી મરકીમાં સપડાય છે. આખી જિંદગી દોઢિયું પણ નહિ આપનાર શેઠાણીને માનવજીવનની કિંમત સમજાય છે જ્યારે ધન્વન્તરિ વૈદ્ય પણ શેઠાણીની બચવાની આશા મૂકી દે છે ત્યારે શેઠાણી આ ભક્તકન્યાને પાસે બેસાડી પૂછે છે: "વહુ! વૈદ્ય કહે છે કે હું બચવાની નથી. તું ભક્તની પુત્રી છે તેથી કોઇ સાધુસંત પાસેથી સાંભળ્યું હોય તો મને કહે કે મરીને ક્યાં જવાનું હશે?

"બાઇજી!" વહુએ જવાબ આપ્યો "સંતોના મુખેથી મેં સાંભળ્યું છે કે મરીને માણસ લુહારની દુકાને જાય છે."

"લુહારની દુકાને?" ત્યાં શું કરવા?

"ત્યાં જઇ તે લુહારને દાતરડાં બનાવવા કહે છે."

"તે શું કરવા?"

"લણવાના કામમાં લેવા."

"શું લણવા?"

"પોતાના જ કાર્યોનો પાક."[१૯]

આ હળવા સંવાદ દ્વારા લેખકે જૈનધર્મનો કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. કૃતકર્મોનાં ફળ ભોગવ્યા વગર કોઇ મુક્તિ પામી શકતું નથી. આ જન્મમાં ભોગવાયા વિના રહેલાં સારાંમાઠાં કર્મોનાં ફળ પુનર્જન્મમાં પણ ભોગવવાં પડે છે. આ સત્ય "ભક્તકન્યા" શીર્ષકવાળી દીર્ઘવાર્તામાં ખૂબ સરળતાથી વાડીલાલે સ્પષ્ટ કર્યું છે. ગોવિંદ સાથે ભક્તકન્યાનો જંગલમાં થયેલો વાર્તાલાપ તત્ત્વજ્ઞાનભરપૂર છે. આ વાર્તામાં ગોવિંદ થોડો અણસમજુ અને મૂર્ખ લાગે છે જ્યારે

१૯. એજન, પૃ. १૫૨.

ભક્તકન્યા જીવનનું રહસ્ય સંપૂર્ણપણે સમજી ચૂકેલી વિદુષી હોય એવું વ્યક્તિત્વ ધરાવે છે.

જિંદગીભર દુષ્કૃત્યો કર્યાં હોય તો વૃતાંનીની શેઠાણીની માફક મૃત્યુનો ભય લાગે છે જ્યારે સત્કૃત્યો કર્યાં હોય તો ભક્તકન્યા જેવી નીડરતા આપોઆપ પ્રાપ્ત થાય છે. આ તત્ત્વજ્ઞાનનો તંતુ "ભક્ત-કન્યા"ની અનુગામી વાર્તા "ઇચ્છાશંકર પંડયા અને ઇચ્છાદેવી પંડિતા"માં આગળ કંતાય છે. ઇચ્છાશંકર અને ઇચ્છાદેવી એ પતિ-પત્ની વચ્ચે આખી વાર્તામાં તત્ત્વજ્ઞાનની ચર્ચા જ થાય છે. "આ દેહથી છૂટયા પછી વૈતરણી નદી પાર કરવી પડે છે, જે બહુ જ ત્રાસદાયક છે અને ગૌદાન કરનારથી જ સુખે તરી શકાય છે" એવા પંડિતાના પ્રશ્નના જવાબમાં પંડયાજી કહે છે તે નોંધપાત્ર છે -

"હા, મન જ વૈતરણી નદી સર્જે છે, મન જ યમદૂતનું રૂપ લઇ વૈતરણીમાં પોતાને ધકેલે છે. મતલબ કે, એ વિકલ્પો પોતે જ મોટી પીડા છે. અહોનિશ વિકલ્પો કર્યાં કરવાની ટેવ જ બધા ભયો સર્જે છે, - એટલે સુધી કે શરીર પડયા પછી પણ ભયંકર સ્થિતિ જ હશે એટલી હદ સુધી એ વિકલ્પો આગળ ને આગળ દોડયા કરે છે. એ વિકલ્પોથી બચવાનો વ્યવહારુ "ઇલાજ" કોઇ હોય તો તે એ જ કે અનાત્મ દેહાદિકો વિશે અહંબુધ્ધિરૂપી જે ગૌ, તે પાંચભૂતરૂપ બ્રાહ્મણોને દાન કરી દેવી! એટલે કે દેહાદિકો પાંચ ભૂતોના છે, તે મારા નથી, તેમજ તે હું નથી, એવો "વિવેક" કરવો, જેથી દેહાદિકોના સંયોગવિયોગથી પોતાને "અસર" થવા પામે જ નહિ. જ્યાં આવો "વિવેક"નથી ત્યાં દેહાદિકોના સંયોગવિયોગની પીડાજનક અસર છે, એટલું જ નહિ પણ ભવિષ્યની અસરોની કલ્પના

પણ ચાલુ સતાવ્યા કરે છે. એવા મનુષ્યો નિર્બળ – ગૌણ તુચ્છ – બને છે. એમને હરકોઇ અને હરકાંઇ ત્રાસ ઉપજાવે છે, બંધનમાં નાખે છે, સત્ત્વ લૂંટે છે, તડફડાવે છે, એ ગોપણાનું – એ નિરંતર તડફડાટ કરાવતી દેહાદિકોમાં રખાતી અહંબુધ્ધિનું – "દાન" કરી દેવું અર્થાત્ તેનાથી છૂટવું એ જ પોતાના સદામુક્ત સ્વરૂપનું પામવાપણું." [૨૦] આપણા મનની વૈતરણીની ત્રાસજનક કલ્પનાને લેખકે તાત્વિકદ્રષ્ટિએ સમર્થન આપ્યું છે . મૃત્યુ પછીના પરલોકના જીવનમાં પણ આપણે પગરખાંની જરૂર પડે છે એવી આપણી દૃઢ માન્યતા છે અને તેથી મૃત્યુ બાદ કરવામાં આવતી ક્રિયામાં પગરખાં દાનમાં અપાય છે આ વાતનો તત્ત્વાર્થ સમજાવતાં પંડયાજી કહે છે –

"જિંદગીને ગમે તેમ કરી કીડા માફક વળગી જ રહેવું એવો મનુષ્યોનો "તુચ્છ" સ્વભાવ જ, વ્યક્તિગત જીવનનું અનુસંધાન "કલ્પે" છે. એમના આ જીવનનું કલ્પિત સાધણ એ જ એમનો "પરલોક અને આ જીવન દુ:ખરૂપ હોઇ એમની પરલોક સંબંધી કલ્પના પણ એવી જ હોઇ શકે. આ જિંદગીમાં ભોગ્ય પદાર્થોને ભોગવવાની ઇચ્છાને, કીડા માફક વળગી રહેવાનું તેમની પ્રકૃતિએ, તેમનું આ જીવન પણ સૂળો અને ધીખતી રેતીથી ભરપૂર બનાવ્યું હોય છે, તેથી તેમનો પરલોકનો માર્ગ પણ તેવો જ કલ્પાયો. પણ, "સર્વનામરૂપ જગત વિશે સમ્, શાન્ત અને પરિપૂર્ણ આત્મા હું જ છું" એવા નિશ્ચય રૂપ પગરખાં પહેરવાથી આ જીવનમાં <u>નિર્ભયતા</u> પ્રાપ્ત થાય છે અને નિર્ભયને આ જિંદગીનો <u>કલેષ</u> નથી તેમજ <u>ભવિષ્યના</u> સુખની આશા નથી તો પછી સૂળો અને ધીખતી રેતીવાળા પરલોક માર્ગની કલ્પના તો સંભવે જ ક્યાંથી? [૨૧]

---

૨૦. એજન, પૃ. ૧૬૨.
૨૧. એજન, પૃ. ૧૬૩.

ચિત્રગુપ્તના ચોપડે આપણા પાપ-પુણ્યનાં લેખાં લખાય છે એવી એક ચોક્કસ માન્યતા પ્રચલિત છે એ માન્યતાનો ધટસ્ફોટ કરતાં પંડયાજી પંડિતાને વર્ણવે છે કે –

"જે "વ્યાપાર" કરે છે તેને માટે "લેખું" છે જ, "નફો" અને "ટોટો" પણ છે જ, "શ્રીમંતાઇ" અને "દેવાળું" પણ છે જ, તથા તજ્જન્ય સઘળી કલેષમય "અસરો" પણ છે જ. પણ એકવાર તને એ થાય કે દેહાદિકો અને દેહાદિકોના સઘળા "વ્યાપર" અથવા વ્યવહાર તારા નથી, પણ તું એની જાણવાવાળી માત્ર છે, તો એ વ્યાપારોનાં લેખાં તને કોણ પૂછનાર છે? અને એ વ્યાપારોના નફાટોટાથી તને શું લાગેવળગે છે? બાકી જેઓ કર્તુત્વ બુધ્ધિથી "વ્યાપાર" કરે છે તેઓના પ્રત્યેક "વ્યાપાર" અથવા પ્રવૃત્તિ કાંઇ પણ મેળવવાની – કાંઇપણ "ફળ"ની "આશા"થી જ પ્રેરાય છે એ દેખીતું છે; અને આધાત-પ્રત્યાધાતના કુદરતી નિયમ અનુસાર દરેક વ્યક્તિગત આશા-નિરાશા ઉત્પન્ન કરે છે જ, અને નિરાશાને મરણ બાદ પણ કાંઇક "મળે" એવું ઇચ્છવું પડે છે! આમ દુષ્ટપરંપરા, અને ભયપરંપરા વ્યક્તિગત પ્રાપ્તિની ઇચ્છાએ પ્રેરેલી દરેક પ્રવૃત્તિમાંથી, ઉદ્દભવ્યા જ કરે છે, એવા હૃદયમાં પુણ્ય-પાપ અથવા લાભ-હાની અને સુખ-દુ:ખના લેખાં અહર્નિશ ગણાયા કરે છે, તો પછી એમણે કલ્પેલા પરલોકમાં એ લેખાં કાં ન હોય?" ૨૨

ઉપર્યુક્ત વાડીલાલના તાત્ત્વિક વિચારોને ગીતાનો નિષ્કામ કર્મનો સિધ્ધાંત સ્વીકાર્ય હોય તેમ લાગે છે. શાસ્ત્રના સિધ્ધાંતોને બોધ-કથાઓમાં ગૂંથવાની રીતે જોતાં પંચતંત્રની વાતો યાદ આવે છે. પંચ-તંત્રમાં પશુપક્ષીઓની વાર્તા દ્વારા બોધ રજૂ કરવામાં આવ્યો છે જ્યારે વાડીલાલે માનવપાત્રોને પસંદ કર્યાં છે અને હળવે હળવે ગહન તત્ત્વજ્ઞાનમાં સાહજિકતાથી સરતા જાય છે.

---

૨૨. એજન, પૃ. ૧૬૪.

"આખરે દત્ત સાંપડ્યો !" શીર્ષકવાળી કથામાં વિશ્વશર્મા નામનો બ્રાહ્મણકુમાર બાળકોની રમતમાંથી ભિક્ષુક સ્વરૂપે આવેલા પરમાત્માની શોધ કરે છે. એના મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારમાં જ્યારે ઇશ્વરને મેળવવાની ઝંખના જાગે છે ત્યારે એને પરમેશ્વરનો સાક્ષાત્કાર થાય છે. આ કથામાં વાર્તાતત્ત્વ પ્રધાન સ્થાને છે. એના પછી આવે છે "યોગી અને ચોર"ની તત્ત્વપ્રધાન વાર્તા.

"યોગી અને ચોર"માં એક અઠંગ ચોર યોગીપદ શી રીતે પામે છે તે પ્રક્રિયા વાડીલાલે વર્ણવી છે. તત્ત્વજ્ઞાન અને વાર્તાને એમણે અહીં જુદાં તારવી બતાવ્યાં છે. શરૂઆતનાં બાર પાનમાં માત્ર વાર્તા છે અને બાકીનાં છત્રીસ પાનમાં તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યું છે. યોગીને પોતાની મીઠાઇ ખાવાનો આગ્રહ કરતો ચોર યોગી સાથે વચનબધ્ધ થાય છે અને મોટામાં મોટા શ્રીમંતને ઘેરજ ચોરી કરવા જવાનો નિર્ણય કરે છે. તે સમયે એનો બુધ્ધિનો ગજ નાનો હોય છે તેથી મોટામાં મોટો શ્રીમંત તે રાજા, એમ માનીને તે રાત્રે રાજમહેલમાં ચોરી કરવા જાય છે. પાંચમા માળ સુધી ઝવેરાત અને ધનના ભંડાર જોયા પછી પાછા જવું વ્યર્થ, એમ માની બાકીના બે માળ જોવાની લાલચે છઠ્ઠે માળ જાય છે, ત્યાં સૌંદર્યવતી રાણી પોઢી હતી. શાલ ખેંચી એને ઉઠાડી પોતાના હૃદયની "માલેકા" થવા જણાવે છે. રાણી યુક્તિ વાપરી ચોરને સામે દેખાતા વડ નીચે સવારે પોતાની રાહ જોવા સૂચવે છે. ચોર બળવાન હતો પણ ભોળો હતો. રાણીની વાતમાં વિશ્વાસ મૂકી વડના ઝાડની ડાળી પકડી, રાણીના ઓરડાની બારી સામે મીટ માંડી ઊભો રહે છે. ""એક" જ ડાળી

પકડીને એક જ લક્ષ્ય પર સઘળી વૃત્તિઓને જોડીને ઊભેલો "ચોર"ને ખબરે ન પડી કે ત્રણ દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે કોઇ મહાન-યોગી ગામમાં આવ્યા છે એવી ખબર મળતાં રાજારાણી, પ્રજાજનો સહિત એના દર્શને આવે છે અને વારસદારની માગણી કરે છે. રાત-વાળા ચોરને યોગીના સ્થાને જોઇ રાણી ચોંકી ઊઠે છે પણ ચોર હવે ચોર રહયો નથી. ફકત રાણીના ધ્યાનમાં લાગ્યા રહેવાથી જો પ્રજાજનો સહિત રાજારાણી નમવા આવ્યાં, તો ઇશ્વરના ધ્યાનમાં લાગવાથી શું ન મળે ? એવું ભાન જાગૃત થતાં આંખો ઉઘાડી રાણીને "માતા"ના સંબોધનથી, "પરમાત્મા તારી ઇચ્છા પરિપૂર્ણ પૂરશે" એવા આશીર્વાદ આપી, ત્યાંથી પૂઠ મૂકીને દોડે છે, તે સીધો યોગી ગુરુ પાસે જઇને ઊભો રહે છે. ચોરે હવે સૌથી મોટા શ્રીમંત "મન"ને ઓળખ્યું છે એમ જાણી યોગી તેનો શિષ્ય તરીકે સ્વીકાર કરે છે. મનને સંપૂર્ણપણે ઓળખનાર "મન" પાસે પાળેલા કૂતરાની માફક કામ લે છે એમ સમજાવતાં વાડીલાલ નોંધે છે કે એ કૂતરાને એક બે નહિ પણ દસ સ્ત્રીઓ છે – પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો. "મન" ને ઓળખવાના આ તત્ત્વજ્ઞાનને એમણે જુદીજુદી વાર્તાઓમાં ભિન્નભિન્ન રીતે રજૂ કર્યું છે. "યોગી અને ચોર"નો વાર્તાભાગ અહીં સમાપ્ત થાય છે અને યોગની પ્રક્રિયાની તાત્ત્વિક નોંધોમાં વાડીલાલ વાચકને ડૂબકી મારવા લઇ જાય છે. યોગની ચોવીસ નોંધોમાંથી નવ નોંધોની વાત વાડીલાલે સદરહુ વાર્તામાં સમજાવી છે. એમના "યોગ" વિશેના જ્ઞાનની આપણને અહીં પ્રતીતિ થાય છે. જ્ઞાનપુરી, ગોરખનાથ, કબીર, મત્સ્યેન્દ્રનાથ વગેરેના

તાત્ત્વિક પદો તથા અવતરણો આપીને "યોગ" એટલે શું ? તે કેવી રીતે સાધી શકાય ? તેનું એમણે વિવરણ કર્યું છે. આપણે એ નોંધોને સંક્ષેપમાં જોઇએ.

શિષ્ય, જિજ્ઞાસુ, ભકત, વિચારક કે શોધકને પુરુષાર્થથી જે સત્ય પ્રાપ્ત કરવાનું છે તે, મહાકારણ અથવા ઇશ્વરને, 'अस्ति, भाति, प्रिय રૂપે અથવા सत्, चिद्, आनंद રૂપે જોવાથી દિવ્યતા પ્રાપ્ત થાય છે એમ પ્રથમ નોંધમાં દર્શાવી, બીજી નોંધમાં अस्ति, भाति અને प्रिय ને ઇશ્વર, જગત અને જીવ તથા अ, उ, म्, આ ત્રણેનો ત્રિવેણી-સંગમ તે જ ॐ, ઇશ્વર એમ સમજાવ્યું છે, અને એ ॐ સાથે પોતાના મનને જોડી શકે તે જ સાચો યોગી કહયો છે, તો ત્રીજી નોંધમાં પુરુષ અને પ્રકૃતિના સંયોગ દ્વારા જ્યોતિ પ્રગટાવવાની વાત કરી છે. ચોથી નોંધમાં "સ્થૂલથી કે સૂક્ષ્મથી પિણ્ડમાં કે બ્રહ્માંડમાં સ્વેચ્છાપૂર્વક થતા "વ્યાપાર" [ક્રિયા, કર્મ, (activity)] ની જે બાહય અસર, તેને "કારણ" (effect) કહે છે. પ્રત્યેક "વ્યાપાર" પાછો પ્રતિક્રિયા (re-action) નું રૂપ લે અને જ્યાંથી તે જન્મ્યો હતો ત્યાં અસર ઉપજાવે, જો તે વ્યાપાર વ્યકિતગત ભાનમાંથી પ્રગટયો હોય તો પ્રતિક્રિયા વ્યકિતગત મનને જરૂર "દુ:ખ" રૂપ અસર ઉપજાવે; જો તે સમષ્ટિ ભાનમાંથી પ્રગટયો હોય તો પ્રતિક્રિયા સમષ્ટિ પર પડવાથી અને વ્યાપી જવાથી વ્યકિતના મનને દુ:ખરૂપ થઇ શકતી નથી અને જો તે પ્રાજ્ઞબુધ્ધિનો વ્યાપાર હોય તો પ્રતિક્રિયા એ અગ્નિને સવિશેષ પ્રદીપ્ત કરનાર થઇ પડે."[૨૩] એમ કહી મેરૂના ઉચ્ચતમ શિખર પરનો અનુભવ રજૂ કરે છે. પાંચમી

---

૨૩. અંજન : પૃ. ૨૨૪.

નોંધમાં अ = અધ : શૂન્ય [ચંચલ મન] ; उ = મધ્યશૂન્ય [સબલ મન] ; અને म - ઊર્ધ્વશૂન્ય [જીવ] આ ત્રણે મળીને ॐ એટલે ચૈતન્ય બને છે. આ ॐ નું તત્ત્વજ્ઞાન સદરહુ નોંધમાં વાડીલાલે વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. છઠ્ઠી નોંધમાં ओहँ - सोहँ નો જાપ જપવાથી પ્રાપ્ત થતા ફલની પ્રતીતિ કરાવી છે, તો સાતમી નોંધમાં કુંડલિનીના અધોમુખને કારણે બંધ રહેતા સુષુમ્ણા નાડીના દ્વારને ઉઘાડવા કુંડલિનીને ઊર્ધ્વમુખ કરવાનો આદેશ આપ્યો છે. આઠમી નોંધમાં, કાર્ય એ કારણ રૂપ જ છે એમ પ્રતિપાદિત કરી ધ્યાન તથા જ્ઞાનનો ભેદ ખોલ્યો છે અને નવમી નોંધમાં બ્રહ્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવાનો પુરુષાર્થ સેવ્યો છે. વિસ્તારથી રજૂ કરવામાં આવેલી આ નવનોંધોને શબ્દશઃ સમજવા પ્રયત્ન કરીએ તો જ એના રહસ્યનો આનંદ માણી શકાય છે.

" યોગી અને ચોર" ની પ્રગાઢ તત્ત્વજ્ઞાન રજૂ કરતી વાર્તાને અનુસરે છે "કાલ શું છે ? વ્યાલ કે બાલ ?" શીર્ષકવાળી વાર્તા. એમાં બુધ્ધિ અને જ્ઞાન વચ્ચેનો વાર્તાલાપ બુધ્ધસિંહ અને જ્ઞાનદેવનાં નામો પ્રયોજીને રૂપકાત્મક રીતે રજૂ કર્યો છે. બુધ્ધસિંહને કાળ ખૂબ વિકરાળ, ભયંકર અને "વાઘ" જેવો લાગે છે જ્યારે જ્ઞાનદેવને એ જ કાળ "બાલ" જેવો લાગે છે. બુધ્ધસિંહના મનમાંથી કાળની ભયાનક કલ્પના દૂર કરવા જ્ઞાનદેવ સમજાવે છે કે –

" જનતાને જે જે "હકીકત" લાગે છે તે તમામ વસ્તુતઃ "ભૂત" હોય છે, અસત્ હોય છે, કલ્પના હોય છે ! "હકીકત" સદા "કલ્પના" તળે છુપાયેલી રહે છે ! તે "હકીકત" માની જે કહ્યું તે એ જ કે કાળે

તારા સ્નેહીજનોનો ભક્ષ કર્યો; પરંતુ હકીકતમાં (in fact) તારા સ્નેહીજનો પ્રતિક્ષણ, કાળથી ખેલતા હતા અને ખેલતા ખેલતા તારી નજરથી – તારી આજની નજર આગળથી – દૂર ચાલ્યા ગયા. ત્યાં પણ તેઓ તું જેને "કાળ" કહે છે તે બોલથી ખેલ જ કરી રહયા છે ! જ્યારે તેઓ તારી નજર સામે હતા ત્યારે બોલથી ખેલતાં ખેલતાં જે જાતની રમતોની ઇચ્છા કરી હતી અને જે રમવાનો હજી તેમને પ્રસંગ મળ્યો ન હતો તેવી બાકી રહી ગયેલી ઇચ્છિત રમતો હવે તેઓ તે જ કાલના સાધનથી રમશે !......આ કંઇ હું અલંકારમાં બોલતો નથી, "હકીકત"માં જેમ બને છે તે જ કહું છું.....જરા અવલોકન કર ! જીવનનું પોતાનું અવલોકન કર ! જો, કંઇ કરવાનું ન હોય ત્યારે તને બેચેની થાય છે ને ? મુંઝારા જેવું થાય છે ને ? એ મુંઝારો દૂર કરવા તું શું કરે છે ?....."કંઇક" કામ ઇચ્છે છે, – અને પછી કામ મેળવે છે. કામ કરવામાં તને રસ પડે છે, અને કાળ [સમય] વહી જાય છે – એવી રીતે કે કેટલો કાળ ગયો તે તને જણાતું ય નથી ! તારી પોતાની હયાતીનું ય તને વિસ્મરણ થાય છે. "હયાતી" કે જેને પેલી "મૂંઝવણ" નડતી હતી તે હયાતીનું જ તે મૂંઝવણભરી – તે દુઃખમય હયાતીનું વિસ્મરણ કોણે કરાવ્યું ? કાળે જ ! કહે એ "કાળ" તારા આનંદ સ્વરૂપનું ભાન કરાવનાર તારો "દડો" નહિ તો બીજું શું છે ?[૨૪]"
વળી આગળ આ જ વિચારોને બહેલાવતાં લેખકે કહે છે કે –

"દરેક પિતા પ્રિય પુત્રનો જન્મ થતાં જ "કાળ" ને નોતરે છે તે શું અમસ્થો જ ? પુત્ર મોટો થાય, ભણે, પરણે, પિતા થાય, રળે, પુખ્ત ઉંમરનો થઇ અનુભવી બને – અને પછી ? જેમ આ બધી એકપછી

---

૨૪. એજન : પૃ. ૨૪૭–૨૪૮.

એક શ્રેણિઓ ઇચ્છી તેમ તે પછીની શ્રેણિ પણ તે જ ઇચ્છે છે, જો કે તેને તે ઇચ્છાનું "ભાન" નથી હોતું ! એ ગુપ્ત (sub-conscious) ઇચ્છા છે ! બાળકથી જુવાન અને જુવાનીમાંથી વૃધ્ધ - અને વૃધ્ધમાંથી વળી જુવાન જ થવાય ! બાળકમાંથી જુવાન થવાનું જેમ ઇચ્છાય છે તેમ વૃધ્ધમાંથી બાળક થવાનું ય ઇચ્છાય છે અને એ ગુપ્ત ઇચ્છા જ દેહપલટો કરાવે છે, જેને તું "કાલ" કહેતો હતો.[25] આ રીતે "કાલ"ની વ્યાખ્યા બાંધી વાડીલાલ એની ભયંકરતા ઓછી કરવાનો પ્રયત્ન કરે છે. બાળપણથી યુવાનીમાં જવાની માણસને ઇચ્છા હોય છે, એ ઇચ્છા જ એને વૃધ્ધાવસ્થામાં પણ દોરી જાય છે. અને "વૃધ્ધાવસ્થા ત્યાંથી અટકે શી રીતે ?" માટે ત્યાંથી તે શરીરને આગળ દોરે છે, એ જ માનવનો નવો જન્મ.બુધ્ધદેવને હવે જ્ઞાનદેવની વાત ગળે ઉતરે છે તે કહે છે -

" વૃધ્ધાવસ્થા સુધીમાં જે પાકટ અનુભવો મળ્યા હોય તે અનુભવોને ક્રિયામાં મૂકવાને લાયકની શક્તિ તે સ્થૂલમાં ન રહી હોય. તેથી જ નવું અને વધારે સશક્ત શરીર ધારણ કરવાના "ઓરડા"માં જવાનું થાય."[26] આ રીતે આગળ વધવાની ઇચ્છાને જ આપણે પુનર્જન્મ કહીએ છીએ. કેટલાક બાળપણમાં કે ભરયુવાનીમાં મૃત્યુ પામે છે તેનું શું ? બુધ્ધિ દ્વારા પૂછાયેલા આ પ્રશ્નનો જવાબ જ્ઞાન ખૂબ સુંદર આપે છે કે -

---

૨૫. એજન : પૃ. ૨૪૯.

૨૬. એજન : પૃ. ૨૪૯.

"અકાલ એ શબ્દ જ મૃત્યુ સાથે બંધબેસતો નથી, એટલું મનન કોણ કરે છે ? મૃત્યુ એટલે જ કાલ, તેને વળી અકાલ એવું વિશેષણ કેવું ? કયારે આવવું – જવું તે કાળને જ ખબર નથી એવું બોલવું જ હમ્બગ છે ! ખરી વાત એ છે કે માણસે કોઇ પણ વખતે કરેલી તીવ્ર ઇચ્છા જ્યારે સ્થૂલરૂપ લેવાની હોય છે ત્યારે – તેવે વખતે જો તેનું શરીર ઇચ્છિત કાર્યને યોગ્ય નથી હોતું તો – અગર ઇચ્છિત કાર્યને અનુકૂળ સંજોગોનો અભાવ હોય છે તો, તે શરીર છોડી બીજું ધારણ કરે છે, – પછી ભલે તે વખતે તે બાળક હો, યા યુવાન હો, યા વૃધ્ધ હો ! બાલક, યુવાન, વૃધ્ધ – એ તો "મનુષ્ય"ની દૃષ્ટિએ છે. કાળમાં પોતામાં કાંઇ એવા ખંડ નથી, એવા ભાવ પણ નથી ! તે તો આખા દડાની માફક વહ્યા કરે છે ! વચ્ચે ખાડા આવે તો ખાડામાં જઇ વહયા કરે છે, ટેકરા આવે તો ટેકરાપર થઇ વહયા કરે છે."[૨૭]

ફકત છ પાનમાં પથરાયેલી આ રૂપકાત્મક વાર્તામાં દુનિયાની દૃષ્ટિએ ભયંકર લાગતા કાળનું સ્વરૂપ "કાલ"ને "બોલ" કલ્પીને વાડીલાલે સંવાદરૂપે રજૂ કર્યું છે. કાલ એ વાઘ નહિ પણ બોલ છે એમ સમજનાર વ્યકિતને કદી મૃત્યુનો ડર લાગે નહિ અને સંબંધીના મૃત્યુથી દુ:ખ થાય નહિ. આ તત્ત્વજ્ઞાનથી જ્ઞાત હોવા છતાં માનવીને મૃત્યુ ડરાવે છે એ હકીકત છે.

"મસ્ત વિલાસ" ગ્રંથના પૂર્વાર્ધની અંતિમ વાર્તા છે "રામદાસ સ્વામીનું "પ્રાયશ્ચિત્ત". કરેલાં કાર્યોનું પ્રાયશ્ચિત્ત કરવાના બહાને આપણે બીજાં કેટલાં ખોટાં કાર્યો કરીએ છીએ એ આ વાર્તામાંથી

---

૨૭. "અંજન" : પૃ. ૨૫૦.

ફલિત થાય છે. "પશ્ચાત્તાપ" શબ્દનું વિશ્લેષણ કરતાં વાડીલાલ કહે છે કે –

"પશ્ચાત્તાપ – પાછળથી થતો તાપ, કલેષ. ત્રણપ્રશ્નો : કોને ? કોનાવડે ? કેવી રીતે ? કોને ? – જેનામાં બુધ્ધિતત્ત્વ પ્રકટ થઈ ચૂકયું છે તેવા મનુષ્યને : "જીવ"ભાવને. કોનાવડે ? – "સમાજ"ને વરેલી, "ધર્મ" ને વરેલી, "રાજા"ને વરેલી બુધ્ધિથી. કેવી રીતે ? – " "સમાજ"નો તું આભારી છે, અને સમાજને તેં તારા અમુક કાર્યથી નુકસાન કર્યું છે," "ધર્મ" થી રક્ષાયેલો છે, છતાં ધર્મને તેં તારા અમુક કાર્યથી ઇજા કરી છે," " રાજા કે રાજ્યથી તું જીવે છે, છતાં રાજાને તારા અમુક કાર્યથી તેં નુકસાન પહોંચાડયું છે." – એવા એવા ખ્યાલ ઉપજાવી એ ખ્યાલ વડે તે પોતે પોતાના હ્રદયમાં નિરંતર બળ્યા કરે, સમાજ – ધર્મ – રાજા – –મૂર્તિમાન ભયરૂપ બની એના ચિતમાં ખૂંચ્યા કરે, એવું હીપ્નોટીઝમ એ જ પશ્ચાતાપ."[૨૮] પશ્ચાત્તાપ કરવા માટે આપણે કરેલાં કર્મના કરતાં, બીજાં ખરાબ કૃત્યો કરતાં અચકાતા નથી, એ રામદાસ સ્વામીને લોકોએ કરેલી સજા દ્વારા વાડીલાલે રજૂ કર્યું છે. એને પશ્ચાતાપ કહેવો કે નહિ એ પ્રશ્ન છે, કારણ મૂળ કાર્ય કરતાં પશ્ચાતાપના બહાના હેઠળ થતાં કાર્ય ઘણીવાર વધુ ખરાબ હોય છે.

"મસ્તવિલાસ" નો ઉત્તરાર્ધ "રામાયણ તો મારી જીવનકથા છે",[૨૯] શીર્ષકવાળી કથાથી શરૂ થાય છે. ઉત્તરાર્ધની કથાઓમાં માત્ર તત્ત્વજ્ઞાન વાડીલાલે સભર્યું છે. સંવાદ દ્વારા તત્ત્વજ્ઞાનને

---

૨૮. એજન : પૃ. ૨૫૯.

૨૯. એજન : પૃ. ૨૬૨–૩૧૧.

થોડું હળવું કરવાનો એમણે પ્રયત્ન જરૂર કર્યો છે છતાં પૂર્વાર્ધની વાતો જેટલી સરળતા આ વાતોમાં દેખાતી નથી. એનું કારણ એક જ કે વાડીલાલે ધીમે ધીમે અતિગહન વિષયોને સ્પર્શ્યા છે. રામાયણની કથાનાં મુખ્ય મુખ્ય પાત્રો અને પ્રસંગોને લઈને એનું નવું જ અધ્યાત્મદર્શી અર્થઘટન એમણે સદરહુ કથામાં કરી બતાવ્યું છે. સૌથી પહેલા "રામાયણ" અને "રામ" ના વાડીલાલે કરેલા અર્થ જોઈએ –

"રામાયણ એટલે રામનો "વિલાસ", રામનો "ખેલ," રામનું વ્યવહારમાં વહેવું. "રામ" એ શબ્દ જ પોતાનો અર્થ પોતે કહી આપે છે : નિરંતર "રમી" રહેલો તે રામ. રમવું એ બીજી બધી ક્રિયાઓ જેવી ક્રિયા છે, પણ બીજી ક્રિયાઓ કરતાં આ ક્રિયામાં એક <u>વિશેષતા</u> છે. ..... "રમવા"માં બીજી ક્રિયાની માફક ક્રિયાશીલતા અને ક્રિયાજન્ય થાક છે, પણ "રમનાર" ને એ ક્રિયાશીલતાનું "<u>ભાન</u>" નથી હોતું તેમ થાકનું પણ ભાન નથી હોતું; <u>એટલું જ નહિ પણ</u> ઊલટો "આનંદ" લાગતો હોય છે. રમતમાં હાર થાય છે તો નિરુત્સાહ, ખેદ, વ્યામોહ, કંઈ થતું નથી, કે જે લાગણીઓ "રમત" સિવાયની બીજી બધી ક્રિયાની નિષ્ફળતામાં જરૂર હોય છે. રમતમાં, એથી ઊલટું, પોતાની જ હાર પોતાને <u>હસાવે</u> છે. અને રમતની જીત કંઈ "પ્રાપ્તિ" કરાવતી નથી, અને તે કારણથી થતો મોહ, મદ, લોભ એવો કંઈ વિકાર <u>રમતની</u> જીતથી ઉદ્ભવતો નથી. <u>એ જ કારણ છે કે,</u> "રમત" દરેક <u>સંજોગમાં</u>, <u>આનંદ</u> અને <u>બળ</u> આપવામાં પરિણમે છે, પછી ભલે રમતમાં જીત થઈ હોય કે હાર ......"રામ" <u>કોણ</u> ?...

જે કોઇ પોતાના આખા જીવનને – જીવનમાં થતી દરેક ક્રિયાને "રમત" માફક વહેવડાવી શકતો હોય તે."[30] વાડીલાલ "રામ" શબ્દનું ઉપર્યુકત વિશ્લેષણ કરીને ઉમેરે છે કે માનવી પણ જો જીવનમાં ખેલદિલીપૂર્વક રમી શકે તો તે પણ રામ જ છે. અને " "રમવા"ની –રમ્યા કરવાની યોગ્યતા જેનામાં પ્રકટ થઇ છે, જેણે ક્રિયામાત્રની અંદર રહેલા "વિષ"ને નાબૂદ કર્યું છે, જે હરેક શારીરિક તેમજ માનસિક ક્રિયામાં પોતાના સ્વાભાવિક આનંદ અને સ્વાભાવિક બલનો વિલાસ માત્ર જ કરતો હોય એવું "ભાન" ખીલવી શકયો છે અને એજ "ભાન" જેનામાં નિરંતર રહયું છે, તેવો કોઇ પણ પુરુષ તે રામ છે. જેનું અંદરનું બલ એટલું પૂર્ણ છે કે એ બલમાંથી વહેતી હરેક ક્રિયા એને "આનંદ"ના વિસ્તારરૂપ, આનંદના ઓડકાર રૂપ જ લાગતી હોય,તેવા મનુષ્યને જો કોઇ અર્થસૂચક નામ અપાવું શકય હોય તો તે નામ "રામ" જ છે."[31] વાડીલાલે "રામ" કોને કહેવાય તે જણાવ્યા બાદ "રામ" બનવાની પ્રક્રિયા વર્ણવી છે. "રામ" થવાની ઇચ્છા તો ઘણાની હોય, પણ શી રીતે બનાય તેના સોપાન ગણાવતા કહયું છે કે –

" બુધ્ધિથી સમજ્યા પછી ચિત્તમાં ધારણ કરવું અને પછી કર્મક્ષેત્રમાં આપબળપર મુસ્તાક રહીને ઝૂઝવું : એવા ત્રણ ક્રમનો અમલ કરવા દ્વારા જ મનુષ્ય "રામ" બને છે...... માત્ર સમજવાથી જ નહિ પણ સમજ્યા પછી કર્મક્ષેત્રમાં પ્રવૃત્તિમાં– વ્યવહારમાં,સમજપૂર્વક ખેલવાથી જ આ રામ પ્રકટે છે, – અને એ પછી "આરામ" પણ આપોઆપ વગર તેડાવ્યો આવી મળે છે."[32] રામ બનવા માટે

30. એજન પૃ. ૨૬૮–૨૬૯
31. એજન પૃ. ૨૬૯.
32. એજન પૃ. ૨૭૫.

રામપ્રાગટ્યની ક્રિયાને – આત્મવિકાસની ક્રિયાને વાડીલાલે સાત મુદ્દામાં વહેંચીને, ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે.આ કથામાં સમાવાયેલું તત્ત્વજ્ઞાન પ્રગાઢ અને ગહન છે કે થોડાં વાક્યો કાઢી લઇ એને સમજાવવાનો પ્રયત્ન કરીએ તો અર્થ સ્પષ્ટ થાય નહિ. એનું સંક્ષિપ્ત રૂપ રજૂ કરવા જતાં લેખકને અન્યાય થવાનો સંભવ રહે છે તેથી લેખકના જ શબ્દોમાં યથોચિત રીતે તત્ત્વજ્ઞાન રજૂ કરવાનું ઉચિત માન્યું છે.

સૂર્યવંશી રામના અવતરણ વિશે એમણે નોંધ્યું છે કે – " શક્તિ પોતાના સ્થાનેથી "નીચે" – કોઇ સ્થૂલ પદાર્થ પર – "ઉતરી આવે" એટલેકે "અવતરે" – પદાર્થનો સંગ કરે અને એને ગતિમાન કરે,એ જ "સૂર્યવંશી રામ"નું "અવતરવું". અવતરવું = Descent, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના સમુચ્ચયરૂપ "માયા"ના રાજ્યમાં કાલાતીતનું "ઉતરી આવવું" તે, નિરપેક્ષનું અપેક્ષા ભાનમાં "ખેલવું" તે, સંપૂર્ણનું – અમર્યાદનું મર્યાદિત સ્વાંગમાં નૃત્ય."[33] આ જ પ્રમાણે રામાયણના મુખ્ય મુખ્ય પ્રસંગો અને પાત્રોને આવરી લઇ વા.મો.શાહે કરેલું અર્થઘટન શક્ય તેટલું સંક્ષેપમાં જોઇએ –

રામે રાજા દશરથની આજ્ઞાનું પાલન કર્યું એટલેકે "ધ્યેયનું અનુસરણ કર્યું" ઊંચેથી નીચે આવેલા – અવતારરૂપ પુરુષ – નું ધ્યેય જ્યાંથી તે ઉતરી આવ્યો તે સ્થાન જ હોય, અર્થાત્ "પિતા" જ એનું ધ્યેય હોય, કે જે પિતા "દશ–રથ" હોય. પાંચ જ્ઞાનેન્દ્રિયો, ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને સમષ્ટિભાન.

33. અંજન : પૃ. ૨૧૬.

રામે "રાજ્ય"નો "ત્યાગ" કર્યો એટલેકે "પ્રપંચ"રૂપ અર્થાત્ મન કલ્પિત જગતનો ત્યાગ કરી "જંગલ"માં "એકાંત"માં – પોતાના ચૌદે અંગોને એટલે ચૌદે શક્તિઓને ઓળખવાના પ્રયત્નરૂપ એકાંતમાં નિવાસ કર્યો. એ તો એની "સાધના" "અભ્યાસ" "તપ" "યોગ" નો સમય."

રામે ભરતને રાજ્ય સોંપ્યું એટલે કે – "વિશ્વયોજનારૂપ "પ્રારબ્ધ"ને શિરે પોતાની દરકાર" ફેંકી."યોગીઓ જે વિશ્વાસને "હિરણ્યગર્ભ" કહે છે વેદાંતીઓ જેને "પ્રારબ્ધ" કહે છે, નિત્શે જેને Fate કહે છે, રામાયણ તેને જ "ભરત" કહે છે; પણ લોકો જેને "નસીબ" કે Fate કહે છે તે એ નહિ જ ! આ વિશ્વાસ તો સબળની સુગંધ છે, જ્યારે "લોકો"નું "નસીબ" એ તો અશક્તિની થકાવટ છે. રામે "ભરત" ને રાજ્ય સોંપ્યું પણ "ભગવાં" પહેરી રાગરહિત રક્ષા કરનાર ભક્તે રાજતંત્ર તો શત્રુઘ્ન – Warrior ને જ હસ્તક મૂક્યું હતું !"

વનવાસની શરૂઆતમાં રામે ત્રાટિકા રાક્ષસીને મારી એટલે કે "આશા" નો નાશ કર્યો. ત્યારબાદ "સીતા"નો એમણે અર્થ કર્યો છે કે – " સીતા–સ્વાનુભૂતિ [Will] જેનાથી સદા જોડાયેલી જ છે તે, અને "લક્ષ્મણ" એટલે "લક્ષ્ય 'Goal' ; રાવણે સીતાનું હરણ કર્યું એટલે કે માત્ર "સત્ત્વગુણ"થી જોડાયેલી ઇચ્છાશક્તિ Will ને આસુરી સંપત્તિવાળો રાવણ હરી ગયો; "હનુમાન" એટલે "દિવ્ય વિવેક" અને વિભીષણ, રાવણ અને કુંભકર્ણ એ ત્રણ ભાઇઓ એટલે આપણામાં રહેલા ત્રણ ગુણો(instinct) સત્વ, રજસ્ અને તમસ્ ; રામે ત્રિગઢી

લંકા પર ચઢાઇ કરી એટલેકે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહરૂપી કિલ્લાઓને તાબે કર્યા; લક્ષ્મણે ઇન્દ્રજીતને હરાવ્યો એટલે કે "આધિદૈવિક શક્તિવાળા ઇન્દ્રજીતને આધ્યાત્મિક શક્તિરૂપ લક્ષ્મણે હરાવ્યો"; રાવણે લક્ષ્મણ પર શક્તિ ફેંકીને એને ઘડીભર તોબા પોકરાવી હતી એટલે "આધ્યાત્મિક ભૂમિકાપર રહી યુધ્ધ કરનારને જરાસો "પ્રમાદ" થવા પામ્યો – જરાસો જીતનો ગર્વ થવા પામ્યો–તો આધિદૈવિક શસ્ત્ર" એના હ્દયમાં ભોંકાયું અને તોબા પોકરાવી હતી; રામે રાવણને માર્યા પછી વિભીષણને ગાદી સોંપી એટલે "રજોગુણીને પદભ્રષ્ટ કર્યા પછી સત્ત્વગુણીને" ગાદી સોંપવામાં આવી. વા.મો.શાહે કહ્યું છે કે રજોપ્રધાન યુગનો જ્યાં અંત થાય ત્યાંથી શરૂ થાય સત્ત્વપ્રધાનયુગ". "સીતા" શબ્દના એમણે ઘણા અર્થ કર્યા છે. જેમકે – "સીતા = Will , બોધકેફ, સ્વાનુભૂતિ, લક્ષ્મી (plenty), દેવોના રાજા ઇન્દ્રની સ્ત્રી, હિમાલય (being) નું તત્ત્વ [વીર્ય] લઇ મેના (Becoming) એ જણેલી શક્તિ કે જેનો પતિ મહેશ શંકર છે."[34] અને અંતે "રામાયણ" નો તત્ત્વાર્થ સ્ફુટ કરતાં લખ્યું છે કે –

" अयन એટલે જ નિરંતર વહયા કરવું ! આજે જે સૂઝવણનું – થાકનું – ભૂખનું વહેણ છે તે કાંઇ રામાયણ નહિ ! જ્યારે મનુષ્યમાં દિવ્યતા પ્રકટે, જ્યારે તે સીતા અથવા ઇચ્છાશક્તિનો સ્વામી બને અને પછી ક્રિયારૂપે વહે ત્યારે "રામાયણ" શરૂ થયું માનવું."[35]

---

૩૪. "એજન" : પૃ.૩૦૨.

૩૫. એજન : પૃ.૩૦૩.

બીજાં બધાં શાસ્ત્રો કરતાં વા. મો. શાહના મન ઉપર રામાયણના પાત્રોની અસર વધુ ઘેરી જણાય છે. એમનો આદર્શ માટેનો આગ્રહ રામાયણના આદર્શ પાત્રોના વાંચનને જ આભારી છે એમ કહીએ તો એમાં કશું અનુચિત ગણાશે નહિ. "રામાયણ તો મારી જીવનકથા છે" નો "મસ્ત" અને પંડિત વચ્ચેનો વાર્તાલાપ " "ભ્રમણાતીત" નું અનુભવશાસ્ત્ર"[36] માં ચાલુ રહે છે. એમાં એમની ચર્ચાનો વિષય બદલાય છે. ચોવીસ મૂળતત્ત્વો, સુખ અને દુઃખ, પાપ અને પુણ્ય, જીવ અને "શિવ", "બદ્ધ" અને "મુકત", "ધર્મ" અને "અધર્મ", "ગ્રહણ" અને "ત્યાગ", "પુરુષ અને સ્ત્રી", "ઉપર અને નીચે," "સક્રિયતા અને અક્રિયતા", "ભક્તિ અને નિઃસંગતા," "જ્ઞાન અને અજ્ઞાન," "દિવસ અને રાત્રિ," એ બધાં દ્વંદ્વો શું છે અને કાયમની મુકતદશા કઇ છે એ વિષયો ઉપર તાત્ત્વિક આધ્યાત્મદર્શી ચર્ચા રજૂ કરી છે. આ તત્ત્વજ્ઞાનના વિષયોની ચર્ચામાં પણ શુષ્કતા કે નિરસતા વર્તાતી નથી એ વાડીલાલની કથનશૈલીની વિશિષ્ટતા છે. Being અને Becoming નો અર્થ સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે –

"એક બ્રહ્મ (Being) વ્યવહાર (Becoming) માં આવ્યો ત્યારે "પુરુષ" અને "પ્રકૃતિ" એમ દ્વિધા વહેંચાયો ! એ બે પદનો પુનઃ સંયોગ એ જ "બ્રહ્મ" ! ક્રિયાશીલતા માટે બે પગ આવશ્યક તેમજ "વ્યવહાર" માટે બે પદ – બે પક્ષ – બે રૂપ આવશ્યક , એકમાંથી બે અને બેમાંથી એક એ માત્ર "અન્વય" અને "વ્યતિરેક" નામની બુધ્ધિની બે રમતો છે !"[37]

---

૩૬. એજન પૃ. ૩૧૨–૩૩૬

૩૭. એજન પૃ. ૩૨૫.

"ભ્રમણાતીતની પિછાન" માં આ જ પ્રશ્નોત્તરી વિકાસ પામે છે પરંતુ સદરહુ વાતમાં વાડીલાલે સંસ્કૃત સાહિત્યની "પ્રશ્નોત્તરમાળા" ની પરંપરા અપનાવી લાગે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં દયારામ પાસેથી પણ "પ્રશ્નોત્તરમાળા"ના બે ગ્રંથો મળ્યા છે. તત્ત્વજ્ઞાનને પ્રશ્નોત્તરીના રૂપમાં રજૂ કરવામાં આવતી પરંપરાનું અહીં સ્મરણ થાય છે. સદરહુ કથામાંથી એક ઉદાહરણ આપવાથી એ પ્રશ્નોત્તરીની પરંપારનો ચિતાર સ્પષ્ટ થાય છે –

"પંડિત :– સંન્યાસી અને સંસારી એ બે પૈકી આપ કોને ચઢિયાતો માનો છો ?

મસ્તરાજ:– જેણે "કલ્પના" માત્ર પર જય મેળવ્યો છે તે સંન્યાસી અને જે કલ્પનામાં દબાયેલો છે તે સંસારી.

પંડિત :– આપ અંધ કોને કહો છો અને દેખતો કોને કહો છો ?

મસ્તરાજ:– પોતાની ગતિ ન દેખાય તે અંધ – આખું જગત જેને બ્રહ્મરૂપ (as one harmonious body) દેખાય તે "દેખતો".

પંડિત :– આપ મુક્ત ક્યારથી થયા ?

મસ્તરાજ: જગતને મુક્ત જોયું ત્યારથી !

પંડિત :– એ દૃષ્ટિ થવા માટે આપે સંગ ક્યા સંતનો કર્યો હતો?

મસ્તરાજ:– વિરાગસુત વિવેક (discrimination) નો અને અનુભવનો.

પંડિત: આપે "પ્રપંચ" (Deception) નું મૂળ શામાં જોયું ?

મસ્તરાજ:– પંચ મહાભૂતોમાં.

પંડિત :– આપ સાવધાન કોને કહો છો ?

મસ્તરાજ :- હરેક પ્રસંગે પોતાનું પોતાપણું ભૂલે નહિ તેને"[38]

આ પ્રશ્નોત્તરીમાં પંડિતજી મસ્તરાજને પૂછે છે "આપ શું ખાઓ છો ? શું પીઓ છો ? શું ભોગવો છો ? બીછાનું શાનું કરો છો ? કયાં હરોફરો છો ? કયાં બેસો છો ? કયાં ઊંઘો છો ? કયાં જાગો છો ? કયાં જન્મો-મરો છો ? શું લો છો અને શું છોડો છો ? દેહનું ઠેકાણું કયું અને વતન કયું ? ઇન્દ્રિયોને અને મનને કેવી રીતે મારો છો ? રાત્રિ અને સૂર્ય વચ્ચેનો સંબંધ શો છે ? આપને "મહેનત" પસંદ કે "ફુરસદ" ? આપ નીતિવાનને પસંદ કરો કે અનીતિવાનને ? લોકોને શું ઉપદેશ આપો છો ? શ્રોતા - વકતામાં મોટો કલાવિદ્ આપ કોને કહો છો ? આકાશ, અને પવન બેમાં કોણે મહાન લાગે છે? મહાપુરુષો માટે શું માનો છો ?" ઉપર્યુકત પ્રશ્નોના તાત્ત્વિક ઉત્તર મસ્તરાજ લાઘવયુકત વાણીમાં ખૂબ સરસ રીતે આપે છે. વાડીલાલના વ્યકિતત્વનું એક અનોખું પાસું અહીં જોવા મળે છે.

" પ્રચંડ મસ્તોની અનોખી મસ્તી "[39] શીર્ષકવાળી વાર્તામાં જયાં સિંહ સિવાય બીજું કોઇ વસવાટ ન કરી શકે એવા પર્વત ઉપર મસ્તોની મસ્તી નિહાળવા લેખક આપણને લઇ જાય છે. એમાં મત્સ્યેન્દ્રનાથ અને એમના શિષ્ય ગોરખનાથ તથા જલંધરનાથ અને તેમના શિષ્ય કાનીફનાથની વાત લેખકે રજૂ કરી છે. આ કથામાં તત્ત્વજ્ઞાન કરતાં વાર્તાતત્ત્વ પ્રધાન સ્થાને હોય તેમ લાગે છે. ખરાબ-કૃત્યોમાં સપડાયેલા બંને ગુરુઓને શિષ્યો કેવી રીતે બચાવે છે તે સમગ્ર વાત વાડીલાલે ખૂબ જ રસિકતાથી વર્ણવી છે.

---

૩૮. એજન : પૃ. ૩૪૨.
૩૯. એજન : પૃ. ૩૪૯-૩૯૬.

આ કથાગ્રંથની અંતિમ વાર્તા છે "જેને જે જોઇએ તે મળી રહે છે". કહેવાતા ઢોંગી, દંભી સાધુનો ચિતાર વાડીલાલે આમાં આપ્યો છે. આ ગ્રંથની પ્રત્યેક વાર્તાનાઁ શીર્ષક જોતાં એમ કહી શકાય કે વાર્તામાં આવતા કથનનું સૂચન એના શીર્ષકમાં સૂચવવાનું વા.મો.શાહ ને વધુ પસંદ છે. શીર્ષક વાંચવાથી એ વાર્તામાં કેવો સંભાર ભર્યોં હશે તેનું અનુમાન થઇ શકે છે. સંક્ષિપ્ત શીર્ષકો કરતાં લાંબાં પણ ભાવયુકત અને અર્થપૂર્ણ શીર્ષકો આપવાની વાડીલાલને આદત છે.

"મસ્તવિલાસ" ના કથાવસ્તુ અને તત્ત્વજ્ઞાનને અવલોકયા બાદ એના જેવો જ બીજો એમનો ગ્રંથમણિ "જૈનદીક્ષા" આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે.

## જૈનદીક્ષા

ચેતનવાદની શોધમાં નીકળેલો મિ.શાં જુદા જુદા ધર્મનાં અંતર્ગત તત્ત્વોનો અભ્યાસ કરવાની અભિલાષા ધરાવે છે. ભારતમાં આવી તલાશ કરતાં સૌથી પ્રથમ એમને જૈનધર્મનો અભ્યાસ કરવાની તક સાંપડે છે. જૈનધર્મના અનુયાયી મિ.પાતક નામના એક જૈન પત્રકારનો એમને ભેટો થાય છે એટલે તેની સાથે જૈનધર્મશાસ્ત્રોના સિધ્ધાંતોની ચર્ચામાં ઊંડો રસ ધરાવવાનું શરૂ કરે છે. મિ.શોના જૈનધર્મના અભ્યાસનું અને સિધ્ધાંતોની ચર્ચાનું જે પરિણામ આવ્યું તે આ પુસ્તકમાં એની પોતાની અંગત ડાયરીના સ્વરૂપે, અહેવાલ રૂપે રજૂ કરવામાં આવ્યું છે. એમાં સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, માનસશાસ્ત્ર,

વ્યવહારશાસ્ત્ર, વિજ્ઞાન આદિ વિદ્યાઓને લગતી અનોખી સામગ્રી વ્યવસ્થિત સ્વરૂપે, દલીલબધ્ધરીતે મૂકવામાં આવી છે. "તત્ત્વજ્ઞાનમાં ધર્મની કુમાશ અને સાયન્સની નિષ્ઠુરતા છે."[1] એવી પ્રરૂપણા કરનાર વાડીલાલે આ ગ્રંથના તત્ત્વજ્ઞાનમાં ધર્મની કુમાશ અને સાયન્સની નિષ્ઠુરતાનો પરિચય કરાવ્યો છે.

જૈનધર્મ ઉપર સમગ્ર ગ્રંથનો મદાર હોવાથી શરૂઆતનાં પ્રકરણોમાં જૈનધર્મની ઉત્પત્તિ, વિકાસ અને પતનની વાત કરતાં કરતાં એમાં કેટલા ફિરકા છે અને એ બધા વચ્ચે શું તફાવત છે તે સંક્ષેપમાં બતાવતાં વાડીલાલે કહ્યું છે કે – " દિગમ્બર જૈનો જ્ઞાનને વધુ અગત્ય આપે છે, જ્યારે શ્વેતામ્બર જૈનો ક્રિયા (ceremonials) ને વધુ અગત્ય આપે છે; એટલેકે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનો સ્થૂલ ક્રિયાને–પૂજન વરઘોડા, યાત્રા, ભોજન ઇત્યાદિ ધર્મનિમિત્તે થતી ક્રિયાને – વધુ અગત્ય આપે છે, જ્યારે અમૂર્તિપૂજક શ્વેતામ્બરો તપ, વ્રત, નિયમાદિ સૂક્ષ્મક્રિયા તરફ વધુ ઝૂકે છે."[2]

જૈનધર્મના ફિરકાઓ, તેમની વચ્ચેના ઝગડાઓ, વાદવિવાદ, સામાન્યરિવાજો, રહેણીકરણી વગેરેની ચર્ચા બાદ અત્યંત સાહજિકતાથી લેખક "પ્રેરિતગતિ" "ગતિ" અને "પ્રગતિ"ની તાત્ત્વિક ચર્ચામાં સરી પડે છે. ઉપર્યુક્ત ત્રણે ગતિનો સૂક્ષ્મ તફાવત સ્પષ્ટ કરતાં તેઓ કહે છે કે –

---

૧. " જૈનદીક્ષા" : પૃ. ૨૦૦.
૨. એજન : પૃ. ૫૨.

"પવનના જોરને તાબે થઇને આ આપણો આખો ય તંબુ ઊડે તો તે તંબુની "પ્રેરિત ગતિ" કહેવાય. પેલું નાનકડું પતંગિયું પોતાની ઇચ્છાથી અને વાયુને પોતાનું વાહન બનાવીને અહીં તહીં ઊડે છે તે તેની "ગતિ" કહેવાય. પેલું આકાશમાં ઊંચે ઊડતું ગરૂડ પશ્ચિમનો પવન હોવા છતાં પૂર્વમાં જોરભેર ઊડે છે તે તેની "પ્રગતિ" કહેવાય. પૃથ્વી અને પૃથ્વીરૂપ જનતાના આકર્ષણને જીતી, ઊર્ધ્વ દિશાએ, ઉચ્ચતમ લક્ષ્ય તરફ ગતિ કરનારની "પ્રગતિ" કહેવાય."[3]

મિ.શો અને મિ.પાતક વચ્ચેની આ વિષયની ચર્ચાનો સાર અભ્યાસવા જેવો છે.[૪] સર્વ કોઇ "પ્રેરિત ગતિ"ના જ ગ્રાહકો છે કારણ ચીલાચાલુ, પરંપરિત વિચારસરણી અને રિવાજોને છોડી પોતાની સ્વતંત્રબુધ્ધિથી ગતિ કરવા ઘણી ઓછી વ્યક્તિઓની તૈયારી હોય છે. સમાજનો મોટોભાગ તો એ પરંપરિત ચાલ્યા આવતા પ્રવાહની દિશામાં જ પોતાની જીવનનૌકા હંકારવાનું વધુ પસંદ કરે છે. જે વ્યક્તિ બધાથી જુદી પડી પોતાની સ્વતંત્રસમજથી કે ઇચ્છાશક્તિથી "ગતિ" કે "પ્રગતિ" કરવા ઇચ્છે છે તેને સહાયભૂત થવાનું કામ ધર્મનું છે. ધર્મની સહાયથી જ એ કાર્ય સરળ બને છે એવી વાડીલાલની દૃઢ માન્યતા છે. જનતાને "મદારી"ના વાનર બનવું ન પાલવવું જોઇએ પણ સામાન્ય જનતા તો "પ્રેરિતગતિ"નું જ પરિણામ છે એમ તેઓ જાણે છે. એ "પ્રેરિતગતિ" માંથી વિખૂટો પડી માનવી "વ્યક્તિ" બને, પોતાનું કંઇક સ્વતંત્ર વ્યક્તિત્વ છે એવું અનુભવે ત્યારે તેણે "ગતિ" ની સ્થિતિમાં પ્રવેશ કર્યો કહેવાય. પછી તો પોતે જ

---

3. એજન : પૃ. ૬૯.

૪. એજન : પૃ. ૬૮-૧૧૧.

પોતાનો માર્ગ નિયત કરે અને એ નિશ્ચિત ધ્યેય કે આદર્શની દિશામાં ગતિ કરતાં માર્ગમાં આવતાં અવરોધોને હસતે મોઢે દૂર કરવાનો પુરુષાર્થ કરી ધ્યેય હાંસલ કરે ત્યારે એ "જૈન" બને – "પ્રગતિ" કરનાર બને. "જનતા"ની અપેક્ષાએ જ "જૈન" શબ્દ પ્રયોજાયો છે. જ્યાં ફક્ત "પ્રેરિતગતિ" છે ત્યાં તો નરક છે એમ વા.મો.શાહ સમજાવે છે. જ્યાં વ્યવસ્થાને સ્થાને અંધેર હોય, પાપ અને પતન હોય ત્યાં નરક જ છે. નરક કોઇ દુનિયાથી ઘણે દૂર આવેલો પ્રદેશ નથી. એની હયાતી આ પૃથ્વી ઉપર જ છે. "પ્રેરિતગતિ" થી કરવામાં આવતાં કાર્યો એ નરક તરફ સમાજને દોરી જાય છે. "પ્રેરિતગતિ"થી ચાલતા સમાજમાં વાડીલાલને તો કોઇ "શ્રાવક" કે "વ્યક્તિ" – "ગતિ"ની સ્થિતિએ પહોંચેલી "વ્યક્તિ" – જ દૃષ્ટે પડતી નહોતી તો પછી "
"જૈન" – "પ્રગતિ" સાધનારની તો વાત જ ક્યાં રહી ? એ "જૈન" એટલે કોણ અને તે કેવો હોવો જોઇએ તે દર્શાવી, સર્વકોઇને "જૈન" બનવાની પ્રેરણા મળે એ આ પુસ્તકની રચના પાછળનું વાડીલાલનું ધ્યેય છે.

ચેતનવાદની શોધમાં નીકળેલા મિ.શો ને મિ.પાતક જણાવે છે કે– " જન્મ, જીવન, પરણ અને મરણ : ચારે બાબતમાં અમે કર્તા (subject) નથી, કર્મ (object) છીએ; "મનુષ્ય" નથી, – "જાનવર" છીએ, ચેતન નથી, – જડ છીએ. Like material objects we are acted upon, – pulled, pushed, pressed or blown!

અને તેથી જ અમારો બધો વ્યવહાર જડવાદનો વ્યવહાર છે. અમારી લગ્નસંસ્થા જડવાદની સાક્ષાત મૂર્તિ છે, અમારી વ્યાપારસંસ્થા

જડવાદના પાયા પરની પોલી પણ સુંદર ઇમારત છે, અમારી મિત્રતા – અમારી શત્રુતા – અમારી શેઠાઇ – અમારી નોકરી સર્વ જડવાદનાં સંતાનરૂપ છે, નહિ કે "ઉચ્ચ શોખ"ના – "ખાનદાની"ના – દિલની યોજના – ઊંચા આશયના સંતાનરૂપ".[5]

મિ. પાતકની ઉક્તિ અનુસાર ભારતમાં પણ જડવાદ જ પ્રવર્તતો હતો, સમાજજીવન વિકૃત બન્યું હતું અને એ વિકૃતિનો ખ્યાલ સરખો કોઇને આવતો નહોતો. વિચારક , સુધારક, પત્રકાર, સઘળાંનાં માનસ અતિસંકુચિત થઇ ગયાં હતાં, એ જડવાદની નિશાનીરૂપ વાડીલાલને લાગતું હતું. હિંદમાં પણ જડવાદ જ પ્રવર્તતો હતો એમ કહી મિ. પાતકે ભગ્ન હૃદયે મિ. શોને કહેવું પડે છે કે ચેતનવાદની શોધમાં એમને જો નિષ્ફળતા મળે તો નવાઇ નહિ. આ જ વાતનો ઉલ્લેખ વાડીલાલે ઉપસંહારાત્મક અંતિમ પ્રકરણમાં ફરીથી કરતાં જણાવ્યું છે કે –
"પોલિટિક્સ, વ્યાપાર અને સાયન્સનાં "ફળ" ખાવાનું બધા ધર્મ-ગુરુઓને પાલવે છે, પણ તેઓના "આત્મા" બની તેમને દિવ્ય બનાવવાની તેઓમાં તાકાદ નથી, અને તેથી જ તેઓ તેમાં "પાપ" બતાવે, છે! દ્રાક્ષને પહોંચી શકાતું નથી તેથી તે "ખાટી" છે!"[6]
રાજપ્રકરણ જ્યારથી ધર્મસ્થાનકોમાં પ્રવેશ્યું ત્યારથી જડવાદનો પ્રવેશ થઇ ચૂક્યો એમ તેઓને લાગે છે. જડવાદ અને ચેતનવાદની વધુ સ્પષ્ટતા કરતાં ફૂટનોટમાં સમજાવે છે કે –
" જૈન સાધુઓને એમના કામ પૂરતું પોલિટિક્સ ખેલતાં તો બરાબર આવડે છે. ગુજરાતના ઇતિહાસમાં પણ તેઓએ ક્યાં એ કામ નહોતું કર્યું? – જો કે ધર્મશાસ્ત્ર સઘળી "વ્યવહાર" પ્રવૃત્તિની મના કરે છે

---

૫. એજન, પૃ. ૧૧૧.
૬. એજન, પૃ. ૨૪૪–૨૪૫.

તો પણ! રોમન કેથોલિક ધર્મના Monks સાધુઓ પણ જ્યારથી ધર્મસ્થાનકોને રાજપ્રકરણના અખાડા બનાવવા લાગ્યા ત્યારથી જ એમની કારકિર્દીનો અંત શરૂ થયો. આનું નામ જ જડવાદ. રાજ-પ્રકરણના અંગ બનવું એ જડવાદ છે અને રાજપ્રકરણના આત્મા બનવું એ ચેતનવાદ છે. વ્યાપારીના શાગીર્દ બનવું કે એમના લાભોની ગરજ કરવી એ જડવાદ છે, વ્યાપારીના આત્મા બની એમની વ્યાપાર પ્રવૃત્તિને દિવ્યતા અને વિશાળતા આપવી એ ચેતનવાદ છે."[૭]

વાડીલાલને સદરહુ વચનોને સમર્થન આપતો ચેતનવાદ ભારતમાં ક્યાંય નજરે પડતો નહોતો – જૈનસમાજ અને હિંદુસમાજ, બંનેમાંથી એકેય ચેતનવાદને પથે નહોતા; પરંતુ અધઃપતનને માર્ગે હતા. એ પતનના પથને છોડી કયા પંથને અનુસરવું જોઈએ તેનો ફલિતાર્થ સમજાવતાં નોંધ્યું છે કે –

"બાહ્ય ભાનથી ધર્મની જે કાંઈ વિચારણા થાય તે બધી ક્ષુલ્લક જ હોય, વ્યાપક નહિ. વ્યાપક દૃષ્ટિ ઉપજાવીને વિચારાય તો ધર્મ નામની કોઈ સ્વતંત્ર ચીજ – જીવન અને જગતથી જુદી પડેલી ચીજ – દેખાવા જ ન પામે. જીવન જગતથી સ્વતંત્ર નથી અને ધર્મ જીવનથી સ્વતંત્ર નથી. વ્યાપાર, રાજ્ય, સાયન્સ એમના વગર જો જીવન અશક્ય છે, તો ધર્મ વગર પણ જીવન અશક્ય છે. અને જો ધર્મ વગર જીવન અશક્ય હોય તો વ્યાપાર રાજ્ય, સાયન્સ વગર પણ તે અશક્ય છે જ. "ધર્મ"ને અતિ મહત્ત્વ આપનારાઓએ જ બીજાઓને વ્યાપાર, રાજ્ય, સાયન્સ તરફ ધકેલ્યા છે, જ્યાં તેઓ જડવાદી બની ગયા છે; અને વ્યાપાર, રાજ્ય, સાયન્સને અતિ મહત્ત્વ આપનારાઓએ જ બીજાઓને

---

૭. એજન, પૃ. ૨૪૫.

ધર્મસંસ્થાઓ તરફ ધકેલ્યા છે, જ્યાં તેઓ વહેમી અને અંધશ્રધ્ધાળુ બની ગયા છે. આ પક્ષાપાત વધુ વખત ચાલુ રહેશે તો દુનિયા કાં તો જડવાદના વધતા જતા બળથી નાશ પામશે અગર તો અંધશ્રધ્ધાના વધતા જતા સડાથી નાશ પામશે. કાં તો વ્યાપાર-રાજ્ય- સાયન્સે જરા શાણપણ વાપરી ધર્મને અપનાવવો જોઈએ છે, અગર તો ધર્મ વધુ વ્યાપક બની વ્યાપાર – રાજ્ય – સાયન્સને પોતાના અંગ તરીકે બનાવવાં જોઈએ છે. કાં તો પહાડે મહમ્મદ પાસે જવું જોઈએ, અગર તો મહમ્મદે પહાડ પાસે જવું જોઈએ. ધર્મની દરકાર નહિ કરનારા વ્યાપારીઓ ભૂલે છે. હિંદની ગુલામી એમને જ આભારી છે. ધર્મ જેના હૃદયમાં નથી તેવા રાજ્યદ્વારીમાં Progressive mind અને વ્યાપક દૃષ્ટિ નથી સંભવતી."[૮] આ કથનને સિધ્ધ કરવા વા.મો. શાહે સદરહુ ગ્રંથમાં કેટલાક દૃષ્ટાંતો આપ્યાં છે. દા.ત. પ્રે. વિલ્સનનું દૃષ્ટાંત, ભીમ અને બકાસુરની પૌરાણિક કથાનું દૃષ્ટાંત, સો ગરાસિયાનું દૃષ્ટાંત, એક ફોટોગ્રાફરનું દૃષ્ટાંત અને રાણીના સાળાનું દૃષ્ટાંત. વળી તત્ત્વજ્ઞાનની શુષ્કતા નિવારવા એમણે બીજા પણ કેટલાક લઘુદૃષ્ટાંતો પ્રયોજ્યાં છે.

મિ.પાતક સાથેની ચર્ચા પરથી મિ.શો ને પ્રતીત થવા લાગ્યું હતું કે ચેતનવાદી હિંદ તો ક્યારનું ય મરી ગયું હતું અને એને સ્થાને બુધ્ધિવાદી હિંદ અસ્તિત્વ ધરાવતું હતું. એણે વિચાર્યું કે – "જડવાદ એ બુધ્ધિવાદનું ફરજંદ છે. બુધ્ધિ જેમ જેમ ખીલતી જાય છે તેમ તેમ જડવાદને વધુ ને વધુ પોષણ મળતું જાય છે અને વધુમાં વધુ ઝડપથી નાશ કરે એવાં વિષો આકર્ષક રૂપમાં રજૂ થાય છે. એ subtle

---

૮. એજન, પૃ. ૨૪૧-૨૪૨.

સર્પગતિવાળી બલાનું વિષ ઉતારનાર કોઇ મણિ – કોઇ ગારૂડી – હોય તો તે એક જ છે : ચેતનવાદ કે અધ્યાત્મવાદ."[૯] બુધ્ધિવાદ જ્યાં હયાતી ધરાવતો હોય ત્યાં જડવાદ પ્રવેશવાનો જ, એવું મક્કમપણે વાડીલાલ માને છે. જ્યાં "પ્રેરિતગતિ"નું સામ્રાજ્ય હોય ત્યાં જડવાદ સિવાય બીજું શું હોઇ શકે?

"પ્રેરિત ગતિ", "ગતિ" અને "પ્રગતિ"ના સિધ્ધાંત જેવા જ " ज्ञानक्रियाभ्याम् मोक्षः" સિધ્ધાંતની વિસ્તૃત છણાવટ લેખકે સદરહુ ગ્રંથમાં કરી છે. કોઇપણ વસ્તુ આપણને "સૂઝવી" એ "જ્ઞાન" અને એને સમજી કાર્યરત બનવું તે "ક્રિયા" આ જ્ઞાન અને ક્રિયાના પ્રતાપે જિંદગી આનંદમાં વિતાવી શકાય તેનું જ નામ "મુક્તિ" કે "મોક્ષ". કોઇના પણ દબાણ કે હુકમ વગર આપમેળે પોતાના મનમાં જે સત્કાર્યો કરવાના વિચારો સૂઝે તે જ "જ્ઞાન" અને એ કાર્યોમાં માનવજીવન પ્રવૃત્ત બને તે "ક્રિયા". જેને એ "સૂઝ" ન હોય તેણે તો "ધર્મશાસ્ત્ર" કે "ધર્મગુરુ" એ બે ના સામ્રાજ્યમાં રહેવું જ પડે. જ્ઞાન માનવીના પોતાના અનુભવથી વિસ્તાર પામે ત્યારે એનું સ્વરૂપ કંઇક જુદું જ હોય છે. "જ્ઞાન શબ્દને અંતઃકરણમાંની જ્ઞાનશક્તિ" તરીકે ઓળખાવ્યું છે, કોઇ શાસ્ત્રી કે સિધ્ધાંતના "જાણપણા" તરીકે નહિ; અને "ક્રિયા" શબ્દને "અંતઃકરણની ક્રિયા – life force' – ના રૂપમાં ઓળખાવી છે. શાસ્ત્ર કે ગુરુ, માનવમાં એ "જ્ઞાનશક્તિ" પ્રગટાવવા માટે જરૂરી છે. એ વ્યક્તિત્વ પ્રગટાવ્યા બાદ તે અદૃશ્ય થઇ જાય છે માટે ધર્મસંસ્થાની જરૂર પડે છે. ધર્મસંસ્થા એ એક અનિવાર્ય અંગ છે અને વ્યક્તિત્વ વગરના મનુષ્યોની તે જરૂરિયાત (need) બની રહે છે; તે એક

---

૯. એજન, પૃ. ૨૬–૨૭.

તાલીમવર્ગ છે. ધર્મના સમુદ્રનું મંથન કરી ચૌદ રત્નો જેવાં ધર્મસંસ્થાનાં ચૌદ મહત્ત્વનાં કાર્યો વાડીલાલે તારવી બતાવ્યાં છે જેનો સાર સંક્ષેપમાં રજૂ કરવા મુનાસબ ધાર્યું છે.

શ્રોતાની આંતરિક જ્ઞાનશક્તિ જાગૃત કરવાનું અને ધાર્મિક ક્રિયા-કાંડ દ્વારા ક્રિયાશક્તિ સચેત કરવાનું કાર્ય ધર્મસંસ્થાનું છે. પ્રેરિતજ્ઞાન જ્ઞાનશક્તિમાં પલટાવાને બદલે અંધશ્રદ્ધાનું રૂપ ન લે તેની કાળજી રાખવાની હોય છે. જો એ કાળજી રાખવામાં કચાશ રહી જાય તો પ્રેરિતક્રિયા ક્રિયાશક્તિનું રૂપ લેવાને બદલે ઝનૂન અથવા ધમાંધપણાનું રૂપ લે છે. એ બંને વિકૃતિઓ સમાજને ભયરૂપ હોવાથી, "જનતાની" જવાબદારી સાધુ ન લે, પણ "શ્રાવક"ની જોખમદારી તો સાધુએ લીધેલી જ હોય તેથી સમાજમાં ફેલાતી સઘળી અંધશ્રદ્ધા અને ઝનૂન માટે વાડીલાલે "સાધુ"ને જ જવાબદાર ઠેરવ્યા છે. સાધુએ "શ્રાવક" માંથી "વ્યક્તિ" ઘડવાની હોવાથી પોતે તો વ્યક્તિભાન ભૂલી સમષ્ટિભાનમાં પ્રવેશી ચૂકેલો હોવો જ જોઈએ. "પ્રગતિ"નાં શિખરો સાધુએ સર કરેલાં હોવાં જ જોઈએ. "જનતા", "શ્રાવક" અને "સાધુ" નો તફાવત સ્પષ્ટ કરતાં વાડીલાલ કહે છે કે –

"જનતા , શ્રાવક, અને સાધુ એ ત્રણે શબ્દો <u>ગુણસૂચક</u> છે, <u>જાતિ</u>સૂચક નહિ, અને એકબીજાની અપેક્ષાએ અસ્તિત્વ ધરાવે છે: જનતાની અપેક્ષાએ શ્રાવક છે, અને શ્રાવકની અપેક્ષાએ સાધુ છે: બાકી, વસ્તુતઃ જનતા, શ્રાવક અને સાધુ તમામ "મનુષ્યો" છે અને <u>મનુષ્યસમાજથી બહાર છે નહિ તેમજ પોતાને ગણી શકે નહિ.</u> તફાવત ગુણશક્તિનો છે. જનતા ગુલામમાનસ (slavish mentality) ધરાવે છે અને તેથી ગુલામજીવન ગુજારે છે, સાધુ સ્વતંત્ર માનસ ધરાવે છે અને શાહીજીવન

ગુજારે છે, અને શ્રાવક ગુલામી જીવનમાંથી છૂટી શાહીજીવનની જીત કરવા નીકળેલો પથિક છે, – તે હજી "જૈન"નથી,, ભાવિ જૈન છે... "જનતા" એ તે સામાન્ય ગણ છે કે જેનામાં હજી જીવનના ડંખ પામવા છતાં ય ડંખનું ભાન નથી ઊગ્યું અને છૂટકારાની ઇચ્છા ય નથી જાગી. "શ્રાવક" તે છે કે જેનામાં છુટકારાની ઇચ્છા જાગી ચૂકી છે, કોઇએ નાખેલાં કે અનાયાસ આવેલાં બંધનો સામે "બળવો" (rebellion) જેનામાં જાગી ચૂક્યો છે અને હવે તે પોતાની પસંદગીથી કોઇની તાબેદારીમાં જઇ તેની સહાયથી તે બંધનો તોડવા તલપી રહયો છે. અને સાધુ તે છે કે જે "બળવા"ખોરને આશ્રય આપવા સદા તત્પર અને ખુશી છે તથા શક્તિમાન છે – "બળવાખોર"ને "પ્રેરિત ગતિ"માંથી મુક્ત કરી "ગતિ"માં પોતામાંથી એટલે પોતાની શક્તિમાંથી ઝરતી ક્રિયામાં – મૂકી આપવા સદા તૈયાર અને કુશળ છે."[૧૦] "જનતા", "વ્યક્તિ અથવા શ્રાવક" બને અને ત્યારબાદ તે "શ્રાવક" પ્રગતિની સ્થિતિમાં આવી "સાધુ" કે "જૈન" બને તેટલા વખત સુધીની શ્રાવકની જવાબદારી સાધુએ લેવી અનિવાર્ય છે. "જૈન" કેવો હોવો જોઇએ તે દર્શાવતો "જૈન" શબ્દના આગ્રહ પાછળનો વાડીલાલનો હેતુ "ગધકાર વાડીલાલ"ના પ્રકરણમાં સુસ્પષ્ટરીતે સમજાવ્યો હોવાથી અહીં પુનરુક્તિ ટાળી છે.[૧૧] પરંતુ "જૈન"ના માથા ઉપરની બે માત્રાઓને એમણે "જ્ઞાન" અને "ક્રિયા"ના નામે ઓળખાવી છે તે જોઇએ – "શ્રાવકમાં જ્યારે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રગટે ત્યારે – એ બે પાંખો ફૂટે ત્યારે, – તે "વ્યક્તિ" અથવા "જૈન" કહેવાય, "જન"પર બે પાંખો – બે માત્રાઓ – બે તાકાદો – ફૂટતાં તે "જૈન" કહેવાય".[૧૨]

---

૧૦. એજન, પૃ. ૧૩૧–૧૩૨.
૧૧. "ગધકાર વાડીલાલ", પૃ. ૩૯૪-૩૯૯
૧૨. જૈનદીક્ષા, પૃ. ૧૩૨.

શ્રાવક જ્યારે "પ્રેરિત ગતિ"માંથી "પ્રગતિ"ના સોપાન સર કરે ત્યારે તે "જૈન" કહેવાય. ધર્મસંસ્થાના કાર્યોનો નિર્દેશ કરતાં લેખક કહે છે કે –

"જનતામાંના એક ભાગને – Willing Souls ને – "જૈન" બનાવ્યા પછી પોતે જ અદૃશ્ય થાય અને "જૈન"ને વ્યક્તિને સ્વતંત્રરીતે "પ્રગતિ" કરવાને છૂટો મૂકે : ઊંચે ઉડાડીને પછી પોતે ખસી જાય.[૧૩]

વાડીલાલનો "જૈન"નો આદર્શ ઉપલક દૃષ્ટિએ વિચારનારને સમજાય તેવો નથી. સાચા જૈનસાધુ દ્વારા જ સાયન્સને મદદ મળી શકે અને તત્ત્વજ્ઞાન પણ પ્રગતિ સાધી શકે. માટે જ "તત્ત્વજ્ઞાનમાં ધર્મની કુમાશ અને વિજ્ઞાનની નિષ્ઠુરતા બંનેની આવશ્યકતા વાડીલાલે કલ્પી છે. જૈનધર્મના પારિભાષિક શબ્દો – "શ્રાવક", "સાધુ", "જૈન", "મોક્ષ", "જ્ઞાન", "ક્રિયા" – સાયન્ટિફિક રીતે જ ઘડાયા છે, એમ એમણે પૂરવાર કરી બતાવ્યું છે. એમણે "આલોક", "પરલોક",ની ચર્ચા પણ આ ગ્રંથમાં કરી છે.

સામાન્ય "જનતા"ને પાંચ ઇન્દ્રિયોથી થતી બાહ્યક્રિયાઓનું જ ભાન હોય છે તેથી બાહ્ય દુનિયાને તે "આલોક" કહે છે અને તે સિવાય જે "સૂક્ષ્મ " છે, જે "ઇન્દ્રિયો"થી "પર" છે – અંતઃકરણના ચારે અંગોની ક્રિયારૂપ છે – જે વિશે પોતે તદ્દન અજ્ઞાત છે તેને "પરલોક" માને છે. એ અંતઃકરણની સૃષ્ટિને જ "પરલોક" માનવાને બદલે આકાશમાં સ્વર્ગ–નરકનું અસ્તિત્વ છે એમ લોકો માને છે. એ "પરલોક"તરફની શ્રદ્ધા જ એમને "આલોક" તરફ બેદરકાર બનાવે છે. એમની "પ્રેરિત બુદ્ધિ" એમને ભવિષ્યના અચોક્કસ લાભ માટે ધકેલે છે. "પરલોક"ની

---

૧૩. એજન, પૃ. ૧૩૨.

પ્રાપ્તિનો ઉપાય દર્શાવતાં વા.મો.શાહે સૂચવ્યું છે કે -

"પરલોક ના વર્ણન તરીકે તથા પરલોકની પ્રાપ્તિના ઇલાજ તરીકે જે કંઇ જૈન શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે તે વસ્તુતઃ અંતઃકરણ મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર નું સ્વરૂપ બતાવવાનો યત્ન (Science of mind, Psychology) તથા તેનો ઇષ્ટ રસ્તે ઉપયોગ કરવાની પધ્ધતિ અથવા "કલા" શિખવવાનો યત્ન (Art of Life) , "યોગ" માત્ર છે કે, જેમની સહાયથી મનુષ્યમાં દિવ્યશક્તિઓ પ્રગટે અને એની જીવનભૂમિકા જ દિવ્ય બને."[૧૪] જૈનશાસ્ત્રોને નવાં ચક્ષુથી વાંચવા અને એમાંથી 'Science and Art of Life' જીવનનો સ્વભાવ અને જીવનકળા શિખવનાર રહસ્યો શોધવા પ્રત્યેક વાચકને વાડીલાલે અનુરોધ કર્યો છે. શાસ્ત્રોમાં આલેખાયેલાં ચરિત્રો તો,"મનુષ્યના વિકાસનાં સ્થાયી ચિત્રો" (Permanent History of Man ) છે, એ વાંચવા, સમજવા અને પચાવવા માટે વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિની આવશ્યકતા છે. લેખકે નોંધ્યું છે કે -

"એટલા જ માટે ચોક્કસ ફિરકાવાળાઓ તથા સનાતની બ્રાહ્મણો એમ આગ્રહ કરતા રહયા છે કે શાસ્ત્રો વાંચવાનો અધિકાર માત્ર યોગવહન કરેલા સાધુને જ હોય, મુમુક્ષુ અથવા શ્રાવકને નહિ જ. એ આગ્રહ મૂળે ખોટો નથી. આજે શાસ્ત્રોનું રહસ્ય નહિ જાણનારા સાધુઓ એવો આગ્રહ કરે છે તે તો ફક્ત પોતાનું મહત્ત્વ જાળવવાના સ્વાર્થ ખાતર જ."[૧૫] જ્યાં જ્યાં તક મળી ત્યાં ત્યાં સાધુઓ તરફનો વાડીલાલનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠયા વિના રહયો નથી. બધા જ "જન" છે, કોઇ "જૈન" નથી. એમ જણાવી જૈનસાધુઓ તરફનું ટીકાત્મક

---

૧૪. એજન, પૃ. ૧૩૫.
૧૫. એજન, પૃ. ૧૩૭.

વલણ દાખવતાં એમણે કહ્યું છે કે -

"આખો ય સમાજ એવું મિથ્યાભિમાન ધરાવવામાં સહમત છે કે દુનિયા આખી મૂર્ખ અને પાપી છે અને નરકમાં જનારી છે, અમે જૈનો જ એકલા અક્કલવાળા અને ધર્મી છીએ અને સદ્ગતિના અધિકારી છીએ. આ મિથ્યાભિમાનને લીધે પોતપોતાના બે હાથના વાડા બહાર તેઓની નજર જ જઈ શકતી નથી અને તેથી કૂપમંડૂક તરીકે દરેક જૈન ફુલાઈને ફાટી પડે છે અને "ટી-પોટ"નું તોફાન જગાવી પ્રતિક્ષણ ભાવમરણ - પોતાનું અને બીજાઓનું - ઉપજાવે છે. સાધુ એમ માને છે કે મુક્તિની સાધના તે જ ખરી જાણે છે, બીજા બધા ધર્મપંથોના સાધુ તો "મિથ્યાભિમાની - અવળે રસ્તે ચઢેલા - છે અને તેથી બીજાઓના ધાર્મિક અને તત્ત્વજ્ઞાનવિષયક ગ્રંથોમાંથી મળી શકતા અનુભવોથી તે બેનસીબ રહે છે. દરેક સાધ્વી પોતાને મહાસતી - સીતા તો માત્ર સતી કહેવાતી - કહેવડાવે છે અને સ્ત્રીત્વની સફલતા શામાં છે તે જાણવાની બેદરકારી ધરાવે છે. દરેક શ્રાવક-શ્રાવિકા પોતાને "મહાજન" કહેવડાવે છે અને સર્વ મનુષ્યો તથા જીવોને પોતાનાં દયાપાત્ર માને છે. કોઈ તેમનાથી જુદી જાતનો પોશાક પહેરે તો હોય, કોઈ તેમનાથી જુદી જાતનો ખોરાક કે જુદી રીતે ખાતો હોય, કોઈ તેમનાથી જુદી જાતના રીતરસમ ધરાવતો હોય તો તે એમની દૃષ્ટિમાં "હલકો માણસ![૧૬]
જૈનોમાં મોટા પાયા પર પ્રવર્તી રહેલાં આ પ્રકારનાં દૂષણો તરફ વાડીલાલે લાલ ઝંડી ધરવાનું કાર્ય બજાવ્યું છે.

"જ્ઞાન" અને "ક્રિયા"નું તત્ત્વજ્ઞાન ઊંડાણથી સમજાવ્યા બાદ વાડીલાલે દુનિયાથી ઘણે દૂર કલ્પવામાં આવેલા મોક્ષના અસ્તિત્વને પામવાના ઇલાજ તરીકે "તપ, સંયમ અને ધ્યાન" કરવાનો ઉપદેશ

---

૧૬. એજન, પૃ. ૭૪-૭૫.

આપ્યો છે. "તપ"નો તત્ત્વાર્થ સ્પષ્ટ કરતાં તેઓ કહે છે કે -

"તપ એટલે Exertion શ્રમ, પોતાના મનને શ્રમમાં ઉતારવાની ક્રિયા. મનને શ્રમમાં ઉતારવા માટે શરીરને શ્રમમાં ઉતારવાની ક્રિયાથી શરૂઆત કરવી પડે, તેથી શારીરિક તેમજ માનસિક બંને શ્રમોને "તપ" કહેવાય. ઉપવાસ એ શારીરિક તપ; મનન આદિ એ માનસિક તપ."[૧૭]

"સંયમ"નું રહસ્ય સ્પષ્ટ કરતાં એમણે કહ્યું છે કે -

"મનની સઘળી વૃત્તિઓને - સઘળાં કિરણોને -એકઠાં કરી દાબવાં અને કોઇ પણ ધ્યેય goal લક્ષ્ય પર એ શક્તિ વડે પોતાના "ભાન"ને ઉડાડવાની તૈયારીમાં રહેવું એ "સંયમ". અંગ્રેજીમાં એને self-control વ્યવહારૂ રીતે કહી શકાય, અને ત્યાં self એ મનના અર્થમાં છે, આત્માના નહિ.[૧૮]

અને "ધ્યાન"અને ધ્વનિ સ્ફુટ કરતાં એનો તત્ત્વાર્થ સમજાવ્યો છે કે -

"સંયમક્રિયા વડે એકઠી કરી દાબી રાખેલી મનોશક્તિ વડે પોતાના ભાનને ધ્યેય અથવા લક્ષ્યની દિશામાં - તોપના ગોળાની માફક - ધકેલવું, એનું નામ ધ્યાન. બીજા શબ્દોમાં, ધ્યાન એટલે Action of will upon the Goal." ".[૧૯] આ પ્રમાણેનું તપ, સંયમ અને ધ્યાન કરવાથી જ મોક્ષપદ પામી શકાય છે. સંસ્કૃત ભાષાના આ ત્રણે શબ્દોમાં શારીરિક ક્રિયાને બદલે માનસિક તપ, સંયમ અને ધ્યાનને વધુ મહત્ત્વ અપાયું છે અને શારીરિક તપ કરતાં માનસિક તપનું ફળ ઘણું વધારે હોવા છતાં જૈનો અનેક પ્રકારનાં અનશન કરી શારીરિક તપ સિવાય બીજા પ્રકારના તપની હયાતી વિશે પણ શંકા

---

૧૭. અંજન, પૃ. ૧૩૮.
૧૮. અંજન, પૃ. ૧૩૯.
૧૯. અંજન, પૃ. ૧૩૯.

લાવે છે તે માટે વાડીલાલ સંચિત છે. મોક્ષ "આત્મા"ને મળે છે શરીરને નહિ, તો "આત્મા" ક્યાં છે? "આત્મા" આપણા શરીરમાં છે. "મુક્તિ" કોની થાય છે? "આત્મા"ની – અને આત્મા શરીરની અંદર છે માટે "મુક્તિ" પણ શરીરમાં છૂપાયેલા આત્મામાં જ છે. "આત્મા" ને છોડીને એ ક્યાંય જઇ શકતી નથી. મુક્તિ તે જ મોક્ષ. માટે મોક્ષ પણ આપણા શરીરમાં રહેલા આત્મામાં જ છે. આ પ્રકારની પ્રશ્નોત્તરી દ્વારા વા.મો.શાહે "મોક્ષ"નું તત્ત્વજ્ઞાન સમજાવ્યું છે. "પ્રેરિતગતિ"ને વરેલી, "જનતા"ને આ બધી સૂઝ આપવા "ધર્મશાસન"અત્યંત જરૂરી છે. "ધર્મશાસન" સ્થાપવામાં જરૂરી એવાં ત્રણ મુખ્ય આવશ્યક તત્ત્વોનું પૃથક્કરણ કરતાં તેઓ લખે છે કે –

"૧. દિગમ્બર – તત્ત્વવેત્તા – ભલા-બુરા આશયોને વટાવી ગયેલો સુકાનવગરનો પુરુષ.

૨. તત્ત્વવેત્તાના "જીવન"ને વાંચવાની શક્તિ ધરાવતો, સત્ત્વ-ગુણી હોઇ બીજાઓના વિકાસની જોખમદારી પોતાના શિરપર લેવાને ઉત્સુક એવો, અને તત્ત્વજ્ઞાની પાસેથી મળેલા "ભાવો"ને <u>શ્રોતાના માનસની</u> ભૂમિકાએ પહોંચાડવાની "કળા" જાણનારો અર્થાત્ "નગ્ન સત્ય"ને વિવિધ શ્રેણિના "વ્યવહાર સત્ય" તરીકે પલટાવવાની બુદ્ધિ ધરાવતો પુરુષ અથવા "શ્વેતામ્બર જૈન સાધુ". અને

૩. "માટી"રૂપ "જનતા"માંથી છૂટો પડી "વ્યક્તિ" બનવાની તીવ્ર ઉત્કંઠાથી ઘડતર ક્રિયા માંગવા નીકળેલો જિજ્ઞાસુ અથવા "શ્રાવક". આ ત્રણ ખરા અર્થમાં – હયાતીમાં હોય તો જ એક ખરા અર્થનું "જૈનશાસન" અથવા "વિજયવંતી વિકાસ યોજના"હયાતીમાં આવી શકે."[૨૦]

---

૨૦. એજન, પૃ. ૧૫૧-૧૫૨.

જૈન ધર્મશાસ્ત્રોની પરિભાષા ફક્ત જૈન ધર્મ પૂરતીજ મર્યાદિત નથી પરંતુ સમગ્ર માનવસમાજને ઉદ્દેશીને ઘડાઈ છે એમ દર્શાવવા એ શબ્દોનું નવું અર્થઘટન વાડીલાલે કરી બતાવ્યું છે. દા.ત. "જૈનશાસન" એટલે "વિજયવર્તી વિકાસ યોજના". એવી યોજના વિશ્વમાં વ્યાપે તો શાંતિ સ્થપાય. આ વિષયની તલસ્પર્શી અન્વીક્ષા સદરહુ ગ્રંથના પાંચમાં પ્રકરણમાં એમણે કરી છે. માનવસમાજમાં ધર્મશાસનનું સ્થાન ક્યાં છે તે દર્શાવી નવી ધર્મસ્થાપના કેવી રીતે થાય ઉપરાંત ધર્મનો ધ્વંસ કેવી રીતે થાય તે પણ બતાવ્યું છે. મનુષ્યના માનસનું સ્વરૂપ એનું શુદ્ધિકરણ અને વિકાસ સાધવાના ઇલાજ તથા ધાર્મિક ક્રિયાઓ અને માન્યતાઓનાં વ્યવહારુ રહસ્ય સમજાવ્યાં છે. જૈનશાસન, સાધુ અને શ્રાવકનું કાર્યક્ષેત્ર, વિશ્વદૃષ્ટિએ આલેખ્યું છે, અને સ્વર્ગ, નરક તથા મુક્તિ અહીં જ - "આલોક"માં જ છે તે સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. તત્ત્વવેત્તાઓ કેવા હોવા જોઈએ તે વિશે અંગુલિનિર્દેશ કરતાં નોંધ્યું છે કે -

"રાજવંશી પુરુષની મહત્વાકાંક્ષા કાંઈ મારા તમારા જેવી મર્યાદિત ન હોય. રાજા રાજ્ય કરે તે પણ રાજ્ય વધારવા માટે, ને છોડે તે પણ એટલા જ માટે. સિંહ તરાપ મારવા પહેલાં પાછો હઠે છે, કમાન ઉછાળવા પહેલાં સંકોચાય છે, તત્ત્વવેત્તાઓ સમષ્ટિ પર ઉછાળવા પહેલાં વ્યક્તિત્વને સૂક્ષ્મમાં સૂક્ષ્મ બનાવે છે. એ સર્વ પ્રગતિની અનિવાર્યતાઓ છે."[21] એમની આલોચના અનુસાર તો તત્ત્વવેત્તામાં ધર્મની કુમાશ અને વિજ્ઞાનની નિષ્ઠુરતા બંને અનિવાર્ય છે. વીસ વર્ષની ઉંમરના દરેક યુવાનને વાડીલાલ ક્રાંતિકારી બનવાની સલાહ આપતાં કહે છે કે -

---

૨૧. એજન, પૃ. ૧૬૪.

" જે પ્રજાની દરેકેદરેક વ્યક્તિ વીસ વર્ષની ઉંમરે સ્વભાવત: ક્રાંતિવાદી ન બનતી હોય તે પ્રજાનું પતન શરૂ થઇ ચૂકયું છે એમ સમજવું અને તેવી પ્રજા જલદી ન પડતી હોય તો તેને ધક્કો મારવો એ તેના પર અને એકંદર માનવજાતિપર ઊંચામાં ઊંચી "દયા" છે."[૨૨] વાડીલાલની ક્રાંતિકારી વિચારસરણીનો અહીં પડઘો સંભળાય છે. વીસ વર્ષનો યુવાન ચંચળ, તરવરાટ અનુભવતો, જૂઠાને અનુમોદન નહિ આપતો, ક્રાંતિકારી વિચારો ધરાવતો હોય તો જ તે સમાજ પ્રગતિ કરી શકે. માયકાંગલા જેવા વ્યક્તિત્વહીન યુવાનો જે સમાજમાં હોય તે સમાજ તો પતનને જ આવકારે છે એમાં શંકાને સ્થાન નથી. એ યુવાનોમાં પ્રાણ પૂરવા, એમને સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી વ્યક્તિ બનાવવા વા.મો.શાહે "જૈનશાસન", એટલે કે "વિજયવંતી વિકાસયોજના" ની હિમાયત કરી છે.

દુનિયાની બધી સરકારો "જૈનશાસન" સ્વીકારે એ વાત મિ.પાતકને અસંભવિત લાગે છે ત્યારે પ્રત્યુત્તર વાળતાં મિ.શો કહે છે કે- " બ્રિટિશ અને ફ્રેંચ સરકારો એકબીજાથી સ્વતંત્ર છે, તેમાંની એક-બીજાનો હુકમ નહિ માને. પણ સાયન્સની આજ્ઞા બ્રિટિશ, ફ્રેંચ, જર્મન, અમેરિકન વગેરે બધી સરકારો અને વ્યક્તિઓ પણ માનશે - માને છે. શોધક, વિચારક, તત્વવેત્તા, કવિ; એમના શબ્દને સઘળા દેશો હૃદયમાં ધારણ કરે છે. એમની એ સત્તા આગળ જમીન કે જરની સત્તા ધરાવનારાઓ કંગાલ છે. "જૈનશાસન" જો જીવનના સાયન્સ તથા આર્ટના જીવતા પ્રતિનિધિ તરીકે બહાર પડે તો સઘળી સરકારોએ સ્વેચ્છાપૂર્વક તેની સામે શિર ઝુકાવવું પડે જ."[૨૩] વાડીલાલની

---

૨૨. એજન : પૃ. ૧૯૯

૨૩. એજન : પૃ. ૧૬૪-૧૬૫.

"જૈનશાસન"ની આટલી ઉચ્ચભાવના "જૈન" નામધારી સમાજ કે સાધુઓમાં પ્રતિબિંબિત થતી ન હતી. ગંદી તલાવડીના પાણીમાં તરફડતા એમને જોઇ, એ સાધુઓએ અને જૈનધર્મના કહેવાતા અનુયાયીઓએ "જૈન" અથવા "વિજયશીલ" હોવાનો દાવો છોડી દેવો જોઇએ એમ વાડીલાલ ભારપૂર્વક કહે છે.

સદરહુ ગ્રંથમાં વાડીલાલનું માનસશાસ્ત્રનું (psychology) જ્ઞાન આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે. આપણા સમાજમાં રહેલા ગુનેગારોના અસ્તિત્વ માટે તેઓ આપણી સામાજિક સ્થિતિમાં પ્રવર્તી રહેલા દૂષણોને જ જવાબદાર ગણે છે. ગુનેગારોને સજા કરીને સમાજ તેને રીઢો ગુનેગાર બનાવે છે. એ ગુનેગારોને માનસશાસ્ત્રીયરીતે સારવાર (Psychological treatment) મળવી જોઇએ, કારણ કોઇ પણ વ્યક્તિ જન્મજાત ગુનેગાર નથી એમ તેઓ માને છે. ગુનેગારનો ગુનો, પોતાને થયેલા "અન્યાય"ના "બદલારૂપ" કે સરકારની સત્તા સામેના "બળવારૂપ" હોય છે તેથી સરકાર "વૈર" વાળવા તેને સજા ફટકારે છે. ગુનેગારને માનસશાસ્ત્રીય ઢબે સારવાર કઇ રીતે આપવી તેનું સૂચન કરતાં વાડીલાલ લખે છે કે–

"સઘળી ક્રિયાઓનું ઉત્પત્તિ સ્થાન તો માનસ છે; તેથી અનિષ્ટ ક્રિયાઓ અટકાવવા ઇચ્છનારે માનસની ચિકિત્સા કરવી જ પડશે. અનિષ્ટ ક્રિયા જેને "ગુન્હો" કે "પાપ" કહેવામાં આવે છે તે – જે મનુષ્યોથી થવા પામે તેવા તમામ મનુષ્યોને માનસશાસ્ત્રીઓથી ચાલતી હોસ્પિટલોમાં મોકલી ત્યાં તેના માનસની ચિકિત્સા અને તે પર અનેક પ્રકારના અખતરા કરવા જઇશે, અર્થાત્ જેલોને બદલે

હોસ્પિટલો પાછળ બની શકતો તમામ ખર્ચ કરવો જોઇશે. માનસશાસ્ત્રીઓ જોઇ શકશે કે કેટલાક "ગુન્હા" ઓ માત્ર સ્થાન બદલો (change of place) માગતા હતા, કેટલાક ભોજનપલટો (change of diet) માગતા હતા, કેટલાક વિચાર પલટો (change of trend of mind) માગતા હતા, કેટલાકો જેમને જિંદગી નિરંતર ત્રાસરૂપ થઇ હોય છે તેવાઓ મરણિયા બની ગુન્હામય જીવનમાં ગબડી પડે છે : એવાઓના મગજ નિયમિત રીતે વાદ્ય કે ગીત સાંભળવાથી તથા એમની દરકાર કરનાર કોઇ છે ખરું એવું જોવા પામવાથી પ્રફુલ્લિત (elated) થાય છે અને ગુન્હાનો ખ્યાલ વટિક તેમને થવા પામતો નથી. કેટલાકોને હિપ્નોટિક સૂચન દ્વારા અસલ માનસમાં લાવી શકાય. સૂચન, વાદ્ય, ગીત, મમતાળુ વર્તન, પહાડપર કે સમુદ્ર નજીકનું રહેઠાણ, અમુક ખોરાકો અને પીણાંઓ : આ સર્વ માનસપર જબરી અસર કરી શકે છે પણ કયું તત્ત્વ કયા સંજોગમાં કેવા પ્રકારની અસર કરે તે શોધ માટેના અખતરાઓ પાછળ માનસશાસ્ત્રીઓ અને સાયન્ટીસ્ટોને રોકયા રાખવાનું આજસુધી કોઇ સરકારને સૂઝયું નથી. આ વધુમાં વધુ અગત્યનું કાર્યક્ષેત્ર સરકારોએ કે ધર્મોએ પણ સ્પર્શ્યું નથી. બધા પોતાને "સુધરેલા" કહેવડાવે છે પણ સરકારો સુધરી સુધરીને એટલી જ સુધરી કે "વૈર" ને "ઇલાજ" માનવા જેટલી, અને ધર્મસંસ્થાઓ એટલી સુધરી કે મંદિરો "અનાથ" (?) શાળાઓ તથા પશુશાળાઓને મુક્તિના ઇલાજ માનવા જેટલી !"[૨૪]

એક માનસશાસ્ત્રીય સજ્જતાથી વિચારને સૂક્ષ્મતાથી વાડીલાલ નિરૂપતા હોય એમ અહીં અનુભવાય છે. "જૈનદીક્ષા"માં ધર્મના તત્ત્વજ્ઞાનની સાથે સાથે એમણે સમાજજીવનનું તત્ત્વજ્ઞાન પણ રજૂ કર્યું છે.

---

૨૪. એજન : પૃ. ૧૭૬-૧૭૭.

તાત્ત્વિક વિષયો અને સામાજિક વિષયોને એમણે એવી રીતે પરસ્પર ગૂંથી લીધા છે કે બંનેને જુદા પાડી અવલોકવાથી ગ્રંથની ચર્ચા અપૂર્ણ રહેવાનો સંભવ છે. એમની આ યુક્તિને કારણે જ તત્ત્વજ્ઞાન શુષ્ક કે નિરસ લાગતું નથી. સમાજના મહાન ગુનેગારો તો મહાન પદ પામી સમાજમાં મહાલે છે અને નાનાનાના ગુનેગારો "પાપી"નું બિરુદ પામી સખત સજા ભોગવે છે એ વાત વાડીલાલને મંજૂર નથી એટલે ગુનેગારોને "વૈર"ની સજાથી નહિ પણ પ્રેમથી વશ કરી માનસશાસ્ત્રીય-રીતે સારવાર કરવા સમાજ તેમજ ધર્મને સૂચન કરે છે.

મિ. શો અને મિ. પાતક વચ્ચેના સંવાદ દ્વારા એ વાચકને હળવે હળવે તાત્ત્વિક ઊંડાણમાં લઈ જાય છે. આ ગ્રંથના વાચનબાદ "જ્ઞાન" પામ્યાનો સંતોષ વાચકને જરૂર થાય છે એમ કહેવામાં અતિ-શયોક્તિ નથી. વા. મો. શાહનું ભેળસેળવગરનું નિર્દોષ વ્યક્તિત્વ જ તત્ત્વજ્ઞાન સરળતાથી સમજાવવામાં સફળ થયું છે. સદરહુ ગ્રંથના પ્રત્યેક પરિચ્છેદમાં ઓજસ દીપી રહ્યું છે જે વાચકના મર્મપ્રદેશને સ્પર્શી જાય છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અધ્યાત્મવાદ, એ જ એકાંગી સત્ય નથી એમ કહી સાચો અધ્યાત્મવાદી કોણ એ પ્રશ્નની વિદ્વત્તાપૂર્ણ છણાવટ પણ અહીં એમણે કરી છે.

સંક્ષેપમાં કહીએ તો આ ગ્રંથમાં, જન્મથી શરૂ કરી માનવજીવનમા મૃત્યુ સુધીના પ્રશ્નો પાછળ રહેલા ઊંડા રહસ્યો સમજાવવાનો એમણે પ્રયાસ કર્યો છે. એમની ચર્ચા રાજકારણથી અભડાતી નથી તેથી રાજકારણને સ્પર્શતી વાતોનો માનવજીવનમાં શો હિસ્સો છે તે સમજાવવાની પ્રત્યેક તકનો લાભ લેવાનું તેઓ ચૂકયા નથી. દા.ત.

લોકશાહીના વાદની બૂમાબૂમ હમણાં હમણાં ચોતરફ સંભળાય છે. બર્નાર્ડ શૉની માફક વા.મો.શાહ પણ માને છે કે એ "લોકશાહી" શબ્દ જ લોકવર્ગને અવળે રસ્તે દોરનારો નીવડ્યો છે. તત્ત્વત: લોકશાહી જેવી કોઇ ચીજ અસ્તિત્વ ધરાવતી નથી. એમના જ શબ્દોમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં ઔચિત્ય સમાયેલું છે. –

" સરકાર નામની સંસ્થા તો રહેવી જ જોઇએ અને રહેશે, – ફક્ત એનું સ્થાન બદલાશે. જ્યાં સુધી માનવપ્રાણી હયાત છે ત્યાં સુધી આજ્ઞા કરનાર અને આજ્ઞા ઉઠાવનાર : એવાં બે માનસો રહેવાનાં જ. જ્યાં સુધી મનુષ્યસમાજ બહુધા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક નબળાઇઓથી ભરપૂર હોય ત્યાં સુધી એમાંનો ઓછામાં ઓછી નબળાઇવાળો એક ભાગ "સરકાર" બની આજ્ઞા કરનાર થાય અને બાકીનાઓએ આજ્ઞા ઉઠાવનાર થવું પડે. જ્યારે મનુષ્યસમાજનો એક ભાગ "જૈનશાસન" જેવું એક જીવતું જાગતું આધ્યાત્મિક બળવાળું સંઘટન રચવા જેટલો વિકસિત થાય ત્યારે આજ્ઞા કરવાનું સ્થાન તે લે અને સરકાર તો આજ્ઞા ઉઠાવનાર બને. તે વખતે પણ સરકાર અને પ્રજા તો રહેવાનાં જ, પણ તે વખતની સરકારોની પ્રવૃત્તિ વ્યાપક આશયને અનુસરતી અને વ્યવસ્થિત હશે. અને લોકો તેમાં આજની માફક ન છૂટકે નહિ પણ ઉત્સાહપૂર્વક સહકાર દેશે."[૨૫]

આ ગ્રંથના છઠ્ઠા પ્રકરણમાં મિ.પાતક અને મિ.શાં સ્ટીમરમાં બેસી દરિયાઇ સફરે ઊપડે છે ત્યારે નવાગમન પામતું કેપ્ટનનું પાત્ર પણ તેમની સાથે તાત્ત્વિક ચર્ચામાં ઊતરે છે. જીવનના રહસ્યો સ્ફુટ

---

૨૫. એજન : પૃ. ૧૬૯.

કરતા કેપ્ટનને પણ વાડીલાલે બહાદુર અને જ્ઞાની બતાવ્યો છે. ~~પ્રસ્તુ~~ સમગ્ર ગ્રંથમાં જૈન ધર્મને કેન્દ્રસ્થાને રાખી વિચાર માળખું બંધાયું છે. અંતમાં લેખકે જણાવ્યું છે કે "મિ. શૉ અને મિ. પાતક જૈનધર્મના અભ્યાસબાદ હિંદુધર્મની ચર્ચામાં ઊતરવાના છે તેથી આ ડાયરીનો બીજોભાગ એકલવિહારી જૈન સાધુ તથા જૈનવિચારકની મુલાકાતો વગેરેના અહેવાલ રૂપે રજૂ થવાનો છે. બીજા ભાગમાં હિંદુધર્મને કેન્દ્રસ્થાને રાખી તત્ત્વજ્ઞાનની સઘળી ચર્ચાની ઇમારત ચણવાની હતી પરંતુ એ બીજો ભાગ વાડીલાલ લખી શક્યા નહોતા.

## મહાવીર કહેતા હવા

'My Will-unto-Power Walketh on the feet of thy
Will-unto - Truth.'

ફ્રેડરિક

નિત્શેની આ ઉક્તિ "મહાવીર કહેતા હવા" પુસ્તકનો પ્રાણ છે. સને ૧૯૧૫ માં વા. મો. શાહને "શક્તિશાળી વ્યક્તિત્વ ઘડનારી નીતિની કોઇ અદ્ભુત ભાવનાનું આલેખન કરવાની પ્રેરણા" થઇ આવી ત્યારે સતત સાઠ કલાકના ઐચ્છિક કેદના સેવન દરમ્યાન માત્ર એક જ ભોજનનો આસ્વાદ લઇને એમણે "મહાવીર કહેતા હવા"ની રચના કરી. શ્રી ત્રિભુવન હેમાણીએ કહ્યું છે કે – " જેની અંદર સૂજનજૂની ભાવનાઓને તેમણે અનોખા વાઘા પહેરાવીને મૌલિક દૃષ્ટિએ સમજાવી છે."[૧]

---

૧. "મહાવીર કહેતા હવા" : પૃ. ૩

આ પુસ્તકની રચના પાછળની વાડીલાલની મહેચ્છા અસાધારણ હતી. તેઓએ એ મહેચ્છાને વાચા આપતાં જણાવ્યું છે કે –
" મનુષ્ય પ્રકૃતિ, મનુષ્યની આસપાસની દૃશ્યદુનિયાનું સ્વરૂપ, તથા મન, બુધ્ધિ અને આત્માની ખાસિયત એ સર્વને સમજનાર અને એ સમજ (truth) ને "કલા" (Art) વડે "ઉપયોગ"માં લઇ શકનાર સમર્થ સૃષ્ટા, બ્રહ્મા, મનુ કે મહાવીરની આજે અનિવાર્ય આવશ્યકતા છે. એવા એક મહાવીર અથવા સૃષ્ટાના અસ્તિત્વને શકય બનાવવા માટે હજારો માણસોનો ભોગ આપવો પડતો હોય તો પણ ચિંતા કરવી જોઇતી નથી."[૨]

વાડીલાલને પોતાના જીવનમાં "હિંદને એક નૂતન આદર્શ આપવાનું કર્તવ્ય બજાવવાની ઝંખના હતી. એમનાં મોટાભાગનાં લખાણોમાંથી વિશેષત: એ આદર્શને મૂર્ત કરવાની મથામણ કરતો સૂર જ ધ્વનિત થતો હોય એમ વાચકને લાગે છે. છૂટાંછવાયાં અનેક લખાણો લખવા છતાં એમને સંતોષ થતો નહોતો પણ કંઇક ઊણપ વર્તાતી હતી તેથી "શાસ્ત્ર" રૂપે એક આદર્શ રજૂ કરવાના હેતુથી એ "શાસ્ત્ર"ની પ્રસ્તાવના રૂપે "મહાવીર કહેતા હવા" પુસ્તક લખાયું હતું.

આ પુસ્તક વિશે કંઇ લખતા પહેલાં "મહાવીર" શબ્દના વાડીલાલે કરેલા અર્થ જાણવા અતિઆવશ્યક છે. નિત્શેના 'Superman' નો અનુવાદ વાડીલાલે "મહા-વીર" કર્યો છે – કાકાસાહેબ કાલેલકરે એનો અર્થ "વ્યાઘ્રપુરુષ" અને બીજા એક વિચારશીલ લેખકે "અતિમાનવ" એવો અર્થ સૂચવ્યો છે જ્યારે કેટલાક અગ્રગણ્ય લેખકોએ એ શબ્દના અર્થ નીચે પ્રમાણે કર્યાં છે.

---

૨. અંજન : પૃ. ૭.

" "સવિશેષ પુરુષ – મનસુખલાલ રવજીભાઈ મહેતા
" ઉત્તમ પુરુષ – ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી
" નરપુંગવ" – વિજયરાય કલ્યાણરાય વૈદ્ય
" નરોત્તમ " – નર્મદાશંકર દેવશંકર મહેતા
" પુરુષ પ્રવર" – બળવંતરાય ક. ઠાકોર.

વા.મો.શાહે 'Superman' શબ્દનો માયનો સમજાવવા માટે ભિન્ન ભિન્ન શબ્દો પ્રયોજ્યા છે. દા.ત.

૧. અપવાદરૂપ પુરુષ ૨. લોકોત્તર પુરુષ
૩. શ્રેષ્ઠ પુરુષ ૪. પૂર્ણાવતાર
૫. યુગપ્રધાન ૬. પુરુષોત્તમ
૭. પુરુષસિંહ ૮. મહાપુરુષ
૯. મહાવીર ઇત્યાદિ.[3]

"મહાવીર" કોણ અને સામાન્યજન કરતાં એ શું વિશિષ્ટતાઓ ધરાવે છે એની સ્પષ્ટતા કરતાં વા.મો.શાહ કહે છે કે –

" Superman, ———— એટલે પ્રકાશની પાછળ ચાલનારો નહિ પણ જેની પાછળ પ્રકાશ ચાલતો હોય એવો પુરુષ, ભક્ત નહિ પણ જ્ઞાનયોગ પ્રેરિત કર્મયોગી પ્રકટી આવે અને તૈયાર થયેલી સર્વ શક્તિઓનો સદુપયોગ અને સમન્વય કરી શકે."[4] "મહાવીર–સુપરમેન" શીર્ષકવાળા સ્વતંત્ર નિબંધમાં એ શબ્દની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે કે –

---

૩. "જૈનપ્રકાશ" : તા. ૨૮–૮–૧૯૨૭; પૃ. ૩૭૧.
૪. "સમાલોચક" : ૧૯૨૭ : એપ્રિલ : પૃ. ૨૬૧.

"બહારના તમેજ અંદરના કલેષ માત્ર પર જય મેળવનાર પુરુષ "મહાવીર" કહેવાય. દુનિયાનો ઓછો વધતો પણ અનુભવ પામેલો દરેક મનુષ્ય જાણે છે કે જીવન સ્થૂલ તેમજ સૂક્ષ્મ કાંટાઓથી ભરપૂર છે અને એક કાંટો દૂર કરવા જતાં બીજા ચાર ભોંકાય છે. તથાપિ કોઇ એવા પણ કુશળ પુરુષ હોય છે કે જેઓ જીવનને નિષ્કંટક, કલેષરહિત, આનંદમય બનાવી શકયા છે. જનતાથી જે નથી બની શકતું તે જેનાથી બની શકયું તેવા પુરુષને "સુપરમેન" અથવા પુરુષોત્તમ, મહાવીર, પુરુષસિંહ, પરમપુરુષ ઇત્યાદિ સંજ્ઞા અપાય છે."[5] આ પર્યાયો ઉપરાંત વાડીલાલે તો "તીર્થંકર" શબ્દનો અર્થ પણ "સુપરમેન" કર્યો હોય એમ લાગે છે કારણ –

" તીર્થંકર એટલે જૂનાં સ્વરૂપોને તોડનારો મહેશ્વર ! તીર્થંકર એટલે નવાં સ્વરૂપો ઘડનાર – સ્રજનાર બ્રહ્મા ! તીર્થંકર એટલે તોડવા-ઘડવા મારફત "તત્ત્વ" ને જાળવી રાખનાર વિષ્ણુ ! તીર્થંકર એટલે મહાન કારીગર, Supreme 'Artist' ".[6] તો વળી "જૈનદીક્ષા" ગ્રંથમાં તીર્થંકર શબ્દનો ઉદ્ભવ કયાંથી થયો તે સમજાવી તેનો માયનો રજૂ કરતાં લખ્યું છે કે –

" તીર્થંકર તે પુરુષ છે કે જે મનુષ્યજાતિમાં એવી શકિત પ્રકટાવી શકે કે જે શકિત વડે તેઓ અજ્ઞાનમય અને દુઃખરૂપ જીવનને વટાવી જઇ શકે. દુઃખ અને અજ્ઞાનથી મુકત થવાની શકિત પ્રકટાવી શકે, એટલે કે એવું પરિણામ ઉપજાવવાની યોગ્યતાવાળી યોજના ઘડી શકે તથા એવું સંગઠન કરી શકે તે તીર્થંકર અને એની યોજનાને "ધર્મ" કહેવાય અથવા એણે ઉપજાવેલી શકિતને પણ ધર્મ કહેવાય."[7]

---

૫. શ્રી ત્રિભુવન વી. હેમાણી સંપાદિત : "મહાવીર–સુપરમેન" : ૧૯૭૨ : પ્રથમ આવૃત્તિ : પૃ. ૧.

૬. "જૈન હિતેચ્છુ" : ૧૯૨૧ : જૂન : પૃ. ૧૭

૭. "જૈનદીક્ષા" : પૃ. ૩૮.

નિત્શેનો "સુપરમેન" તે જ વા.મો.શાહનો "મહાવીર" અને મહર્ષિ અરવિંદ ઘોષ નો "આર્ય".[૮] આ ત્રણે વિભાવનાઓમાં પરસ્પર સામ્ય નજરે પડે છે. તત્કાલીન પરિસ્થિતિ જોતાં વાડીલાલને એક "મહાવીર" કે "યુગપ્રધાન"ની અત્યંત આવશ્યકતા જણાય છે. તેઓ કહે છે કે -

---

૮. સરખાવો નિત્શેની "સુપરમેન"ની વ્યાખ્યા "ગદ્યકાર વાડીલાલ" ના પ્રકરણમાં આપી હોવાથી અહીં પુનરુક્તિ ટાળવામાં જ ઔચિત્ય છે પરંતુ "આર્ય" શબ્દ દ્વારા સૂચિત થતો અર્થ મહર્ષિ અરવિંદના શબ્દોમાં જ અવલોકીએ - " આર્ય તે છે કે જે બહાદુર - વીર - હોઇ એક પછી એક પ્રદેશ : આધ્યાત્મિક પ્રદેશ - ભૂમિકાઓ - "ગુણસ્થાનકો" - stages - planes ) : પ્રાપ્ત કરતો ઉચ્ચતમ પ્રદેશે પહોંચવા ઝૂઝે છે, કશાથી ડરતો નથી, થપ્પડ વાગતાં પણ અટકતો કે પાછો ફરતો નથી, બુદ્ધિ મુંઝાઇ જાય એવી ગહન બાબતમાં પણ બુદ્ધિનો યત્ન છોડતો નથી, ભાન ભૂલાઇ જાય એવી બાબતમાં પણ આત્માનો યત્ન અળસાવતો નથી હિંમત અને શક્તિ ખૂટી જાય એવી બાબતમાં પણ પ્રયત્ન ઢીલો કરતો નથી, દૈવી યોદ્ધાની માફક દરેક સ્થૂલ અને સૂક્ષ્મ વસ્તુની સામે લડીને વિજય કરતો કરતો આગળ વધ્યે જ જાય છે, - એવો "વીર" -- Divine fighter and Victor, the noble man, aristos, best, the Shrestha of the Gita....

For always the Aryan is a worker and a warrior. He spares himself no labour of mind or body whether to seek the Highest or to serve it. He avoids no difficulty, he accepts no cessation from fatigue. Always he fights for the Coming of the Kingdom within himself and in the world."

"જૈનહિતેચ્છુ: ૧૯૨૦:જૂનપૃ. ૬૦-૬૩.

" હજારોના ભોગે જ એક "યુગપ્રધાન" પાકે છે અને એક યુગપ્રધાન હજારો નહિ પણ કરોડો સ્ત્રીપુરુષોનો ઉધ્ધાર કરે છે."[૯]

વા.મો.શાહે "સુપરેમન"નું શાસ્ત્ર શીર્ષકવાળું એક પુસ્તક લખવા ધાર્યું હતું પરંતુ એમની એ અભિલાષા અધૂરી જ રહી ગઇ હતી.[૧૦] નિત્શેના 'The Gospel of Superman' ના મનનપૂર્વકના અભ્યાસ બાદ "મહાવીર-સુપરમેન" શીર્ષકવાળો વિસ્તૃત નિબંધ લખી તેને સને ૧૯૨૭ માં પ્રસિધ્ધ કર્યો હતો. તેઓ દૃઢપણે એમ માનતા હતા કે "અવતાર જન્મે છે બનતો નથી. મહાત્મા ગાંધીજીમાં એમને "મહાવીર"નાં લક્ષણો દૃશ્યમાન થયાં હતાં તેથી દેશનું ભાવિ ઘડવામાં ગાંધીજી મહત્ત્વનો ફાળો આપશે એવી આગાહી એમણે 'Political Gita' માં અને "મહાવીર કહેતા હવા"માં કરી હતી. તે નીચે પ્રમાણે છે -
" "જૂનું મંદિર તોડયા સિવાય નવું મંદિર શકય નથી." અને "તોડવાનું કામ "હથોડા"થી જ બને છે." વળી "ઘડવામાં પણ ટાંકણું જ જોઇશે." - ખાસ કરીને કૃષ્ણ અને મહાવીર- હથોડા અને ટાંકણાંના ઉપયોગમાં અતિ કુશળ હતા. મહાત્મા ગાંધી જાણતાં કે અજાણતાં - હથોડા અને ટાંકણાંનો ઉપયોગ કરવા લાગ્યા એ શુભસૂચક છે; પણ ભવિષ્યના ગાંધી હથોડી, ટાંકણું, તલવાર તેમ જ પુષ્પ સર્વ શસ્ત્રોને સફળતાપૂર્વક વાપરશે."[૧૧]

તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સમજવા દરેક વ્યકિત પાસે અમુક માનસિક પૂર્વભૂમિકાની આવશ્યકતા છે. "મહાવીર કહેતા હવા"માં વા.મો.શાહે રજૂ કરેલી તાત્ત્વિક વિચારણા પણ વાચક પાસે

---

૯. "વા.મો.શાહનો સંસારસુધારો" : પૃ.૪૮.
૧૦. શ્રી ત્રિભુવન વી.હેમાણી લિખિત લેખમાંથી "નવચેતન" : ૧૯૫૮ : મે : પૃ.૧૬૭-૧૭૩.
૧૧. "મહાવીર કહેતા હવા" : પૃ.૯.

ચિંતનશીલ અને મનનશીલ માનસની અપેક્ષા રાખે છે. "મસ્તવિલાસ"ના ઉત્તરાર્ધમાં રજૂ થયેલા તત્ત્વજ્ઞાન કરતાં સદરહુ ગ્રંથનું તત્ત્વજ્ઞાન ગહન અને કઠિન નથી છતાં એના પૃષ્ઠે પૃષ્ઠે તત્ત્વજ્ઞાન ભર્યું પડયું છે અને મહાવીર તથા ગૌતમ વચ્ચેના વાર્તાલાપથી એને શકય તેટલી સરળતાથી રજૂ કરવાનો એમણે પુરુષાર્થ સેવ્યો છે.

આ ગ્રંથનો પ્રારંભ એવી રીતે થાય છે કે લેખક કોઇ "મહાવીર" ની શોધમાં શત્રુંજ્યગિરિની ટેકરીઓ પર ધૂમે છે પરંતુ –
" મારી આશા પ્રમાણે કોઇ મહાવીર કોઇ કૃષ્ણ, કોઇ મહમ્મદ, કોઇ નાનક, કોઇ કબીર, કોઇ શિવાજી, કોઇ નેપોલિયન મને રસ્તામાં ટહેલતા કે ગુફામાં બેઠેલા જોવામાં ન આવ્યા."[૧૨]
આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓ ધરાવનારા તે મહા–વીરો તો એકલા જ ફરતા હોય, સિંહ કદી ટોળામાં ન દેખાય તે વા.મો.શાહને વિદિત છે. રાતદિવસ પર્વતપર તપાસ કરતાં એમને જિનવિજયજીનો ભેટો થાય છે. જિનવિજયજીને વાડીલાલે સિધ્ધ–પુરુષ તરીકે બિરદાવ્યા છે. મુનિશ્રી લેખકને "પૂર્વસ્મરણ, ભ્રમણા, અહમ્ અને બુધ્ધિ," સર્વનો ત્યાગ કરી પલાંઠી વાળી બેસવા આજ્ઞા કરે છે એટલામાં "મહાવીર"નો પ્રવેશ થાય છે. શેત્રુંજ્યગિરિ પર ચઢનારે શેનો ત્યાગ કરવો જોઇએ તે મહાવીર લેખકને સમજાવતાં કહે છે કે –

" શેત્રુંજ્યગિરિપર ચડવાની ઇચ્છાવાળાએ – એ તનદુરસ્ત ખુશનુમા હવાની મોજ ઇચ્છનારાઓએ અગાઉનું સઘળું ભણતર ભૂલવું જોઇએ. નીચે ઊભા રહી ઊંચે જોવાને બદલે ઊંચે ઊભા રહી નીચે "જોતાં" શીખવું જોઇએ.

---

૧૨. અંજન : પૃ.૧૧.

જીવનની લાલસા અને મરણ, કે દુ:ખનો ભય એણે બાળીને ભસ્મ કરવો જોઇએ. ભવિષ્યના વિચાર અથવા હાયવોયને હવામાં ફેંકી દેવા જોઇએ. સગવડ સુરક્ષિતપણું જોખમ માત્રથી બચતા રહેવાની ખબરદારી; એ સર્વનો ત્યાગ કરી એક પ્રકારની "બેખબરદારી" પ્રાપ્ત કરવી જોઇએ. એ પ્રમાણે પોતાનો ઢાળો જ બદલી નાખવો જોઇએ...... .... પોતાનું રૂપાન્તર કર્યા વગર મુક્તિ નથી. કોઇપણ પ્રકારની મુક્તિ – સહાયથી – રક્ષાથી – દયાથી મળતી ચીજ નથી. અને મુક્તિ એ કોઇ કાલ્પનિક પદાર્થ નથી. પદાર્થો અને મનુષ્યોની તાબેદારી સ્વીકારનાર કે સહન કરી લેનાર મનુષ્ય ગમે તેવા ભગવાંથી કે ઉગ્ર તપશ્ચર્યાથી કે ગમે તેટલી વિદ્યાથી પણ મુક્તિ મેળવી શકશે નહિ. બુધ્ધિના ક્ષેત્રમાં, રાજકીય ક્ષેત્રમાં, ગૃહસંસારના ક્ષેત્રમાં સર્વત્ર શત્રુંજ્ય કરનારો જીવાત્મા જ મુક્ત છે. અને તે જ મુક્ત છે."[૧૩]

મહાવીર પોતાના યોગબળથી લેખક પાસે પૂર્વઘટનાનું એક દૃશ્ય રજૂ કરે છે. આ ગ્રંથમાં લેખક દૃષ્ટા છે અને તે સમયે, તે સ્થળે જે અલૌકિક ઘટના બને છે તેના પ્રેક્ષક બનીને તેનો અહેવાલ લખે છે, અને તેથી જ આ ગ્રંથનું શીર્ષક "મહાવીર કહેતા હવા" એવું પ્રયોજ્યું છે.

શત્રુંજ્યગિરિ પર મહાવીરને અનુસરનાર ગૌતમ મહાવીરની સહાય યાચે છે અને પોતાનો હાથ પકડી ઊંચે લઇ જવા વિનવે છે. મહાવીર સ્પષ્ટ સંભળાવી દે છે કે હાથ તો સ્ત્રીઓ આપે અને સાથે સાથે બેદરકારીથી ઉમેરે છે કે –

---

૧૩. અંજન : પૃ. ૧૬–૧૭.

" હવે તને કહી દઉં છું કે સ્ત્રી હાથ તો આપે છે પણ.......બદલામાં હૈયું લઇ લે છે !....હૈયું જતાં હિંમત તેની સાથે જ જાય છે; અને તેથી જ સ્ત્રીઓ આટલી બધી હિંમતવાળી છે, જ્યારે આજના પુરુષો રોતલ, માયકાંગલા, પારકા હાથની "હૂંફ" પર જ જીવતા, સ્વબલ અને સ્વમાનના "ભાન" વગરના અને અનુદાર બન્યા છે."[૧૪]

ગૌતમ વસ્ત્રો પહેરીને, એટલે કે દુન્યવી માયાજંજાળને સાથે લઇને શેત્રુંજ્ય ચઢવા પ્રયત્નશીલ બને છે તેથી અનેક મુશ્કેલીઓ સહવા છતાં પ્રગતિ સાધી શકતો નથી. મહાવીર એને સમજાવે છે કે –
" પોતાની મૂર્ખાઇથી કે અશક્તિથી વિકૃત બનાવેલા શરીરનું કદરૂપા-પણું ઢાંકવા માટે, દુનિયાને ઠગવા માટે, "દુનિયાના વિદ્વાનોએ વસ્ત્ર બનાવ્યાં હતાં". " એનો સૌથી પ્રથમ ત્યાગ કરવામાં આવે, શરમ અને ભય બંનેને બાજુએ મૂકી સિંહની માફક નિશ્ચિંતતાથી ફરી શકે તે જ શેત્રુંજ્યનાં શિખરો સર કરી શકે: કોઇપણ પ્રકારની સહાય આપવાનો ઇનકાર કરતાં એમણે ગૌતમને સંભળાવી દીધું કે –
" હું મુડદા ઉપાડતો નથી !...........................
"શક્તિ"ને "ગુન્હો" સમજનાર, "સાહસ"ને "મૂર્ખાઇ" સમજનાર, જમીનપર પેટે ચાલીને દિવસ પૂરા કરવામાં "સભ્યતા" અને "સદ્ગુણ" માનનાર, ડુંગર–ગુફા–સમુદ્ર–આકાશ–સિંહથી ચમકનાર "સદ્ગુણીઓ" મારા શિષ્ય થઇ શકે નહિ."[૧૫] આ સંવાદ દરમ્યાન "ડુંગર–ગુફા–સમુદ્ર–આકાશ–સિંહ" વગેરેને વાડીલાલે "ભવ્ય અને પ્રચંડઊંડી અમર્યાદિત ઊંચી તથા "મસ્ત" ભાવનાઓ Concepts અને એવી

---

૧૪. એજન : પૃ. ૨૧.
૧૫. એજન : પૃ. ૨૨–૨૩.

નીતિઓ તરીકે ઓળખાવી છે. ભયભીત થઇને રહેવું અને પારકાની મદદ યાચી એની રક્ષા અને દયાપર, ઓશિયાળું જીવન વ્યતીત કરવા કરતાં મૃત્યુ ઇચ્છનીય છે એવો સંદેશ આ વાર્તાલાપમાંથી સ્ફુટ થાય છે.

મહાવીરને મારવા ઉધ્યુકત થયેલા ભરવાડની, જૈનશાસ્ત્રની પ્રચલિત વાતનો અહીં ઉલ્લેખ છે. એકવખત ધ્યાનસ્થ બેઠેલા મહાવીરને કોઇ સામાન્ય બાવાજી સમજી એક ભરવાડ પોતાની ચરતી ગાયો સોંપી બીજા કામે જાય છે. પાછા ફર્યા બાદ પોતાની ગાયો ન જોતાં, મહાવીરને પૂછે છે. સઘળી પરિસ્થિતિથી અજ્ઞાત એવા મહાવીર મૌન સેવે છે તેથી ભરવાડ વધુ વહેમાય છે અને પોતાની ગાયો આ બાવાજીએ જ કયાંક છુપાવી હશે એમ ધારી, એમના પર ચોરીનું આળ મૂકી, શિક્ષા કરવાના ઉદ્દેશથી દોરડું પોતાના માથા પર ધુમાવીને મારવા લાગે છે. મહાવીર સ્વરક્ષણ કરવાને સમર્થ છે તેથી વણમાગી મદદે આવનાર ઇન્દ્રને પાછા વાળતાં કહે છે કે -

" ઓ ઇન્દ્ર ! જાણ કે તારા વજ્ર કરતાં અનંતગણું બળ મારી "ઇચ્છાશકિત માં છે, જો કે તે ગુપ્તશકિતને સ્થૂળ રૂપે વાપરી કોઇને દાબી દેવામાં - કોઇની શકિતઓને બહેરી કરી દેવામાં હું "લહેજત" માનતો નથી. આજે મનુષ્યમાં શકિતની ખિલવટ ઘણી ઓછી છે તે કોઇપણ રીતે વધે એ જોવાને જ હું તો ખુશી થાઉં, મનુષ્યો મારા ઉપર પોતાની શકિત અફાળીને પણ એ રીતે પણ - શકિતની ખિલવટ કરે એમાં જ મારી "મજાહ" છે."

" ઓ ઇન્દ્ર ! જાણ કે " સહાય"ની નિરંતર ઇચ્છા એ જ મનુષ્યનું "નરક" છે. સહાય કરનારાઓ સહાય કરવા જતાં જાનનું નુકસાન કરી બેસે છે એ હજી માણસો અને દેવો પણ સમજી શકયા નથી. તું મને 'જીન' ને 'अरिहंत' ને દીન લાચાર અરિ સામે પોતાના બચાવ માટે પારકી સહાયની આવશ્યકતા ધરાવતો પામર પ્રાણી બનાવવા આવ્યો છે એ તારા ખ્યાલમાં પણ નહિ હોય.

"સહાય"ની "કિંમત" આંકનારાઓ ! તમે "ખોટી કિંમત" આંકો છો. સહાય કરવી જ હોય તો શકિત વધારવામાં સહાય કરો પંતુજી - ઠીંગુજી બનાવવામાં - પરાધીન બનાવવામાં સહાય ન કરો. સ્વરક્ષાની અને જયની શકિત દરેક જીવાત્મામાં રહેલી છે, તેને "પ્રગટ" કરવામાં અને ખિલવવામાં સહાય કરવી હોય તો કરજો. પરંતુ તે પણ પરોક્ષ રીતે - દૂર રહીને - સૂર્યના કિરણોની માફક કરજો. જીવાત્માઓને ખરી સહાય એ જ છે."[૧૬]

આવું આંતરિક ખમીર ધરાવતું વાડીલાલનું વ્યકિતત્વ એમના સર્જનાત્મક ગ્રંથોમાં પ્રતિબિંબિત થાય છે ઉપર્યુકત વિચારણા ધરાવતા મહાવીર ભરવાડનો માર મૂંગે મોઢે સહન કરે છે એમને ભરવાડના વર્તન પર દયા આવે છે. આ ભરવાડ કોણ અને ગાયો કોણ તેની સ્પષ્ટતા કરતાં મહાવીર કહે છે કે -
" એ ગાયો અને ભરવાડને તું સમજયો ? લોકો એ ગાયો. અને, લોકોના દિલ પર સત્તા ભોગવતા નૃપાલ અને ધર્મગુરુ, એ તેમના ભરવાડ : તું સમજયો ?"[૧૭]

---

૧૬. અંજન : પૃ. ૩૨.
૧૭. અંજન : પૃ. ૨૫.

આ ભરવાડ મહાવીરને પોતાનો જાતિભાઈ સમજી ગાયોની સોંપણી કરી ગયો. તે જેમ ગાયોને વાડામાં બાંધી રાખે છે તેમ આ બાવાજી પણ લોકો [જનતા] રૂપી ગાયોને પોતાના વાડામાં બાંધી રાખવામાં નિષ્ણાત હશે એમ તેણે માન્યું પરંતુ તેનું અનુમાન ભૂલભરેલું હતું. મહાવીર તો ગાયોના રક્ષક નહોતા એટલે ગાયો પોતાના નિયતસ્થાને જતી રહે એ તદ્દન સ્વાભાવિક હતું. લોકોની સરખામણી ગાયો સાથે કરી બંનેના વર્તનમાં રહેલા સામ્યને તારવી બતાવતાં એમણે લખ્યું છે કે –

" ઓ દેવોના વલ્લભ ! એ તનદુરસ્તી – એ મસ્તી એ જન્મસિધ્ધ શક્તિ, દુનિયાને ભડકાવનારી છે. કારણકે, વાડામાં કે ઘરમાં ખીલે બંધાઈ રહેવામાં અને બે ગજની જમીન પર આળોટવા કે પેટ ઘસીને ખસવા જેટલી પ્રવૃત્તિમાં જ એમની "સુરક્ષિત જિંદગી"ની સહીસલામતી છે ! "લીલું ઘાસ" એમની નજીક આવીને પડે તે ખાઈને ત્યાં જ આળોટી જવાની તેમને છૂટ મળે, – એ ધર્મ એમની પ્રકૃતિમાં ઘુસાડવા માટે વર્ષો અને યુગો સુધી અનંતા ભરવાડોએ શ્રમ સેવ્યો છે !"[૧૮]

સાધુત્વને સાચા સ્વરૂપે અપનાવવામાં નિષ્ફળ નીવડેલા સાધુઓ, ભરવાડોની માફક લોકોને શક્તિહીન, બુધ્ધિહીન જ રાખવા માગે છે કે જેથી પોતાની મહત્તાને આંચ ન આવે. ગાયોને ભાન નથી કે પોતે ખીલે બંધાઈ ચૂકી છે. એ ભરવાડો એમને કદી સ્વતંત્રરીતે વિહરવા દેવાના નથી. એમની બુધ્ધિશક્તિ કુંઠિત રહે તે ભરવાડોના હિતમાં જ છે. મહાવીરે સાચું જ કહ્યું છે કે –

---

૧૮. એજન : પૃ. ૨૭–૨૮.

"પોતાનું ઐશ્વર્ય પિછાણવા અને સ્વીકારવા અને જાહેર કરવામાં, શરમ પાપ-અનીતિ-ગુનો માનવાનું શિક્ષણ ભરવાડોએ ફેલાવ્યું હતું, ગૌતમ ! કારણકે જડ પર રાજ કરવું સહેલું છે ! તેથી ભરવાડોએ ગાયોને વિનીતપણું શિખવ્યું." જનતાનો વિકાસ રુંધી એને પોતાના જ રક્ષણ હેઠળ રહેવાનું ધર્મગુરુઓએ જ શિખવ્યું, અને "લાંબા સમયથી શિક્ષણ પામેલી એ ગાયો ભરવાડના સૂચન પર સર્વસ્વ ન્યોછાવર કરવા તત્પર રહેવાલાગી. એ કહેવા લાગી કે -

" તું અમારા શરીરમાંથી દૂધ દોહી લે અને એ દૂધની મલાઇ વડે સશક્ત થઇ અનંતકાળ સુધી અમારું સ્વામીત્વ ભોગવ ! અમારી "સુરક્ષિત જિંદગી" જાળવવા ખાતર અમારા પર દોરડાં અને દંડના પ્રયોગ પણ ખુશીથી અજમાવ, તારું દિલ ચાહે તેમ અમને રાખ : તારું શરણું એ જ અમારું સુખ છે ." - - - - - - -

"ભક્તો ગુરુને કહે છે : અમારું ધન જ માત્ર નહિ પણ તન અને વળી મન પણ - રે આત્મા પણ - તને સમર્પણ છે ! તું જે ફરમાવે તે અમારી "નીતિ" છે. તું જ્યાં દોરી જાય ત્યાં અમો અંધનું મોક્ષ છે."[૧૯]

આ રીતે સર્વસ્વ સમર્પિત કરતા લોકોને ભરવાડ રૂપ ગુરુઓ ચોતરફથી લૂંટતા હોય છે અને લોકો એમ માને છે કે તેઓ જ એમના મોક્ષદાતા, મુક્તિદાતા છે. આ પ્રકારની અંધશ્રધ્ધા અને જડતાને કારણે જ સમાજમાં ગુરુઓનું વર્ચસ્વ વધી ગયું છે. વા. મો. શાહ નોંધે છે કે મહાવીર આ ભરવાડોમાંના એક નહોતા. ગાયોની સોંપણી કરનાર ભરવાડ એ વાતથી અજ્ઞાત હતો.

---

૧૯. અંજન : પૃ. ૨૯.

આ ગ્રંથમાં વાડીલાલે પોતાના વિચારો મહાવીર દ્વારા ઉચ્ચારાવીને એક યુક્તિ કરી છે. કહેવાતા ધર્મગુરુઓની અને જડ, ઢોંગી, દંભી, નિષ્ક્રિય જનતાની ઝાટકણી કાઢવાનો એમનો ઇરાદો ઘણી જ ચીવટથી અને ગંભીરતાથી પાર પાડયો છે. "જૈનહિતેચ્છુ" ના અંકોમાં તો વારંવાર જનતા અને સાધુઓના પોલ જાહેર કરવામાં એમણે પાછી પાની કરી નથી પરંતુ મહાવીરના કથન દ્વારા પોતાના મનમાં ઘોળાતા સમાજસુધારણા અને ધર્મસુધારણાના વિચારો-ને મૂર્ત રૂપ આપવાની તક અહીં પણ એમણે ઝડપી લીધી છે.

જે ધર્મગુરુઓ પોતાની જાતને ઓળખી શકતા નથી તે બીજાના મુક્તિદાતા શી રીતે બની શકવાના છે ? ગુરુ પોતે જ જો મોક્ષપદને લાયક ન હોય તો બીજાના તારણહાર બનવું એને માટે અશકય છે. મહાવીર કહે છે કે -

" જે [एकने नमावे छे ते 'सर्व' ने नमावे छे!] પોતાની અંદરની અનેક ખીણો અને કોતરો અને ગુફાઓમાં પોતાના જ અનેક સ્વરૂપો સાથે યુધ્ધ કરે છે અને દરેક યુધ્ધને અંતે લોહીથી ખરડાયેલા સ્વરૂપ પર ટેકરી પરનો સૂર્યપ્રકાશ ઝીલતો સતો ખડખડ હસી શકે છે તે જ રાજ્ય કરવાને લાયક છે."[20] ભરવાડ પોતે "રાજા છે કે ગુલામ, માલેક છે કે મિલકત ?" તે વિચારોની ભઠ્ઠીમાં બળીને સ્વસ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી જ કહી શકે. માનવીને ત્રણ અવસ્થાઓમાંથી પસાર થવું જ પડે છે આ ત્રણ અવસ્થાઓને સમજવા મહાવીરની વાણીનો જ આશ્રય લેવો ઉચિત લાગે છે -

---

૨૦. અંજન : પૃ. ૩૫.

" ગૌતમ ! ઊંટ જેમ પોતાની પીઠ પર ગમે તેવો અને ગમે તેટલો બોજો લાદવા દેવા માટે નીચે બેસે છે – અને પરાયો બોજો ઉપાડવામાં જ મરદાનગી કે સદ્ગુણ માને છે – તેમ મનુષ્ય પ્રથમા-વસ્થામાં સઘળી જાતના મનુષ્યકૃત કાયદા-કાનૂન-ધોરણો-સ્મૃતિઓ--શાસ્ત્રો-નીતિઓ-આજ્ઞાવચનોને પોતા ઉપર લાદવા દેવામાં અને એ બોજો વહેવામાં જ મરદાનગી-માણસાઇ-સદ્ગુણ-ધર્મ સમજે છે, જો કે તે જાણતો હોતો નથી કે બોજો લાદનાર કોણ છે, કોના હિતખાતર બોજો લાદવામાં આવે છે, અને કેવા રૂપ-રંગ-સ્વાદ-કિંમતવાળો એ બોજો છે." સૌથી પ્રથમ ઊંટની સ્થિતિમાંથી પસાર થયા બાદ માનવી સિંહ બને છે. તેઓ કહે છે કે –

"પરન્તુ, ઓ દેવોના વલ્લભ ! ઊંટ જ્યારે પીઠ પરના બોજા સાથે દોડી જાય છે અને એકાંત ઉષ્ણ રણમાં આવી પહોંચે છે, ત્યારે તે મસ્તી શીખે છે, અને સિંહ બને છે. પરાયા બોજાને વધુ વખત ઉઠાવવા હવે તે ના કહે છે અને બોજા વગરની સ્વતંત્ર જિંદગી ભોગવવાની "જરૂરિયાત" પહેલ પ્રથમ "જુએ" છે." ત્રીજી "બાળક"ની અવસ્થા|વર્ણવતા મહાવીર નીચે પ્રમાણે કહે છે –

" બોજાનો ત્રાસ અને એકાંત સ્થાન એ બે સંજોગો એનામાં સ્વાતંત્ર્યનું ભાન પ્રેરે છે. આનું જ નામ નીતિ અને આનું જ નામ અનીતિ, "તું આમ જ ચાલ અને તેમ નહિ, તારું હિત કયા વર્તનમાં છે તે નક્કી કરવાનો "અધિકાર" તને હોઇ શકે નહિ "ઇત્યાદિ" "ડચકારા"ને તાબે થવા હવે તૈયાર નથી. તે જૂની "કિંમતો"

તોડવા શક્તિમાન થયો – સિંહ થયો, પણ નવી "કિંમતો"ને ઉપજાવવાની હજુ તેનામાં યોગ્યતા આવી નથી.

હવે તે "બાળક" થાય છે. સિંહથી જે ન બન્યું તે બાળકથી હવે બનશે. બાળક એ નિર્દોષતાનો અવતાર છે. ભૂતકાળનું – ભૂતકાળની ગુલામીઓનું – એને સ્મરણ નથી અને ખ્યાલે ય નથી, તેથી તેનામાં નિર્દોષ નીડરતા છે."[21]

ઊંટની જેમ વિના વિચારે પારકાના તાબે રહી, મૂર્ખ બની, બોજો ઉપાડી નિશ્ચિંતતાથી ફરતા માનવને જ્યારે એકાંત મળે છે અને વિચાર કરવાની તક તથા શક્તિ સાંપડે છે ત્યારે એ બોજો દૂર હડસેલી દઈ સિંહની માફક સ્વતંત્રતાથી વર્તવાનું એને યોગ્ય લાગે છે. એ વિચાર અને વર્તનનું સ્વાતંત્ર્ય જ એનામાં નિર્દોષતા લાવે છે. સંકલ્પ-વિકલ્પરહિત બાળકની જેમ જિંદગીને "રમત" માની જીવતાં શીખે છે અને એનામાં નીડરતા, નિર્ભયતા, ઉત્સાહ અને આત્મશ્રધ્ધાનો સંચાર થાય છે.

જીવનનું તત્ત્વજ્ઞાન આટલું ગાંભીર્યથી સમજાવ્યા છતાં ગૌતમ, મહાવીરની સહાય માગવાનું છોડતા નથી ત્યારે એમને મહાવીરનો વિયોગ થાય છે. સમાજમાં કેટલીય વ્યક્તિઓ ગૌતમ જેવી હોય છે જે પોતાની પીઠ પર પારકો બોજો વહન કરવા છતાં જિંદગીપર્યંત સમજતી નથી અને પોતાની મુક્તિ માટે બીજાનો આશરો શોધ્યા કરે છે. "મહાવીર કહેતા હવા" ગ્રંથમાં માનવજીવનનું મહત્ત્વનું તત્ત્વજ્ઞાન એક લઘુકથાના રૂપમાં મૂર્ત કરવામાં વાડીલાલને અપૂર્વ સફળતા વરી છે, એમ પ્રતીત થયા વિના રહેતું નથી.

---

૨૧. એજન : પૃ. ૩૬–૩૭.

## મહાવીર - સુપરમેન (Superman)

નિત્શેની "સુપરમેન"ની વિભાવના અને વા.મો.શાહની "મહાવીર"ની વિભાવનામાં ઘણું સામ્ય છે તે આપણે જોયું. સદરહુ લેખમાં "શ્રી મહાવીરના અનુભવ પરથી ઉપદેશ લખનાર શાસ્ત્રકારના થોડાંક વચનોની વાનગી" તપાસવાનું કાર્ય વાડીલાલે સ્વીકાર્યું છે. મહાવીરસ્વામી, "મહા-વીર" (Superman) ના સઘળાં લક્ષણો ધરાવતા હતા એમ જણાવી એમના કેટલાક વિશિષ્ટ જીવનપ્રસંગોનું એમણે આગવું મૂલ્યાંકન કરી બતાવ્યું છે. આ લેખ લખવા પાછળનો પોતાનો ઉદ્દેશ જાહેર કરતાં તેઓ કહે છે કે -

"આ લેખનો આશય શ્રી મહાવીર નામક વ્યક્તિનો ઇતિહાસ શોધવાનો નથી, તેમ આખું જીવનવૃત્તાંત આપવાનો પણ નથી. આ લખનાર "સ્વાર્થી" હોઇ અને "સ્વાર્થ"થી પ્રેરાઇને જ ઇતિહાસો ફેંદતો હોઇ ઇતિહાસો તદ્દન ખરા હો/વા અંશે ખરા હો, વા સદંતર કલાની ક્રિયારૂપ હો, અમુક ગ્રંથોમાં આલેખાયેલી વ્યક્તિઓ સ્થૂલ જગતમાં સ્થૂલ દેહે જન્મી હો યા મુદ્દલ જન્મી જ ન હો, - એ કશાથી આ લખનારને લાભ-હાની નથી. ખુદ શાસ્ત્રકારો કહે છે કે સ્ત્રી સ્ત્રી ખાતર પ્રિય નથી, પણ પોતા ખાતર પ્રિય છે; ધન ધન ખાતર પ્રિય નથી, પણ પોતા ખાતર પ્રિય છે ઇત્યાદિ તેમ મને પણ શાસ્ત્રો, શાસ્ત્રકાર, ઇતિહાસ, ઇતિહાસકાર અને ઇતિહાસનું પાત્ર - એ સર્વ મારે ખાતર પ્રિય છે, નહિ કે તેઓની ખાતર - પછી તેમની સ્થૂલ વાસ્તવિકતા માટે મને ચિંતા કરવા જેવું રહેતું જ નથી."[1] આવી

---

૧. "મહાવીર-સુપરમેન" : સને ૧૯૭૨ - આવૃત્તિ પહેલી : પૃ.૭.

માન્યતા ધરાવતા હોવાને કારણે જ જેમ "રામાયણ તો મારી જીવનકથા છે"[૨] શીર્ષકવાળા લેખમાં રામાયણનાં મુખ્ય મુખ્ય પાત્રો અને મહત્ત્વના પ્રસંગોના વિશિષ્ટ અર્થઘટનો વાડીલાલે કર્યા છે તેમ સદરહુ લેખમાં "મહાવીર" (Superman) ના સઘળાં લક્ષણો ધરાવતા જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગોના ધ્યર્થ એમણે તારવી બતાવ્યા છે.

મહાવીરના જન્મ વિશે એક વિસ્મયકારક ઘટના બની હતી તેની નોંધ લેતા વાડીલાલ જણાવે છે કે –

"મહાવીર બ્રાહ્મણકુંડપુરસ્થાને ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર દેવનંદા બ્રાહ્મણીની કુક્ષિએ ગર્ભ રૂપે આવી, બ્રાહ્મણ કુંડપુરસ્થાનની ઉત્તરે આવેલા ક્ષત્રિયકુંડપુરસ્થાનમાં કાશ્યપગોત્રીય સિધ્ધાર્થ ક્ષત્રિયને ઘેર વશિષ્ટ-ગોત્રીવાળી ત્રિશલા ક્ષત્રિયાણી દ્વારા જન્મ પામ્યા. આ અવતરણનો તાત્ત્વિક અર્થ સ્પષ્ટ કરતા વા. મો. શાહે જે કહ્યું છે તે મનનીય છે– "Supermanhood is generated by the consecration of Intellect and will, the culture whereof must have commenced in the blood of parents and great-grand parents and brought to fruition by one's own victory over himself through constant self-imposed intellectual as well as physical discipline. બ્રાહ્મણકુંડપુરસ્થાન = The intellectual type. ક્ષત્રિયકુંડપુરસ્થાન = the ruling type. Note the names of the gotras (moulds) which are काश्यप and वशिष्ठ . कश्यं is spiritual liquor, hence will-to-power, शाककेफ ; काश्यप is one who has drunk कश्यं वशिष्ठ was the guru of the Solar race."[3]

---

૨. "મસ્તવિલાસ" : પૃ. ૨૬૨–૩૧૧.

3. "મહાવીર – સુપરમેન" : પૃ. ૧૦.

આ રહસ્યમય ઘટનાનું વા.મો.શાહે આવું આગવું મૂલ્યાંકન કરી બતાવ્યું છે. "બુધ્ધિ" અને "નીતિ"ના સંસ્કાર બ્રાહ્મણકુળમાં હોય અને "ક્રિયાશક્તિ"ની વિશેષતા ક્ષત્રિયકુળમાં હોય, એ બંને સંસ્કાર અને શક્તિ મહાવીર ધરાવતા હતા. એમની એ અસાધારણ શક્તિઓ વિશે વા.મો.શાહે લખ્યું છે કે –

" પદાર્થ અને આશય એ બંને પર એનું સ્વામીત્વ હોય છે. એને તે પોતા પર સ્થાપતો નથી. તે સૃષ્ટા છે, સૃષ્ટિ નથી; રાજા છે, પ્રજા નથી; કર્તા છે, કર્મ નથી; જીતનારો છે, જીતાયેલો નથી."[૪]

પ્રસ્તુત લેખમાં મહાવીરના ત્યાગજીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગો લેખકે આલેખ્યા છે. દા.ત. દેવદૂષ્યવસ્ત્રનો પ્રસંગ, "મહાવીર કહેતા હવા"માં જે વિસ્તારથી રજૂ થયો છે તે મહાવીરની મદદે આવેલા ઇન્દ્રનો પ્રસંગ, દૃષ્ટિવિષ સર્પનો પ્રસંગ અને મહાવીરની સાથે અનુકરણશીલ ગોશાળાના કેટલાક પ્રસંગો. ગોશાળો એટલે કોણ તે સમજાવતાં તેઓ કહે છે કે –

" "ગો" એટલે ઇન્દ્રિયોમાં જ જેનું ભાન વાસો કરે છે તે; બહિશ્રિત ઇન્દ્રિયો જડ છે અને એનો સંબંધ જડ જગતથી છે, જેથી ગોશાળો એટલે જડ અથવા દૃશ્ય જગતમાં જેનું મન ઇન્દ્રિયો દ્વારા ખેલી રહયું છે તે, જડવાદી."[૫] એ ગોશાળો કેવાં હલકાં કૃત્યો કરે છે તે બતાવાયું છે. ગોશાળાની કથામાં આવતાં ગામો, ઉપવનો કે સ્થાનોનાં નામ ના સૂક્ષ્મ અર્થ સમજવા વાડીલાલે ભલામણ કરી છે. એમાં આવતા જંબુદ્વીપ, ભરતખંડ, મેરૂ ઇત્યાદી ખંડો, પર્વતો, નદીઓ

---

૪. એજન : પૃ. ૧૫.
૫. એજન : પૃ. ૨૧.

વગેરે સઘળાના આધ્યાત્મિક અર્થો સમજવા એમણે વાચકને સૂચના કરી છે. ગોશાળો પણ દૂષણોનો ભંડાર છે. એના "બાલીશતા, ઉન્માદ, છીછરાપણું, બિભત્સપણું, કૃતધ્નપણું અને દંભ" દરેક પ્રસંગમાં પ્રગટ થયા વિના રહેતાં નથી. ગોશાળો નીચમાં નીચ કાર્ય કરતાં અચકાતો નથી તેથી કેટલાક બુધ્ધિવાદીઓને એ પ્રશ્ન થાય કે મહાવીર, ગોશાળોને શામાટે સાથે રાખતા હશે ? આ પ્રશ્ન વાડીલાલે ઉપસ્થિત કર્યો છે પરંતુ એનો પ્રત્યુતર વાળવાનું મુલતવી રાખ્યું છે.

સાચા સાધુનાં લક્ષણો તારવતાં તેઓએ જે લખ્યું છે તે નોંધપાત્ર છે.- " "સાધુ" એટલે મહાત્મા નહિ પણ "સાધક"; તેણે પ્રતિદિન તો શું પણ પ્રતિક્ષણ પોતે પોતાને વટાવી જઇ "ઊંચે" ને વધુ ઊંચે આગળ વધવું જોઇએ. કોઇ પણ "અનુભવ" ને છેવટનો નહિ માનતાં એથી વધુ ઊંચા અનુભવનાં પગથિયાં તરીકે જ દરેક અનુભવ ઘડીવાર સ્વીકારી, ત્યાં પગ સ્થિર કરી, પછી એને વટાવી જવાનું નામ "નિરંતર વિહાર" એ જ "સેલ્ફ સરપાસિંગ" (self-surpassing) એ જ એક્ષેલસિયર" (Excellsior) અને આ જાતનો વિહાર સમજાય ત્યારે જ ખરી સાધના થઇ શકે; અને આ જાતના વિહારની વધુમાં વધુ સારી સગવડ માટે જ ગૃહત્યાગ અને કુટુંબત્યાગ સુચવાયા હતા; નહિ કે ગૃહ અને કુટુંબ એ અમિશ્ર પતનનાં જ સાધનો છે, કે ત્યાગ એ અવશ્ય મુકિત આપનાર છે એમ માનીને. મુસાફરીમાં જેમ બોજો ઓછો તેમ વધુ ઝડપી મુસારફી થવી શકય છે. તેથી જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી અને "જોખમદારીઓ" જેમ બને તેમ ઓછી ઉપાડવી – એવી સલાહ અપાઇ છે."[૬] સાધુઓએ ગૃહત્યાગ કરવો અનિવાર્ય કહેવાય છે તેનું

---

૬. એજન : પૃ. ૨૮-૨૯.

કારણ ઉપર્યુકત અવતરણમાં વા.મો.શાહે સ્પષ્ટ કર્યું છે. જેમ જોખમદારી ઓછી તેમ સાધના ઝડપી બને એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે પરંતુ શારીરિક ત્યાગ કરતાં માનસિક ત્યાગ કરવો વધુ જરૂરી છે. સંસારત્યાગ કરવા છતાં કેટલાક સાધુઓ માયા ત્યાગી શકતા નથી એનું કારણ તેઓએ મનથી એ ચીજો ત્યાગી નથી.

આ લેખમાં આ ઉપરાંત શ્રી મહાવીર સ્વામીના તપ દરમ્યાન-ના બાર વર્ષનો વિકાસક્રમ દર્શાવવાનો વા.મો.શાહે પ્રયત્ન કર્યો છે, અને તેનું સ્પષ્ટીકરણ આપી આ લેખની સમાપ્તિ કરી છે. "રામને બાર વર્ષનો વનવાસ; મહાવીરને બાર વર્ષનો તપ; અલેક્ઝાંડર ડુમાના "કાઉંટ ઓફ મોન્ટી ક્રિસ્ટો" ને જેલના ભોંયરામાં બાર વર્ષનું બંધન ! નિત્શેને તમામ વાદો અને "કન્સેપ્ટસ" (concepts) સાથે બાર વર્ષ સુધી ચાલેલું બુધ્ધિવિષયક ભયંકર યુધ્ધ !"[૭] અહીં તેઓ સમજાવવા માગે છે કે "દરેક અસાધારણ વ્યકિતનો વિકાસક્રમ બાર વર્ષનો સમય લે છે; અને એ સમય દરમ્યાન તેઓ શાસ્ત્રો કે ઉપદેશો દ્વારા નહિ પણ દરેક પ્રાણી – પદાર્થથી અથડામણમાં આવી અંદરના અનુભવો પ્રકટાવવા દ્વારા જ પોતાનો વિકાસ કરે છે, અર્થાત્ એક જ વ્યકિતમાં ગુરુ-શિષ્ય હોય છે."[૮]

મહાવીરના જીવન અને કાર્યોના મુખ્ય પ્રસંગોને વાડીલાલે આ લેખમાં રજૂ કરી એના તત્ત્વજ્ઞાનને નિરસ બનતું અટકાવ્યું છે.

---

૭. એજન : પૃ. ૩૩-૩૪.
૮. એજન : પૃ. ૩૨.

## "નગ્ન સત્ય"

"નગ્નસત્ય" ના લખાણો માટે ગલીઆરા પારિતોષિક પ્રાપ્ત કરનાર વાડીલાલના એ અલગ અલગ અસ્તિત્વ ધરાવતા મણકાઓમાં વિષયવૈવિધ્ય ઘણું છે. જીવનના, ધર્મના, સમાજના તેમજ તત્ત્વજ્ઞાનના કેટલાક વિચારોને એમાં એમણે મૂર્તરૂપ આપ્યું છે. તેમાં તત્ત્વજ્ઞાન-વિષયક પરિચ્છેદમાં વિદેશી તત્ત્વચિંતકોની વિચારણા આપણી વેદ અને વેદાંતની વિચારધારાને સંગત બની રહે તે રીતે સમજાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે. જર્મન ફિલસૂફ નિત્શેના તેઓ સાચા અર્થમાં પુરસ્કર્તા છે પોતાના અંતિમ વર્ષોમાં નિત્શેની કબર પાસે જઈ સમય વ્યતીત કરવાની ઇચ્છા વ્યક્ત કરનાર વા.મો.શાહે નિત્શેની તાત્ત્વિક વિચારસૃષ્ટિનું ઊંડાણપૂર્વક મનન અને પરિશીલન કરીને સર્વોપભોગ્ય શૈલીમાં અર્થઘટન કરી બતાવ્યું છે, ઉપરાંત શોપનહોરના તત્ત્વજ્ઞાન સાથે નિત્શેના તત્ત્વજ્ઞાનની મૂલસ્પર્શી તુલના એમણે રજૂ કરી છે. એમણે કરેલી એ તુલનાનો ભાવાર્થ સંક્ષેપમાં સમજવો અહીં ઉચિત ગણાશે.

શોપનહોર will-to-live નો પુરસ્કર્તા છે. જગતનું મૂળ અને જીવનની ચાવી તે will-to-live માં એટલે કે "અસ્તિત્વ" માં અનુભવે છે, જ્યારે નિત્શે એનાથી એક સોપાન વધુ આગળ જઈને 'will-to-power' એટલે "ઐશ્વર્ય" ને જગતનું મૂળ કલ્પે છે. શોપનહોર 'Being' નો પ્રવર્તક છે તો નિત્શે 'Becoming' નો પ્રવર્તક છે. બંનેએ, વિતૃષ્ણાના ગજથી, બુદ્ધિવાદની મદદથી, "સત્ય"

શોધવાનો પ્રયત્ન કર્યો છે. દરેક વ્યક્તિ કોઇપણ ભોગે પોતાનું અસ્તિત્વ ટકાવવામાં પ્રયત્નશીલ રહેતી હોય છે, આમ જીવતરને વળગી રહેવાની ઇચ્છાવાળી વ્યક્તિને will-to-live ની પ્રકૃતિ ધરાવતી ગણી શકાય. જીવન જીવવાની અદમ્ય અભિલાષા જ, ગમે તેવા દુઃખમાં અને મુશ્કેલીઓમાં તેને તાકાત આપે છે, દુઃખ જીરવવાની શક્તિ આપે છે. આ જ શોપનહોરનો 'Being' નો પાયાનો સિધ્ધાંત છે. એ દરેક ક્રિયામાં અને સૃષ્ટિની ઉત્પત્તિમાં 'will-to-live' ની વિભાવનાને જ મૂળરૂપ માને છે. શોપનહોરની આ તાત્ત્વિક વિચારણાને વા.મો.શાહ સાચી ઠેરવી સમર્થન આપે છે પરંતુ એને એકાંત સત્ય ગણાવતા નથી. આ Being ની ભાવનાના મૂળમાં તેઓ 'Becoming ની ભાવનાને સ્થાન આપે છે. નિત્શેની Becoming, will-to-power ની ફિલસૂફી શોપનહોરના Being, will-tolive ના સિધ્ધાંત કરતાં વિકાસક્રમમાં થોડી વધુ પ્રગતિ દર્શાવે છે. જ્યાં 'will-to-live' "અસ્તિત્વ"ની ભાવના છે ત્યાં 'will-to-power' એટલે "ક્રિયા" છે જ એમ ન કહી શકાય પણ જ્યાં "ક્રિયા" હોય ત્યાં "અસ્તિત્વ" જરૂર છે, માટે "અસ્તિત્વ" ના મૂળમાં 'will-to-power' જાણે અજાણે છે જ એમ નિત્શે માને છે અને વા.મો.શાહ તેને અનુમોદન આપે છે.

દરેક વ્યક્તિના જાગૃત માનસમાં ભિન્ન ભિન્ન ભાવનાઓ (Ideals) હોય છે, એના સુષુપ્ત માનસમાં will-to-live એટલે "અસ્તિત્વ"ની પ્રબળ ભાવના છુપાયેલી હોય છે અને એ સુષુપ્ત

માનસની પણ પેલેપાર, એના પણ ઊંડાણમાં 'will-to-power' હોય છે જ્યાં "એક અને અનેકનું અસ્તિત્વ જ નથી," વા. મો. શાહના શબ્દોમાં જ કહીએ તો will-to-power ની ભાવનામાં " જીવવું અને મરવું એ "બે" અર્થાત્ દ્વૈતને અવકાશ જ નથી. માટે વેદાંત જ્યાં "બ્રહ્મ" શબ્દથી અવાજ કરે છે ત્યાં નિત્શેના will-to--power ની જ છડી પોકારે છે અને જ્યાં વેદ "સમષ્ટિ" અને "હિરણ્યગર્ભ" નું નામ પોકારે છે ત્યાં શોપનહોરના will-to-live નો પડઘો પાડે છે."[1] આપણા વેદમાં શોપનહોરનો "હિરણ્યગર્ભ" અને સૂક્ષ્મ આત્માની હયાતી દર્શાવતો સિધ્ધાંત વિકાસ પામ્યો છે જ્યારે વેદાંતમાં નિત્શેના will-to-power ના સિધ્ધાંતને સમાવવામાં આવ્યો છે એવું વા. મો. શાહનું સ્પષ્ટ મંતવ્ય છે.

Will-to-power ને સુષુપ્ત માનસના ઊંડાણમાંથી સુષુપ્ત માનસમાં અને ત્યારપછી જાગૃત માનસમાં લાવવાની પ્રક્રિયાને વાડીલાલે "યોગ" કહયો છે. "યોગ"નો વાસ્યાર્થ સમજાવતાં તેઓ લખે છે કે –

" યોગનો અર્થ બીજો કોઇ નહિ પણ will-to-power, sub-conscious mind ના પણ તળિયે દટાયેલી સ્થિતિમાંથી Sub-conscious mind માં લાવવાનો અને ત્યાંથી Conscious mind માં લાવવાનો પુરુષાર્થ – અને ધોરણસરનો Scientific effort – એ જ યોગ."[2] આ પ્રકારનો યોગ સાધવા દરેક વ્યક્તિ શક્તિમાન હોતી નથી; કોઇક વીરલા જ એ "બ્રહ્મ"ને પારખી શકે છે. ઇશ્વરની

---

1. અપ્રગટ લેખમાંથી
2. એજન.

હયાતીમાં માન્યતા ધરાવી, એ માન્યતાને "શ્રધ્ધા"માં રૂપાંતરિત કરી, પોતામાં ઐશ્વર્ય (Will-to-power) પ્રગટાવવાના હેતુથી આપણાં પુરાણો અને વેદોએ ચોક્કસ પ્રકારની "ક્રિયા"ઓ ફરમાવી છે એમ વાડીલાલ માને છે. માત્ર "અસ્તિત્વ"ની વિચારધારાને જ મહત્ત્વ આપનારને "ક્રિયા"માં દુઃખ લાગે છે પણ ગાંભીર્યપૂર્વક મનન કરતાં સમજાય છે કે – " ~~'Becoming'~~

" 'Becoming' એ 'Being' ની જ "લીલા" છે – "નૃત્ય" છે અને 'Becoming' માં 'Being' સમાયેલું પડયું જ છે."[3] આમ શોપનહોર વેદની જેમ 'Will-to-live', 'Being' ના સિધ્ધાંતને સમજાવવામાં સમર્થ નીવડયા છે પણ નિત્શે એનાથી આગળ વધ્યા છે. વા.મો.શાહે બંનેના સિધ્ધાંતોને સત્ય ઠરાવી બંનેનું તાત્પર્ય સમજાવતાં નોંધ્યું છે કે –

" શોપનહોરનું અંતિમ સત્ય 'Being' છે અને નિત્શેનું અંતિમ સત્ય 'Becoming' છે. બુધ્ધિની પેલીપારના તે "અકથ્ય કંઇ"ની આ બંને બાજુઓ છે. અથવા Being માંથી જ Becoming ઉદ્ભવે છે અને Becoming મારફતે જ Being માં ભળાય છે. એકલા Being માં સત્ય શ્રધ્ધનાર મનુષ્ય સુસ્ત બને છે, એકલા Becoming માં સત્ય શ્રધ્ધનારને ક્રિયાનો જવર આવે છે. પણ આમાં ઇચ્છાનો સવાલ નથી, પ્રકૃતિનો સવાલ છે; કોઇ પ્રકૃતિ Being માં જ શ્રધ્ધા ધરાવી શકે, કોઇ Becoming માં જ આનંદ માની શકે. પરંતુ બંને પોતપોતાને રસ્તે એક નિષ્ઠાથી ચાલ્યા જવાને પરિણામે છેવટે એક સ્થળે મળે છે, કે જ્યાંથી બંને

---

3. "જૈનહિતેચ્છુ" : ૧૯૨૧ : જૂન : પૃ.૧૨૩–૧૨૪.

પોતાને Being તરીકે જુએ છે અને આખી દુનિયા એ Being નો "ખેલ" - 'Becoming' - હોય એમ જુએ છે."[૪]

વાડીલાલ જણાવે છે કે Being ના સિધ્ધાંતમા માન્યતા ધરાવનાર તેના "વિરાગ"માં સુખી હોય છે અને Becoming ના ભકતો તેની "ક્રિયા"માં સુખી હોય છે. પરંતુ બંનેને સમજીને વખાણવા છતાં જે વિચારક એ બેમાંથી એકે ય વિચારસરણીને અપનાવી શકતો નથી તે દુ:ખી છે. કોઇ વાતથી તદ્દન અજ્ઞાત કે અજાણ હોવું સારું પણ જાણવા છતાં તેને છોડનારા તો દુ:ખી જ થાય. તેથી "સુખી છે તેઓ કે જેઓ છૂપા ભેદોમાં માથું ઘાલવાની લતથી વેગળા છે" એમ વાડીલાલની ધારણા છે. નિત્શેને જડવાદી માનતા કેટલાક વિજ્ઞાન વિચારકોને 'Cosmos' અથવા "વિરાટનું સ્વરૂપ" સમજાવવા માટે જરૂરી આવશ્યક લક્ષણો તરફ અંગુલિનિર્દેશ કરતાં તેઓ કહે છે કે -

" 'Cosmos' અથવા વિરાટનું સ્વરૂપ સમજવું અને તેનાથી તદાકાર થવું તથા "વિશાળ જીવન જીવવું એને - જિંદગીના એ લક્ષ્યને- તત્ત્વજ્ઞાનીઓના એ તત્પદને - કબીર "હીંડોળો" એવી "ભાવના"થી વ્યકત કરે છે અને નિત્શે 'Becoming' એવું નામ વાપરી "ઝરા" ની "ઉપમા" આપે છે. તે છતાં આ વસ્તુસ્થિતિનો ખ્યાલ તો માત્ર તેમને જ આવવો શક્ય છે કે જેઓએ બુધ્ધિ અને લાગણી બંનેને તીવ્ર બનાવી હોય, તે સાથે જ તેમના પર અંકુશ મેળવ્યો હોય, બુધ્ધિ અને લાગણી વડે ભયંકરમાં ભયંકર અખતરાઓ વચ્ચે પસાર થઇ

---

૪. અંજન : ૧૯૨૦ : જૂન : પૃ. ૨૩૭.

"અનુભવ" મેળવવાની "ગજબની હિંમત" કેળવી હોય, પોતાના પંડનો પણ અવિશ્વાસ કર્યો હોય અને પંડને પણ રીબાવવામાં "મઝા"માની હોય. તેઓ જ પોતાના ભાનને આટલી ઊંચાઇએ, ઊંડાઇએ અને પહોળાઇમાં મોકલવાની શકિત ધરાવી શકે. બીજાઓ તો એ વસ્તુસ્થિતિનો ખ્યાલ બુધ્ધિના સંકુચિત "માપ"થી જ કરવા જાય અને ખોટો જ ખ્યાલ બાંધી શકે."[5] વળી નિત્શેને "જડવાદી" "અહંકારનું પૂતળું" અને "દીવાનો" ગણી ધૂત્કારનારા વિદ્વાનોને ટોણા મારતાં વાડીલાલ કહે છે કે –

"હિંદના એક પ્રસિધ્ધ સાક્ષર અને વેદાન્તના સારા અભ્યાસી ગણાતા પ્રોફેસર મહાશયે એક વખત નિત્શેને "છીછરો" કહ્યો હતો. કારણકે નિત્શે બુધ્ધિવાદથી "નિબંધ" કે "વાદ" લખવાની "દરકાર" કરતો નથી અને માત્ર "સૂત્રો" લખે છે તેથી એની "ઊંડાઇ" સમજવી મુશ્કેલ છે. અને ઉપનિષદની માફક નિત્શેપર ટીકા લખનાર હજી કોઇ પાકયા નથી ! ટીકા લખે પણ કોણ ? જેમની પાસેથી આપણે એવી આશા રાખીએ તેઓ તો હજી નિત્શેને સમજી જ શકયા નથી તો બીજાની શી વાત કરવી ? દરેક ગહનચીજ બુધ્ધિગમ્ય થવાને સૈકાઓ માગે છે ! ઉપનિષદો સૈકડો વર્ષ બાદ હજી હમણાં બુધ્ધિગમ્ય થવા લાગ્યાં છે – અરવિંદનો પ્રકાશ તેને હમણાં જ મળે છે."[6] નિત્શેના તાત્ત્વિક સૂત્રાત્મક રહસ્યોને નહિ સમજનાર સમાજે એને દીવાનાશાળામાં ધકેલ્યો હતો, એ ગંભીર રહસ્યો હજુપણ બુધ્ધિગમ્ય થયાં નથી. એનો વિજિગીષા will-to- power શબ્દે જ દુનિયાના વિચારકવર્ગમાં

---

૫. "જૈનહિતેચ્છુ" : ૧૯૨૧ : પૃ. ૧૧૯–૧૨૦.

૬. એજન.

મોટી ગેરસમજ ફેલાવી હતી એ વાત નિત્શે પર ઉતાવળે અભિપ્રાય આપનાર ભાઇ "બસી" ને ચેતવણી આપતા વા. મો. શાહે જણાવ્યું છે કે—

" "પ્રભુ"ની "બસી" ખાતર, નિત્શે પર અભિપ્રાય બાંધવાની ઉતાવળ રખે કરતો. જિંદગીમાં બે ત્રણ દિવસ વા. મો. શાહને જોયો, પણ નિત્શેનાં લખાણોને ય નહિ જોયાં હોય. એકવાર એના "ગામ"માં નહિ તો "સીમ"માં તો અવશ્ય જવું જોઇએ. તે પછી જ એણે કેટલી લાંબી મજલ કાપી હતી તે જોઇ શકાય. વળી એના લેખો ભલભલા સાક્ષરોને ઠગે તેવા છે ! દરેક "યોગી"ની માફક તે બોલતો દેખાય છે એક ચીજ અને વાસ્તવમાં બોલતો હોય છે બીજી જ ચીજ ! એનો વિજિગીષા (will-to-power) શબ્દ જ બધી ગેરસમજ ઉપજાવનારો થઇ પડયો છે ! એ એક જ શબ્દ સમજવાની ખરી ગરજ હોય તેણે તેની કિંમત ભરવા તરીકે 'who will be the Master of the world?' નામનું આખું પુસ્તક વાંચી જવું જોઇએ. એ વાંચી રહયા પછી સમજાશે કે રાજયપ્રાપ્તિ કે કીર્તિપ્રાપ્તિ જેવી કોઇ ચીજ નિત્શેના "પાવર" (Power) શબ્દના પેટમાં છે જ નહિ ! ...... ભાઇ, નિત્શેને કોણ વાંચશે ? કોના ભોગ લાગ્યા છે ? ચિતાઓ રચવી અને એમાંથી પસાર થવું એ છે નિત્શેના વાચનની રીત. સાહિત્યશાસ્ત્રીથી એ નથી વાંચી શકાવાનો, નહિ મહાવીર પણ !"[9]

ઉપર્યુકત પત્રમાં તો વા. મો. શાહે નિત્શેને અંજલિ અર્પણ કરી હોય એમ લાગ્યા વિના રહેતું નથી. નિત્શેને સમજવાનું કાર્ય સરળ નથી. સ્વેચ્છાએ ચિતાઓ રચી એમાંથી પસાર થવા જેટલું એ કાર્ય કઠિન છે.

---

૯. "બસી" પરના પત્રમાંથી, : પ્રાગટ જૈનપ્રકાશ તા. ૮-૧-૧૯૨૮ પૃ. ૮૮ ; અને નવચેતન : ૧૯૫૮ મે : પૃ. ૧૬૮.

નિત્શે અને શોપનહોર સિવાય બીજા પણ એક તત્ત્વજ્ઞની વા.મો.શાહના જીવનમાં ઊંડી અસર પડી હતી, તે છે મેક્ષ-સ્ટર્નર. નિત્શે તેમજ શોપનહોરની ફિલસૂફીની વાડીલાલે કરેલી ચર્ચા જોતાં મેક્ષ-સ્ટર્નરની તાત્ત્વિક વિચારણાઓ વિશે ખાસ કંઇ લખાણો ઉપલબ્ધ નથી પરંતુ એમના માનસપટ પર એનાં લખાણોની ઘેરી અસર છે એમ પોતે કબૂલ કરે છે. મેક્ષ-સ્ટર્નરની વિચારધારાને સંક્ષેપમાં એક સ્થળે મૂર્ત સ્વરૂપ આપતાં એમણે કહ્યું છે કે –

"વેદાંત કે જૈનશાસ્ત્ર,આત્મા કે પરમાત્માની વ્યાખ્યા આપી શકતા નથી; તેઓ આત્મા તે જ પરમાત્મા અથવા ઈશ્વર છે એમ જણાવે છે, અને તેને અપ્રતિબધ્ધ (uncontrolled by any-body and by anything or theory) કહે છે અને તેને માટે ભલું કે બુરું વિશેષણ લગાડવાની ના કહે છે. તે જે છે તે છે – તે કાંઇક અવર્ણનીય છે. Unique છે. મેક્ષ-સ્ટર્નર – યુરોપનો તે અનોખો અને અપ્રતિબધ્ધ વિચારક – એ જ કહે છે. સ્ટર્નર એના નામ પ્રમાણે કડક શોધક છે: વીર છે : દુનિયાના સઘળા વાદ અને સિધ્ધાંત અને ભાવના માત્રને પગતળે ચગદીને આગળ ચાલ્યો જાય છે."[૮]

આમ વા.મો.શાહે તત્ત્વજ્ઞાનના અલગ અલગ વિચારોની રજૂઆત "નગ્નસત્ય" શીર્ષકવાળી લેખમાળાના કેટલાક મણકાઓમાં કરી છે.

---

૮. "જૈન હિતેચ્છુ" : ૧૯૨૦ : જૂન : પૃ. ૧૭૪
"મેક્ષ-સ્ટર્નરના તત્ત્વજ્ઞાનના અવલોકન બાદ એક જૈન આત્માને સ્ફુરેલા વિચારો"માંથી.

## પ્રકીર્ણ તાત્ત્વિક લેખો

કેટલાક અપ્રગટ લેખોમાં પણ વા.મો.શાહનું તત્ત્વજ્ઞાન સમાવિષ્ટ થયેલું નજરે પડે છે. "યોગેશ્વર [યોગીશ્વર] કૃષ્ણ" શીર્ષકવાળા એક દીર્ઘલેખમાં યોગ એટલે શું અને યોગીશ્વર કોને કહેવાય તે પૃથક્કરણાત્મક રીતે સમજાવ્યું છે. જુદા જુદા લેખોમાં વા.મો.શાહે યોગની પ્રક્રિયાના જુદા જુદા અર્થ સમજાવ્યા છે. સદરહુ લેખમાં તેઓ નોંધે છે કે –

" ઐશ્વર્યથી છૂટો પડેલો મનુષ્ય કે જે કીટવત્ બન્યો છે તેને પાછો ઐશ્વર્યથી જોડી આપનાર Science એનું નામ યોગ.
અને એ વિદ્યાથી તાલીમ પામેલો તે "યોગી"; અને યોગીઓમાં પણ શ્રેષ્ઠ તે યોગીશ્વર. એમાં અગાધશક્તિ હોય એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય..................................કૃષ્ણ જેને સ્પર્શે તેને હળની માફક ફાડી નાખે છે. તેના સ્થૂલ અને સૂક્ષ્મને [હૃદયને] પણ વીંધે છે, તે કૃષ્ણ. તમારી લાગણીઓ પર અને બુદ્ધિ પર પણ એટલો ત્રાસ તમે કરી શકો તો જ કૃષ્ણ યોગેશ્વરની ગાદી કે આસન જોઇ શકો."[1] આવા યોગેશ્વર કૃષ્ણ તે અર્જુનના જ મિત્ર બની શકે. અર્જુનનો તત્ત્વાર્થ સ્પષ્ટ કરતાં વાડીલાલે લખ્યું છે કે –
" અર્જુન એટલે શ્વેતરંગ, દિવસ જેવો પ્રકાશિત એટલે કે સાત્ત્વિક ગુણ જેનામાં હોય તે." એ પ્રકારના સાત્ત્વિક ગુણ ધારણ કરનારના હૃદયમાં જ કૃષ્ણને સ્થાન મળે અને એનો સારથિ બની એની ગતિનો માર્ગ સૂચવે. Will-to-power ની તાત્ત્વિક વિચારણાએ વા.મો.શાહનાં લખાણોમાં મહત્ત્વનો ભાગ રોકયો છે. પ્રસ્તુત લેખમાં એનો

---

૧. અપ્રગટ લેખમાંથી : "યોગેશ્વર કૃષ્ણ"

અર્થ વધુ સ્પષ્ટ કરતાં તેઓ નીચે પ્રમાણે કહે છે:-
" મનુષ્યમાં ૧૬૦૦૦ સુમારે નાડીઓ છે, એટલી જ વૃત્તિઓ છે. એ બધાની ક્રિયા મધ્યસ્થ Will-to-power ના ધક્કાથી થાય છે.

પણ યોગી, એ ક્રિયાનો દ્રષ્ટા માત્ર હોય છે, એમાં પોતે નાચતો નથી. પોતાપણું કાયમ રાખીને સ્થિર પહાડ માફક રહીને રાસ રમે છે."[૨] કૃષ્ણની ૧૬૦૦૦ પત્નીઓ હતી તેને માનવશરીરમાં આવેલી ૧૬૦૦૦ નાડીઓ ગણાવી, કૃષ્ણની ત્રણ પ્રિયતમાઓ- રાધા, સત્યભામા અને રુક્મિણીના અર્થ સમજાવતાં વા.મો.શાહ લખે છે કે -
" રાધા કોણ ? Lightening - વીજળી, કે જે Prosperity નો ઝબકારો છે.
સત્યભામા = Son of Truth જેમાં ભલું-બુરું અજવાળું - અંધારું નથી.
રુક્મિણી - Bright, radiant, gold, iron."[3]
આ ત્રણ ગોપીઓને પણ એમણે વૃત્તિઓ ગણાવી છે. કૃષ્ણને ઓળખવા માટે જેટલી વૃત્તિઓને મોકલવામાં આવે તે બધી એને ઢાંકનારી બની જાય પરંતુ એ સઘળી વૃત્તિઓને સુવાડી દેવામાં આવે તો જ કૃષ્ણનાં દર્શન થાય એમ તેઓ માને છે.

---

૨. એજન
3. એજન

યોગ અને બુધ્ધિ બંનેનાં કાર્યો અલગ અલગ છે. વાડીલાલના શબ્દોમાં જ એ ભેદ તપાસીએ -

" બુધ્ધિનું કામ છે analysis, યોગનું કામ છે synthesis; બંને શકિત હોય તો યોગીને બુધ્ધિગમ્ય બનાવી શકાય..........
આજના માણસમાં બુધ્ધિ પણ તીવ્ર અને પ્રકાશિત નથી : અને યોગ-પ્રકૃતિ તો મુદ્દલ નથી, કારણકે Divide and rule નો યુગ છે, માત્ર અંગ્રેજોમાં જ નહિ, પણ આપણા વેપારમાં; ધરમાં, સમાજમાં બધામાં એ ગુણ રાજ કરે છે. 'Unite and Rule' છે જ નહિ, એ જ યોગની ખોટ !" અને સાચા તત્ત્વજ્ઞાનીની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે -

| | |
|---|---|
| " યોગ શાસ્ત્ર - Yoga<br>સ્થૂલ દુનિયાનું શાસ્ત્ર - Science<br>માનસશાસ્ત્ર - Psychology | ત્રણેનો સમન્વય કરી<br>માણસ છોડને ઉછેરવાની<br>શ્રેષ્ઠ રીતે યોજે તે તત્ત્વજ્ઞાની" |

યોગ, સાયન્સ અને માનસશાસ્ત્ર - એ ત્રણેનો સુભગ સમન્વય કરી જાણે એને માનવીને સર્વોત્તમ રીતે પ્રગતિના પંથે ચઢાવવાનું કાર્ય બજાવે તે જ સાચો તત્ત્વજ્ઞાની કહેવાય. આ લેખમાં અર્જુન, દ્રૌપદી, કૌરવો વગેરેના પણ સૂક્ષ્મ અર્થો વાડીલાલે તારવી બતાવ્યા છે.

બીજા તાત્ત્વિક લેખનું શીર્ષક છે. " બધા પ્રશ્નોનો પ્રશ્ન ? એમાં એમણે બુધ્ધિને સજીવ કલ્પી છે. પાંચ યમ, બુધ્ધિ સમક્ષ આવી એને લડાઇનો પડકાર ફેંકે છે. બુધ્ધિ અહીં પોતાની યુકિતથી એક પછી એક યમને હરાવે છે અને છેવટે પોતે પણ મૂર્છિત થઇ શબવત્ જમીનપર પટકાઇ પડે છે. એ પાંચ યમનું સ્પષ્ટીકરણ આપતાં વાડીલાલ કહે છે કે-

૧. જીવ-ઈશ્વર - પ્રકૃતિનું સ્વરૂપ અને પરસ્પર સંબંધ.

૨. સૃષ્ટિ ઉત્પત્તિ ૩. પુનર્જન્મ અને કર્મનું તત્ત્વજ્ઞાન.

૪. ઈશ્વરીય જ્ઞાન ૫. મોક્ષ.

આ પાંચ પ્રશ્નોનો અહીં એક જ પ્રશ્ન બનાવવામાં આવ્યો કે "આખરી સત્ય શું ?" આ પ્રશ્નને બુદ્ધિથી વિચારવાનો હોઇ લેખકે બુદ્ધિને અનુકૂળ પડે એટલા ખાતર સાત વિભાગમાં વહેંચ્યો છે અને સાત પ્રશ્નો એક પછી એક જે સ્વાભાવિક ક્રમમાં ઉદ્ભવવા જોઇએ એ જ ક્રમમાં યોજાયા છે.

" પહેલો ચીકણ્યો " હું " ? પછી આવ્યો " जगत "? અને ત્રીજો ગાજ્યો 'कारण' ? પછી હું અને જગત વચ્ચેનો संबंध ? હું અને કારણ વચ્ચેનો संबंध ? જગત અને કારણ વચ્ચેનો संबंध ? આ ત્રણે સંબંધો પરસ્પર મસળી જઇ अ - संबंध એવા એક સ્વરૂપે ઊભા ત્યારે પહેલા છ સાથે વિજયવંત યુદ્ધ કરતી રહેલી બુદ્ધિ જમીનપર પટકાઇ પડી." માનવજીવનના મહત્ત્વના પ્રશ્નોની છણાવટ વાડીલાલે સજીવારોપણ અલંકાર વાપરી સુયોગ્યરીતે કરી બતાવી છે.

ત્રીજો લેખ સામાજિક પાસાને સ્પર્શતા તત્ત્વજ્ઞાનનો છે જેનું શીર્ષક છે "જીવન અને સમાજની મુખ્ય ચાવી - શત્રુ બે : વક્રતા અને જડતા. વિજેતા એક : તત્ત્વદૃષ્ટિ ." માનવ સમાજના બે મોટામાં મોટા દુશ્મન વક્રતા અને જડતા છે અને તે ફેલાવવામાં સમાજના સુજ્ઞ ગણાતા માણસો પરોક્ષરીતે કેટલો વિશિષ્ટ ભાગ ભજવે છે તે વાડીલાલે અહીં સ્પષ્ટપણે સૂચવ્યું છે. તેઓ કહે છે કે -

"શબ્દોએ, વ્યાખ્યાઓએ મનુષ્યજીવનને જે નુકસાનો કર્યાં છે તેટલા કોઇ લૂંટનારાઓએ, ખૂનીઓએ, ધૂર્તોએ કે પરદેશી સેનાઓએ પણ નહિ કર્યાં હોય.

તેમાંય નીતિ – ધર્મ – રાષ્ટ્રપ્રેમ આદિ ઉંચામાં ઉંચા શબ્દો અને વ્યાખ્યાઓ સૌથી વધુ નુકશાન કરનાર બન્યાં છે." એક કઠિયારાનું દૃષ્ટાંત આપી વાડીલાલે એમની ઉક્તિને સમર્થન આપ્યું છે.

દરરોજ એક એક પૈસો બચાવતો કઠિયારો એક વાણિયાની દુકાને જઇ ચોસઠ પૈસા આપીને બદલામાં કલદાર રૂપિયાની માગણી કરે છે ત્યારે વાણિયો એ પૈસા લઇ લે છે અને રૂપિયો આપવાની ના કહી એને લૂટારો અને ગળેપડુ કહી ધાંટાપાડી ધમકાવે છે. રસ્તેથી પસાર થતા ધર્માત્મા "બનવાકાળ હતું તે બન્યું; કરશે તે ભોગવશે : પણ ક્રોધ કરવો એ તો પાપ છે – અધર્મ છે માટે ચૂપચાપ ચાલ્યા જવું" એમ જણાવી સમાજનો મોટામાં મોટો ગુનો કરે છે. બદમાશ વાણિયાના વર્તનથી કઠિયારો હંમેશને માટે શંકાશીલ બને એ તદ્દન સ્વાભાવિક છે. આવાં કારણોને લીધે જ "મનુષ્યપ્રકૃતિ સીધાપણા ને સ્થાને વક્રતા" પામે છે. પેલો કહેવાતો ધર્માત્મા તે વાણિયા કરતાંય મોટો ઠગારો કહેવાય. વાણિયો સમાજને સીધી રીતે લૂંટે છે અને સાધુ છૂપી રીતે સમાજને લૂંટી રહયો છે. "સમાજનો મોટો ભાગ કઠિયારા જેવો અજ્ઞાન, અસાવધાન, સ્વરક્ષા કે આક્રમણશક્તિ વગરનો છે, તેથી જ પેલો ધૂર્ત પોતાનું કામ સુખેથી વર્ષો સુધી કર્યે જાય છે" આ રીતે જાણે અજાણે સમાજમાં વક્રતા, વક્રદૃષ્ટિ અને જડતા ફેલાવવામાં સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જવાબદાર બને છે. વાડીલાલે કઠિયારાની દૃષ્ટિમાં વ્યાપેલી વક્રતા દ્વારા સમાજમાં ઉદ્ભવતી

જડતા અને વક્રતાનાં મૂળ ક્યાં છે તે શોધી બતાવ્યું છે.

તત્ત્વજ્ઞાનની બાબતમાં વાડીલાલના વિચારો બહુ સ્પષ્ટ છે. તત્ત્વજ્ઞાન એ સર્વોપભોગ્ય ચીજ નથી એમ સમજાવતાં તેઓ કહે છે કે –

"Philosophy is not for everyone. It is a privilege for the leisured ones with strong reflecting powers: - just as certain idle looking actions are the privilege of kings and resourceful men. Are we leisured? Do we not live upon daily earnings? Is not our very limited stock of leisure further exploited by our marriages, friendships etc....? We can never philosophise. We also dream. Talk of Indian philosophers in these days of political slavery, physical bankruptcy and moral degradation? To make philosophising possible, a peculiar atmosphere and a peculiar mould are necessary." [૪]

સદરહુ પરિચ્છેદમાં leisure એટલે "ફુરસદ" એમ વાડીલાલે સમજાવ્યું છે. વ્યક્તિને જે પોતાનું જીવન ટકાવવાની જરૂરિયાતની ચીજો મેળવવાનાં કાર્યો કરવા ઉપરાંત સમય મળે તો જ એ કંઈક સર્જનાત્મક કાર્ય કરી શકે કે તત્ત્વજ્ઞાન સમજવાનો પ્રયત્ન કરી શકે. અહીં leisure – ફુરસદ શબ્દ "સમય"ના અર્થમાં વપરાયો છે પરંતુ એમણે જ એ શબ્દનો બીજો અર્થ પણ કર્યો છે તે નીચે પ્રમાણે છે –

"ફુરસદ એ શબ્દ સમયને ઉદ્દેશીને હું વાપરતો નથી, પણ મનની ફુરસદના અર્થમાં – મનને સર્વ પ્રવૃત્તિમાંથી ખેંચી લઈ એક જ ધ્યેય પર લગાડવાની સગવડતાના અર્થમાં વાપરું છું........ એ ફુરસદ કોઈ

---

૪. શ્રી ત્રિભુવન હેમાણી ઉપર વાડીલાલે લખેલા અંગત પત્રમાંથી પ્રગટ – "નવચેતન": ૧૯૫૮ સપ્ટેમ્બર: પૃ. ૫૧૯.

અક્રિય તત્ત્વ નથી પણ વધુમાં વધુ સક્રિય તત્ત્વ છે."[5] વાડીલાલે બંને અર્થમાં "ફુરસદ" શબ્દનો પ્રયોગ કર્યો છે. શારીરિક ફુરસદની સાથે માનસિક ફુરસદની અત્યંત આવશ્યકતા છે. બીજે એક સ્થળે તેઓ નોંધે છે કે –

" ફુરસદ (Leisure) , કે જે "રાજા", "જ્ઞાની", "વિચારક", "ધર્મગુરુ", "નેતા" એમની અનિવાર્ય આવશ્યકતા છે, એને તો શું છેક જ અશક્ય નથી બનાવવામાં આવી?..... જ્ઞાની અથવા જ્ઞાનીદશાને જે પરિસ્થિતિઓ અશક્ય બનાવતી હોય તે પરિસ્થિતિઓનો જડમૂળ નાશ ઇચ્છવો એ પરમ દયા છે, Voice of Highest Culture છે, ઊંચામાં ઊંચા "સમાજશાસ્ત્ર"નો ધ્વનિ છે, સઘળા ધર્મોને ધરી રાખનાર પરમ ધર્મનો છૂપો અવાજ છે."[6] જ્ઞાની, વિચારક, તત્ત્વવેત્તા કે નેતા એમને ફુરસદ મળે તો જ, કાર્યસિધ્ધિ કરી શકે, નહિ તો એમનું જ્ઞાન એળે જાય માટે જ બંને પ્રકારની ફુરસદ એમને માટે અનિવાર્ય છે. વળી બીજી તરફ વાડીલાલ એમ પણ કહે છે કે –

"આજની દુનિયામાં બધું "જોઇએ છે" – સિવાય કે "ફુરસદ! અને દુનિયાને મોટામાં મોટો કોઇ રોગ હોય તો તે છે – "ફુરસદનો અભાવ"! અને જો કોઇ રોગ એવો હોય કે જે મનુષ્યને ખટકતો ન હોય તો તે છે – "ફુરસદનો અભાવ"!

મનુષ્ય નથી "માગતા" પણ તે છતાં મનુષ્યને વધુમાં વધુ સાચી આવશ્યકતા કોઇ હોય તો છે : વધુ ને વધુ ફુરસદની!

એ તેને કોણ આપે? જાતે જ ઉત્પન્ન કરવી રહી! ....
ફુરસદ મેળવવી એ કઠિન કામ છે, પણ ફુરસદ જીરવવી એ તો "ભૈરવ

---

૫. "જૈનદીક્ષા": પ્રથમખંડ : પૃ. ૨૦.
૬. "સમાલોચક": ૧૯૨૭: મે: પૃ. ૩૪૦ "આ બધો પ્રતાપ વ્યાપારનો".

જણાવાવ છે."[7] વા.મો.શાહના ઉપર્યુક્ત અવતરણો વિરોધાભાસી જણાય છે છતાં એમાં તથ્ય છે. માનવને ફુરસદ ખરેખર મળતી નથી કે "ફુરસદ નથી" એવી ખોટી બૂમો પાડે છે તે શોધવું ખૂબ જરૂરી છે. :ફુરસદ જોઇએ"ની વારંવાર માગણી કરતા માનવને :ફુરસદ નથી મળતી" એમ કહેવાનો રોગ થયો હોય છે. વાસ્તવમાં મળતી ફુરસદનો યોગ્ય ઉપયોગ કરતાં તેને આવડતું નથી. ફુરસદ મળે તો જ વ્યક્તિ કંઇ નવું વિચારી શકે, શોધી શકે, સર્જન કરી શકે એ તદ્દન સત્ય વાત છે પરંતુ મળેલી ફુરસદનો દુરુપયોગ કરનારાઓનો પણ તોટો નથી. વા.મો.શાહના આ વિચારો શ્રી કિશોરલાલ મશરૂવાળાના વિચારો સાથે સામ્ય ધરાવતા લાગે છે. મશરૂવાળાએ કહ્યું છે કે –

"આટલો બધો વિકાસ ફુરસદને આભારી છે. એ ફુરસદ અત્યાર સુધી પૂંજીને જ વરેલી હતી. હવે એને યંત્રોદ્યોગો દ્વારા અને સમાજવાદી રચના દ્વારા સમાજવ્યાપક બનાવી શકાય એમ છે. પૂંજીવાદ સ્વાર્થી અને અલ્પવ્યાપી હોવાથી તે કાઢવા જેવો છે. પણ એનું નવનીત – ફુરસદ એ તો અવશ્ય વધારવા અને સંઘરવાની વસ્તુ છે, એવો ફુરસદનો મહિમા છે."[8]

ગોવર્ધનરામ "સાક્ષરજીવન" માટે જે "નિવૃત્તિધર્મ"ની હિમાયત કરે છે તે વાડીલાલના "ફુરસદ"ધર્મથી થઇ છે. એ જમાનામાં નિષ્કામ કર્મની ભાવનાનો પ્રભાવ કેવો પ્રબળ હતો તેનું અહીં સૂચન છે એમ કહીએ તો ખોટું નથી. મશરૂવાળાએ પણ ફુરસદનો મહિમા ગાયો છે.

વા.મો.શાહના ધાર્મિક તેમજ સામાજિક તત્ત્વજ્ઞાનને લગતા ગ્રંથો

---

૭. "જૈનપ્રકાશ": તા. ૮ જાન્યુઆરી ૧૯૨૮: પૃ. ૬૧.
૮. શ્રી કિશોરલાલ મશરૂવાળા : "સમૂળી ક્રાન્તિ": ૧૯૬૦: બીજી આવૃત્તિ: પૃ. ૮૫.

અને લેખો મૂલવ્યા બાદ અંતે રાજકીય તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા એમના "પોલિટિકલ ગીતા" શીર્ષકવાળા ગ્રંથનું મૂલ્યાંકન કરીને આ "તત્ત્વજ્ઞ વાડીલાલ" પ્રકરણનું સમાપન કરીશું.

<u>The Political Gita or</u>

<u>The Philosophy of Life</u> :

પ્રથમ વિશ્વયુધ્ધ પછી લખાયેલા આ પુસ્તકના પહેલા ભાગમાં વા.મો.શાહે યુધ્ધ બાદ વિજેતા પ્રજાનું વર્તન, પરાજિત પ્રજાનું વર્તન, યુધ્ધ થવાનાં કારણો વગેરેની ચર્ચા કરી છે. યુધ્ધ તો અનિવાર્ય અંગ છે. સબળ પક્ષ નબળા પક્ષને હરાવી તેને ગુલામ બનાવી રાજ્ય કરે એ તો પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે તેનો નિર્દેશ કરી આઝાદી મેળવવા માટેની જુદી જુદી રીતો દર્શાવી છે. દેશમાં જેટલા નેતા વધારે તેટલું પતન ઝડપી બને છે એમ કહી સમર્થ નેતાનાં લક્ષણો તારવી બતાવ્યાં છે. યુધ્ધ તો ઇચ્છનીય છે પરંતુ યુધ્ધ કરવા પાછળનાં કારણોની શુધ્ધિના વાડીલાલ આગ્રહી છે. સદરહુ ગ્રંથનો ~~સારાંશ~~ સારગર્ભ અહીં રજૂ કરવા ધાર્યું છે.

માનવજાતનો, એના અત્યારસુધીના અસ્તિત્વનો ઇતિહાસ એ સત્તા અને સર્વોપરિતા મેળવવા માટે જુદા જુદા દેશો વચ્ચેનો સતત સંઘર્ષનો ઇતિહાસ છે. તત્ત્વજ્ઞાન કે સભ્યતા કોઇપણ આ યુધ્ધ અને શોષણની પ્રક્રિયાને અટકાવી શક્યું નથી ઊલટું સભ્યતાના નામે જ યુધ્ધો લડવામાં આવે છે. સાચા અર્થમાં આ યુધ્ધો સભ્યતા માટેના પ્રેમને લીધે નહિ પણ સમૃધ્ધિ અને પ્રદેશ માટેના આંધળા લોભમાંથી જ ઉત્પન્ન થાય છે. એક ખોટા રાજકીય તત્ત્વજ્ઞાન અને માનવજાતને એકબીજા

સાથે બાંધી રાખતા તંતુની ઓછી સમજને વાડીલાલ યુધ્ધ માટે જવાબદાર ઠેરવે છે. તેઓ લખે છે કે -

"Mankind must therefore develop homogeneously. It is the fundamental law of organic life that its individual parts grow or decay simultaneously."[1]

આથી રાજકારણનો સાચો હેતુ માનવજાતિઓ અને જુદા જુદા દેશો વચ્ચે સંવાદિતા ઊભી કરવાનો જ હોઇ શકે. એમનામાં રહેલી સુષુપ્ત સહકારની ભાવનાને પ્રયત્નપૂર્વક બહાર લાવવાથી આ હેતુ સિધ્ધ થઇ શકે.

તેઓ સમજ્યા હતા કે પ્રથમ વિશ્વયુધ્ધે યુરોપની સામ્રાજ્યવાદી સત્તાઓને ક્ષીણ અને નિર્વીર્ય બનાવી દીધી હતી અને સાથે સાથે તેમના દ્વારા લાંબા સમયથી શોષિત પ્રજાઓમાં સ્વાતંત્ર્યની આકાંક્ષા પ્રબળ રીતે પેદા કરી હતી. પરંતુ વાડીલાલ માત્ર રાજકીય સ્વાતંત્ર્યના જ હિમાયતી નથી. તેઓ સમાજના એક વર્ગ દ્વારા બીજા વર્ગના થતા શોષણના પણ તેટલા જ વિરોધી છે. તેઓ લખે છે કે

"Side by side with these national movements, the proletariate of each country, more or less revolutionary, is preparing to strike at the modern capitalist system which exploits the working classes in the interests of the rich."[2]

વાડીલાલ એમ માનતા હતા કે સત્તાના લોભમાંથી પરિણમતા આ યુધ્ધો એક ભવ્ય વિશ્વસમાજનું સર્જન ઝડપી બનાવશે. આજે આપણે

---

૧. "પોલિટિકલ ગીતા", પૃ. ૩.
૨. એજન, પૃ. ૫-૬.

બે હજારની સાલમાં કયા પ્રકારનું રાજકીય અને આર્થિક માળખું જોઇએ તેની સક્રિય ચર્ચાઓ થતી સાંભળીએ છીએ. વાડીલાલ શોષણવિહીન અને સંપૂર્ણ – મુક્ત વિશ્વસમાજના પુરસ્કર્તા અને દ્રષ્ટા હતા.

આ ગ્રંથના બંને ભાગોમાં બ્રિટિશરાજ સામેના યુધ્ધમાં ગાંધીજીએ અપનાવેલા અહિંસક અસહકારના શસ્ત્રની ઉપયોગિતા અને અસરકારકતા વિશે વાડીલાલે લંબાણપૂર્વક ચર્ચા કરી છે. સમગ્રરીતે જોતાં એમ લાગે છે કે તેઓ ગાંધીજીના તત્ત્વજ્ઞાનના સમર્થક રહયા છે. તેઓ લખે છે કે–

"That India's war with the British Rule is of a unique nature, of a spiritual nature, of the most harmless nature that human mind can conceive, is a Fact and nothing but a fact, not-withstanding all the attempts of the 'interested' parties at attributing to it the darkest motives."[4]

આ શસ્ત્ર ગાંધીજીનું પોતાનું આગવું શસ્ત્ર છે. વા.મો.શાહે ગાંધીજીના ગુણોને બિરદાવતાં કહયું છે કે –

"As a matter of fact, it was the natural outcome of the spiritual life of Gandhi who appeared on the scene at the critical moment and could win the heart of the people at large by his iron will, dove's innocence and saintly self-mortification".[5]

અહિંસાના પાલન માટે સાધનશુધ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે. ગાંધીજી હાર કે જીત કરતાં એ સાધનશુધ્ધિના વધારે આગ્રહી હતા. ઈંગ્લેંડ કે જેને વાડીલાલ વારંવાર 'Nation of shop-keepers' કહે છે.

---

૪. એજન : ભાગ ૨ : પૃ.૧
૫. એજન : પૃ.૨

તેમાં આ પ્રકારની પ્રામાણિકતા ભાગ્યે જ શક્ય છે. ગાંધીજીના અહિંસાના તત્ત્વજ્ઞાન સાથે જ નહિ પરંતુ એમની આઝાદી મેળવવાના યુધ્ધની પધ્ધતિ સાથે પણ વા. મો. શાહ સંપૂર્ણ સંમત છે. પોતે લીધેલા એક પગલાની સફળતાની પ્રતીતિ થયા પછી જ ગાંધીજી બીજું પગલું ભરતા અને કોઈકવાર આમ કરવામાં પીછેહઠ પણ કરતા. વાડીલાલને ગાંધીજીમાં કદી કાયરપણું, નિર્માલ્યતા જણાયાં નથી પરંતુ એમની પીછેહઠમાં પણ એમના ચિંતન અને ભરેલા પગલા વચ્ચેની સંવાદિતા જ જણાઈ છે. આ વાત વાડીલાલે ખૂબ સરસરીતે વ્યક્ત કરતાં કહ્યું છે કે –

"Even this innocent weapon is used most cautiously.... He is not ashamed of withdrawing, postponing, retracting when he thinks it advisible, to do so; for he is no slave of 'prestige' as he is no slave of 'timidity'. He is neither slow nor hasty. He feels the inspiration of a saint and possesses the insight of a sound politician. He appears at times to commit a political blunder but that is due to his adhrence to his doctrines of absolute truth and non-injury which do not allow him to give politics ascendency over purity. I once attacked him down right for his doctrine of absolute truth. "Don't attack the ruffian," he wrote in a magazine, "who is about to commit rape on your daughter; simply stand in his way and stand bravely to the last."

I attacked him severely for teaching such a principle to an already enfeebled race. Upon second thought, however, I gave up my oppsotion. Psychology reminded me that the first step for such a race cannot possibly be anything but what he preached. Gandhi is the embodiment of the conscience of modern Indians. A nation cannot jump from the ditch to the seventh summit of a hill."[૬]

મૂડીવાદની શરૂઆત થતાં વિશ્વમાં ઔદ્યોગિકરીતે વિકસેલા દેશોએ, ગરીબ અણવિકસિત દેશોને પોતાનાં આર્થિક હિતો માટે સંસ્થાનો બનાવવા માંડયા. આમ થતાં ભારત જેવા અનેક દેશોએ પોતાની રાજકીય આઝાદી ખોઇ અને આર્થિક બરબાદીની ગર્તામાં પડયા. ગુલામદેશોએ આઝાદી મેળવવા માટે ઘણું લોહી રેડયું અને મોટા આત્મબલિદાનો આપ્યાં. હિંદુસ્તાન એના મહાન આધ્યાત્મિક નેતાની દોરવણી નીચે અહિંસક અસહકારના માર્ગે સ્વાતંત્ર્ય માટે લડતું હતું. કેટલાક પ્રખર બુધ્ધિજીવીઓને આ માર્ગે હિંદને આઝાદી મળવા વિશે ઊંડી શંકા હતી પરંતુ વાડીલાલ જેઓ પ્રખર બુધ્ધિજીવી હોવા છતાં બુધ્ધિથી પર જઇને ગાંધીજીના આ શસ્ત્રની કસોટી કરીને એવા તારણ પર આવ્યા હતા કે આ શસ્ત્રના ઉપયોગ સિવાય ભારત પાસે બીજા વિકલ્પો ન હતા.

આ પુસ્તકના અનુસંધાનમાં વા.મો.શાહે બીજો એક સંક્ષિપ્ત લેખ લખ્યો છે જેમાં અહિંસક અસહકારના વિચારની તાત્ત્વિક કક્ષાની ટીકા જોવા મળે છે ચોરીચૌરા નામના નાના ગામમાં પોલિસદમનથી

---

૬. અંજન : પૃ. ૨૨-૨૩.

બચવા માટે જનતાએ હિંસક પ્રતિકાર કર્યો, તેને અહિંસક અસહકારના પાયાના સિધ્ધાંત સાથે અસંગત ગણાવી ગાંધીજીએ સત્યાગ્રહને પાછો ખેંચી લીધો. પ્રજાનો નૈતિક જુસ્સો તે સમયે ઘણો ઊંચો હતો અને સ્વાતંત્ર્યની લડત પૂરજોશમાં ચાલતી હતી તે જ સમયે ગાંધીજીએ 'As a penance for the fault of a part' કહીને ઠંડુ પાણી રેડી દીધું. હિંદુસ્તાનના અનેક બુધ્ધિજીવીઓની જેમ વા.મો.શાહને પણ આ પ્રસંગથી ઘેરી નિરાશા ઉપજી. સરકારે પ્રજાના બળવાની વાત અને પોલિસ સ્ટેશનને આગ ચાંપવાની વાત મહદ્અંશે ઉપજાવી કાઢી હતી એમ તેઓ માનતા હતા. સરકારને માટે ખાસ કરીને એના અસ્તિત્વ માટે દમન અને ત્રાસ વર્તાવવાનું જરૂરી હતું. સરકારને ખબર હતી કે હિંસક પ્રતિકાર થવાથી ગાંધીજી તરત સત્યાગ્રહ પાછો ખેંચી લેશે જેથી સરકારને થોડો સમય પૂરતું પ્રજાનો જુસ્સો ખાળવાની તક મળશે. આ વિચારની સ્પષ્ટતા કરતાં વા.મો.શાહે નોંધ્યું છે કે -

"Now all this was indeed 'horrible', but certainly not wrong. Government had already studies Gandhi's nature of withdrawing whenever the least mischief took place even under greatest provocation which human nature never bears without opposition. When therefore Gandhi was at the highest pitch of glory, government arranged, and created and reported such 'scenes' - evidently to over throw the balance of Gandhi's mind."[૮] સરકાર આ પ્રકારની અસત્ય વાતને ચલાવવામાં ખોટી હતી એમ વાડીલાલ માનતા ન હતા કારણકે એ એની જરૂરિયાત હતી.

---

૮. અપ્રગટ લેખમાંથી : પૃ. ૨.

આવા એક બીજા અપ્રગટ લેખમાં વા.મો.શાહ ગાંધીજીની આ ભૂલને 'Natural error by being subconsciously inspired to do so' - તરીકે ગણાવે છે. ગાંધીજીના મોટાભાગના અનુયાયીઓ સત્યાગ્રહ પાછો ખેંચવાના એમના પગલાના વિરોધી હતા. એક શિક્ષિત સાધુ સ્વામી સત્યદેવ જે તે સમયે રાજકારણમાં ભાગ લેતા હતા તેમણે પણ ચોરીચૌરાના પ્રસંગ પછી ગાંધીજીની સખત ટીકા કરી હતી. ગાંધીજીની ટીકા કરનારાઓની ભૂલ થતી હતી એમ વા.મો.શાહ જણાવે છે. દરેક વ્યક્તિ બીજા કરતાં પોતાને વધુ શક્તિશાળી માને છે. કેટલાક Over-sight of strength ને લીધે ભૂલો કરે છે અને કેટલાક Want of strength ને લીધે ભૂલો કરે છે. સરકારની ભૂલો મહદ્અંશે પ્રથમ પ્રકારની છે અને સરકાર સામે લડતા બધા નેતાઓની ભૂલ સામાન્યરીતે બીજા પ્રકારની હોય છે એમ વા.મો.શાહનું મંતવ્ય છે. ગાંધીજીની ભૂલની ટીકા કરનારા નિરાશ થઈને હાથ જોડીને બેસી રહે છે પરંતુ સરકારના એ દમનના પ્રતિકારનો બીજો કોઈ વૈકલ્પિક કાર્યક્રમ આપી શકતા નથી. તે તેમની શક્તિહીનતાને જ આભારી છે.

ગાંધીજીએ, કોઈપણ પ્રકારના કાયરપણાથી પ્રેરાઈને, પોતાના જીવનની સલામતીની ભાવનાથી પ્રેરાઈને પોતાની પ્રતિષ્ઠા ઓછી થવાની બીકને કારણે, કે બીજી એવી કોઈપણ પ્રકારની દુન્યવી ગણતરીથી પ્રેરાઈને આ પગલું ભર્યું નહતું. તેઓ તો તેમના અહિંસાના મહાન સિધ્ધાંતના પાલનમાં જ લાગેલા હતા. આ કારણે તત્ત્વજ્ઞાની વાડીલાલને ગાંધીજીની આ ભૂલ Oversight of strength કે Weakness of strength માંથી ઊભી થયેલી લાગતી નથી. તેઓ લખે છે કે -

"A philosopher will judge of a man not by the results but by the degree (i.e. power) of steadfastness to his ideal, Goal, God of Ego. A leader does not deserve to be blamed for untoward results, however, country to expectation, for what appears as results to a group of men is certainly a part of the vast scheme of Cosmcs worked out by nature through several conflicting parties whom she inspires conflicting ideals as <u>their</u> ' Truth."[૧૦]

'Philosophy of War' શીર્ષકવાળાબીજા એક રાજકીય તત્ત્વજ્ઞાન સ્ફુટ કરતા લેખમાં વા. મો. શાહે "યુદ્ધ"ની તાત્ત્વિક વિચારણા આલેખી છે. યુદ્ધ કેમ થાય છે, યુદ્ધ થવાનાં કારણો, યુદ્ધ કોની કોની વચ્ચે થાય છે અને પરિણામો કેવાં આવે છે તેની વિસ્તૃત ચર્ચા સદરહુ લેખમાં કરી છે તેઓ લખે છે કે —

"Danger alone gives the strength to beat a powerful foe, and no danger is the greatest than that of Starvation. The ancient 'kshatriya' of India got the strength of 1000∅ soldiers when he was cut off from the world round him. The modern diplomat becomes 'compromising' under the same circumstances. Here lies the great difference between the ancient and modern. Here is the proof of the brain being of all modern states".[૧૧] પહેલાંના યુદ્ધો કરતાં આધુનિક યુદ્ધોની રીત અને સાધનો બદલાયાં છે લોકોનાં માનસ સંકુચિત

---

૧૦. એજન : પૃ. ૪

૧૧. The philosophy of war : p.5.

બન્યા છે. ક્ષત્રિયોને બદલે વૈશ્યો દુનિયા પર સામ્રાજ્ય સ્થાપી બેઠા છે તેથી યુદ્ધોમાં સાધનશુદ્ધિ રહી નથી. એ સઘળી વાતોનો નિર્દેશ કરી સદરહુ લેખમાં યુદ્ધનું રહસ્ય સ્ફુટ કર્યું છે.

વા.મો.શાહને તત્ત્વજ્ઞ તરીકે મૂલવતાં એમના આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક તેમજ રાજકીય તત્ત્વજ્ઞાનની સદરહુ પ્રકરણમાં આલોચના કરવામાં આવી છે. શ્રી ઝવેરચંદ મેઘાણીએ જેમને "ચિંતનગદ્યના ~~સ્વામી~~ જનક" કહી બિરદાવ્યા છે તે વા.મો.શાહના ચિંતનગદ્યને અહીં મૂર્ત રૂપ આપી અર્વાચીન ચિંતનાત્મક ગદ્યમાં તેમના વિશિષ્ટ પ્રદાનની સમીક્ષા દ્વારા મહાનિબંધની અહીં પૂર્ણાહુતિ કરી છે.